[1]અને મને શું છે કે તેની બંદગી ન કરૂં જેણે મને પેદા કર્યો અને તેની જ તરફ તમારે પાછું જવાનું છે[2] (૨૨) શું અલ્લાહ સિવાય બીજો ખુદા ઠેરવું ?[3] કે જો રહમાન મારૂં કંઇક અનિષ્ટ ઇચ્છે તો તેમની ભલામણ મારા કશા ખપ લાગે નહિ અને ન તેઓ મને બચાવી શકે (૨૩) બેશક ! ત્યારે તો હું ખુલ્લી ગુમરાહીમાં જ હોઉં[4] (૨૪) અવશ્ય હું તમારા રબ પર ઇમાન લાવ્યો તો મારૂં સાંભળો[5]' (૨૫) તેને કહેવામાં આવ્યું કે; 'જન્નતમાં દાખલ થઇ જા[6]' કહ્યું; 'કોઇ રીતે મારી કોમ જાણત (૨૬) મારા રબે મારી જે મગફિરત કરી તે અને મને ઇજ્જતવાળાઓમાં કર્યો તે[7]' (૨૭) અને અમે ત્યાર પછી તેની કોમ પર આકાશમાંથી કોઇ સૈન્ય ઉતાર્યું નહિ[8] અને ન તો અમારે ત્યાં કોઇ લશ્કર ઉતારવું હતું (૨૮) તે તો માત્ર એક જ હાક હતી કે તરત જ તેઓ હોલવાયને રહી ગયા[9] (૨૯) અને કહેવામાં આવ્યું; 'હાય અફસોસ ! એ બન્દાઓ પર[10], જ્યારે તેમની પાસે કોઇ રસૂલ આવે છે ત્યારે (તેઓ) તેમની હાંસી જ ઉડાડે છે (૩૦) શું એમણે જોયું નહિ[11] અને એમનાથી પહેલાં કેટલાં જન સમુહોનો નાશ કર્યો કે હવે તેઓ એમની તરફ પાછાં વળીને આવવાનાં નથી[12] (૩૧) અને જેટલાં પણ છે તે બધાં જ અમારી

وما لي ٢٣ — يس ٣٦

وَمَا لِيَ لَا أَعْبُدُ الَّذِي فَطَرَنِي وَإِلَيْهِ تُرْجَعُونَ ﴿٢٢﴾
أَأَتَّخِذُ مِن دُونِهِ آلِهَةً إِن يُرِدْنِ الرَّحْمَٰنُ
بِضُرٍّ لَّا تُغْنِ عَنِّي شَفَاعَتُهُمْ شَيْئًا وَلَا يُنقِذُونِ ﴿٢٣﴾
إِنِّي إِذًا لَّفِي ضَلَالٍ مُّبِينٍ ﴿٢٤﴾ إِنِّي آمَنتُ بِرَبِّكُمْ فَاسْمَعُونِ ﴿٢٥﴾
قِيلَ ادْخُلِ الْجَنَّةَ قَالَ يَا لَيْتَ قَوْمِي يَعْلَمُونَ ﴿٢٦﴾ بِمَا غَفَرَ
لِي رَبِّي وَجَعَلَنِي مِنَ الْمُكْرَمِينَ ﴿٢٧﴾ وَمَا أَنزَلْنَا عَلَىٰ قَوْمِهِ
مِن بَعْدِهِ مِن جُندٍ مِّنَ السَّمَاءِ وَمَا كُنَّا مُنزِلِينَ ﴿٢٨﴾
إِن كَانَتْ إِلَّا صَيْحَةً وَاحِدَةً فَإِذَا هُمْ خَامِدُونَ ﴿٢٩﴾ يَا حَسْرَةً
عَلَى الْعِبَادِ مَا يَأْتِيهِم مِّن رَّسُولٍ إِلَّا كَانُوا بِهِ
يَسْتَهْزِئُونَ ﴿٣٠﴾ أَلَمْ يَرَوْا كَمْ أَهْلَكْنَا قَبْلَهُم مِّنَ الْقُرُونِ
أَنَّهُمْ إِلَيْهِمْ لَا يَرْجِعُونَ ﴿٣١﴾ وَإِن كُلٌّ لَّمَّا جَمِيعٌ لَّدَيْنَا

૧. હબીબ નજ્જારની આ વાત (બાવીસમાં પારાની છેલ્લી આયતમાં વર્ણવાઇ છે તે) સાંભળીને કોમે પૂછ્યું; 'શું તુ પણ એમના ધર્મ પર છે ? અને તુ એમના મઅબૂદ પર ઇમાન લઇ આવ્યો ?' એના જવાબમાં હબીબ નજ્જારે કહ્યું.....

૨. અને અસ્તિત્વના પ્રારંભથી જેની આપણા પર નેઅમતો છે અને અંતે પણ તેના તરફ જ પલટવાનુ છે તો વાસ્તવિક મઅબૂદની ઇબાદત નહિ કરવાનો શું અર્થ ? અને તેના વિષે વાંધા કેવા ? દરેક માણસ પોતાના અસ્તિત્વ પર મનન કરીને તેની નેઅમતોના હક્ક અને તેના ઉપકારોને ઓળખી શકે છે.

૩. એટલે કે શું મૂર્તિઓને ખુદા બનાવું ?

૪. જ્યારે હબીબ નજ્જારે પોતાની કોમ સાથે આવી નસીહતવાળી વાત કરી ત્યારે તે લોકો તેમના પર એક સામટા તૂટી પડયા અને તેમને પથ્થરમારો શરૂ કર્યો અને પગો વડે કચડ્યા એટલે સુધી કે મારી નાખ્યા. તેમની કબર ઇન્તાકિયામાં છે. જ્યારે કોમે તેમના પર હુમ્લો કર્યો ત્યારે તેમણે હઝરત ઇસા અલ-યહિસ્સલામના પ્રતિનિધિઓને જલ્દી જલ્દી કહ્યું...

૫. અર્થાત મારા ઇમાનના સાક્ષી રહો. જ્યારે તેઓ મરાઇ ગયા ત્યારે સન્માન સહીત...

૬. જ્યારે તેઓ જન્નતમાં પ્રવેશ્યા અને ત્યાંની નેઅમતો જોઇ ત્યારે...

૭. હબીબ નજ્જારે એવી અભિલાષા દર્શાવી કે તેમની કોમ જાણે કે અલ્લાહ તઆલાએ હબીબની મગફિરત કરી દીધી છે અને સન્માન કર્યું છે જેથી કોમને પ્રતિનિધિઓના દીનનો શોખ જાગે. જ્યારે હબીબ મારી નાખવામાં આવ્યા ત્યારે તે કોમ પર અલ્લાહનો કોપ ઉતર્યો અને તેમની સજામાં વાર લગાડવામાં

**સમક્ષ હાજર કરવામાં આવશે[૧૩] (૩૨) અને એમના માટે એક ચિન્હ મૃત ધરતી છે[૧૪] અમે તેને જીવંત કરી[૧૫] અને પછી એનામાંથી અનાજ કાઢયું તો તેમાંથી ખાય છે (૩૩) અને અમે તેમાં[૧૬] બગીચાઓ બનાવ્યા ખજૂરો અને દ્રાક્ષના અને અમે તેમાં અમુક નહેરો વહાવી (૩૪) કે તેના ફળોમાંથી ખાય અને એ તેમના હાથનાં બનાવેલાં નથી[૧૭] (૩૫) તેને પવિત્રતા છે જેણે બધાં જોડાંઓ બનાવ્યાં[૧૮] તે વસ્તુઓમાંથી જેને ધરતી ઉગાડે છે[૧૯] અને તેમના પોતાના-માંથી[૨૦] અને તે વસ્તુઓમાંથી જેની તેમને જાણ નથી[૨૧] (૩૬) અને તેમના માટે એક ચિન્હ[૨૨] રાત છે, અમે તેના પરથી દિવસ ખેંચી લઇએ છીએ[૨૩] કે તરત જ તે અંધકારમાં છે (૩૭) અને સૂર્ય પોતાના એક સ્થાન માટે ચાલે છે[૨૪], આ હુકમ છે એક ઝબરદસ્ત ઇલ્મવાળાનો[૨૫] (૩૮) અને ચંદ્ર માટે અમે મંઝિલો નક્કી કરી છે[૨૬] એટલે સુધી કે પાછો (એવો) થઇ ગયો જાણે કે ખજૂરની જુની ડાળી[૨૭] (૩૯) સૂર્યને (હક્ક) પહોંચતો નથી કે ચંદ્રને પકડે[૨૮] અને ન રાત્રી દિવસ કરતાં આગળ નીકળી જાય[૨૯], અને દરેક એક વર્તુળમાં તરી રહ્યું છે (૪૦) અને તેમના માટે એક ચિન્હ એ છે કે અમે એમને એમના પૂર્વજોની પીઠમાં અમે ભરેલાં વહાણમાં બેસાડયા[૩૦] (૪૧) અને એમના માટે એવી જ**

يٰسٓ ٣٦ — ومالي ٢٣

مُحْضَرُونَ ﴿٣٢﴾ وَآيَةٌ لَّهُمُ الْأَرْضُ الْمَيْتَةُ أَحْيَيْنَاهَا وَأَخْرَجْنَا
مِنْهَا حَبًّا فَمِنْهُ يَأْكُلُونَ ﴿٣٣﴾ وَجَعَلْنَا فِيهَا جَنَّاتٍ مِّن نَّخِيلٍ
وَأَعْنَابٍ وَفَجَّرْنَا فِيهَا مِنَ الْعُيُونِ ﴿٣٤﴾ لِيَأْكُلُوا مِن ثَمَرِهِ وَمَا
عَمِلَتْهُ أَيْدِيهِمْ أَفَلَا يَشْكُرُونَ ﴿٣٥﴾ سُبْحَانَ الَّذِي خَلَقَ الْأَزْوَاجَ
كُلَّهَا مِمَّا تُنبِتُ الْأَرْضُ وَمِنْ أَنفُسِهِمْ وَمِمَّا لَا يَعْلَمُونَ ﴿٣٦﴾
وَآيَةٌ لَّهُمُ اللَّيْلُ نَسْلَخُ مِنْهُ النَّهَارَ فَإِذَا هُم مُّظْلِمُونَ ﴿٣٧﴾
وَالشَّمْسُ تَجْرِي لِمُسْتَقَرٍّ لَّهَا ذَٰلِكَ تَقْدِيرُ الْعَزِيزِ
الْعَلِيمِ ﴿٣٨﴾ وَالْقَمَرَ قَدَّرْنَاهُ مَنَازِلَ حَتَّىٰ عَادَ كَالْعُرْجُونِ
الْقَدِيمِ ﴿٣٩﴾ لَا الشَّمْسُ يَنبَغِي لَهَا أَن تُدْرِكَ الْقَمَرَ وَلَا
اللَّيْلُ سَابِقُ النَّهَارِ وَكُلٌّ فِي فَلَكٍ يَسْبَحُونَ ﴿٤٠﴾ وَآيَةٌ لَّهُمْ
أَنَّا حَمَلْنَا ذُرِّيَّتَهُمْ فِي الْفُلْكِ الْمَشْحُونِ ﴿٤١﴾ وَخَلَقْنَا لَهُم

આવી નહિ.હઝરત જિબ્રઇલ અલયહિસ્સલામને હુકમ થયો અને તેમની એક જ ગર્જનાથી તે બધા જ મરી ગયા જેમકે ફરમાવવામાં આવે છે.....

૮. તે કોમના વિનાશ માટે.

૯. નાબૂદ થઇ ગયા જેવી રીતે કે આગ હોલવાઇ જાય છે.

૧૦. એમના પર અને એમની જેવા બીજા તમામ પર જે રસૂલોને જૂઠાડીને નાશ પામ્યા.

૧૧. અર્થાત મક્કાવાસીઓએ જેઓ નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને જૂઠાડે છે.

૧૨. અર્થાત દુનિયા તરફ પરત થવાના નથી શું આ લોકો તેનાથી બોધ ગ્રહણ કરતા નથી ?

૧૩. અર્થાત બધી જ ઉમ્મતો કયામતના દિવસે હિસાબ માટે મહશરના મેદાનમાં હાજર કરવામાં આવશે.

૧૪. જે એ બાબત નિર્દેશ કરે છે કે અલ્લાહ તઆલા મુર્દાઓને જીવતાં કરશે.

૧૫. પાણી વરસાવીને.

૧૬. અર્થાત જમીનમાં.

૧૭. તો શું આભાર નહિ માને અને અલ્લાહ તઆલાની નેઅમતોનો શુકર નહિ કરે ?

૧૮. અર્થાત જાત જાતનાં.

૧૯. અનાજ ફળ વિગેરે.

૨૦. નર અને માદા ઔલાદ.


ومالي ٢٣ يس ٣٦
مِّن مِّثْلِهِ مَا يَرْكَبُونَ ﴿٤٢﴾ وَإِن نَّشَأْ نُغْرِقْهُمْ فَلَا صَرِيخَ لَهُمْ
وَلَا هُمْ يُنقَذُونَ ﴿٤٣﴾ إِلَّا رَحْمَةً مِّنَّا وَمَتَاعًا إِلَىٰ حِينٍ ﴿٤٤﴾ وَ
إِذَا قِيلَ لَهُمُ اتَّقُوا مَا بَيْنَ أَيْدِيكُمْ وَمَا خَلْفَكُمْ لَعَلَّكُمْ
تُرْحَمُونَ ﴿٤٥﴾ وَمَا تَأْتِيهِم مِّنْ آيَةٍ مِّنْ آيَاتِ رَبِّهِمْ إِلَّا كَانُوا
عَنْهَا مُعْرِضِينَ ﴿٤٦﴾ وَإِذَا قِيلَ لَهُمْ أَنفِقُوا مِمَّا رَزَقَكُمُ اللَّهُ
قَالَ الَّذِينَ كَفَرُوا لِلَّذِينَ آمَنُوا أَنُطْعِمُ مَن لَّوْ يَشَاءُ اللَّهُ
أَطْعَمَهُ إِنْ أَنتُمْ إِلَّا فِي ضَلَالٍ مُّبِينٍ ﴿٤٧﴾ وَيَقُولُونَ مَتَىٰ هَٰذَا
الْوَعْدُ إِن كُنتُمْ صَادِقِينَ ﴿٤٨﴾ مَا يَنظُرُونَ إِلَّا صَيْحَةً وَاحِدَةً
تَأْخُذُهُمْ وَهُمْ يَخِصِّمُونَ ﴿٤٩﴾ فَلَا يَسْتَطِيعُونَ تَوْصِيَةً وَلَا
إِلَىٰ أَهْلِهِمْ يَرْجِعُونَ ﴿٥٠﴾ وَنُفِخَ فِي الصُّورِ فَإِذَا هُم مِّنَ
الْأَجْدَاثِ إِلَىٰ رَبِّهِمْ يَنسِلُونَ ﴿٥١﴾ قَالُوا يَا وَيْلَنَا مَن بَعَثَنَا

**કશતીઓ બનાવી જેમાં બેસે છે (૪૨) અને અમે ઇચ્છીએ તો એમને ડૂબાડી દઇએ[૩૧] તો કોઇ ન તો એમની વહારે ધાનાર હોય ન તેઓ ઉગારી લેવામાં આવે (૪૩) પણ અમારા તરફની રહમત અને એક મર્યાદિત સમય સુધી વાપરી લેવા દેવું[૩૨] (૪૪) અને જ્યારે તેમને કહેવાય છે કે; તેનાથી ડરો જે તમારી સ્હામે[૩૩] અને તમારી પાછળ છે[૩૪] એ આશાએ કે તમારા પર કૃપા થાય, ત્યારે મોઢું ફેરવી લે છે (૪૫) અને જ્યારે કદી તેમના રબની નિશાનીઓમાંથી કોઇ નિશાની તેમની પાસે આવે છે ત્યારે તેનાથી મોઢું જ ફેરવી લે છે[૩૫] (૪૬) અને જ્યારે તેમને કહેવામાં આવે; અલ્લાહના આપેલામાંથી કંઇક તેના માર્ગમાં વાપરો; ત્યારે કાફિરો મુસલમાનોને કહે છે કે; 'શું અમે તેને ખવડાવીએ જેને જો અલ્લાહ ઇચ્છત તો ખવડાવી દેત[૩૬], તમે તો ખુલ્લી ગુમરાહીમાં છો' (૪૭) અને કહે છે કે; 'એ વાયદો[૩૭] ક્યારે આવશે જો તમે સાચા હોવ તો[૩૮] (૪૮) રાહ જોતા નથી પણ એક હાક[૩૯] ની કે જ્યારે દુનિયાના ઝગડાઓમાં ફસાયા હશે[૪૦] ત્યારે એમને પકડી લેશે (૪૯) તો નહિ તો વસિય્યત કરી શકશે નહિ તો પોતાના ઘેર પાછા જઇ શકે[૪૧] (૫૦) અને સૂર ફૂંકવામાં આવશે[૪૨] કે તરત જ તેઓ કબરોમાંથી[૪૩] પોતાના રબ તરફ દોડતા દોડતા જશે (૫૧)**

૨૧. પૃથ્વી અને સમુદ્રની અજબ અજબ સૃષ્ટિમાંથી જેની માનવીઓને ખબર પણ નથી.

૨૨. અમારી મહાન કુદરત પ્રત્યે નિર્દેશ કરનાર.

૨૩. અને તદ્દન અંધારૂ રહી જાય છે જેવી રીતે કે કોઇ કાળા ભુજંગ હબ્શીનો સફેદ લેબાસ ઉતારી લેવામાં આવે તો પછી તે કાળો જ કાળો દેખાય છે. આથી જણાયું કે આકાશ અને પૃથ્વીની વચમાંનું અવકાશ અસલમાં અંધકારમય છે સૂર્યનો પ્રકાશ તેના માટે એક સફેદ લેબાસની જેમ છે જ્યારે સૂર્ય અસ્ત થઇ જાય છે ત્યારે એ લેબાસ નીકળી જાય છે અને અવકાશ પોતાની અસલ હાલતમાં કાળું થઇ જાય છે.

૨૪. અર્થાત જ્યાં સુધી એના ભ્રમણની સીમા નક્કી કરવામાં આવી છે અને તે કયામતનો દિવસ છે. તે સમય સુધી એ ભ્રમણ કરતો જ રહેશે. અથવા એ અર્થ છે કે તે પોતાની મંઝિલો (રાશીઓ)માં ચાલે છે અને જ્યારે બધાંથી દૂરવાળા પશ્ચિમમાં લાધે છે ત્યારે પાછો ફરીને આવે છે કારણ કે એ જ એનું સ્થાન છે.

૨૫. અને આ એક ચિન્હ છે જે તેની સંપૂર્ણ કુદરત અને પાકા રહસ્ય પ્રતિ નિર્દેશ કરે છે.

૨૬. ચાંદની અઠ્ઠાવીસ મંઝિલો છે દરેક રાત્રે એક મંઝિલ (રાશી)માં હોય છે અને આખી મંઝિલ વટાવે છે ન વધારે ચાલે ન ઓછું. ઉદયની તારીખથી લઇને ૨૮ તારીખ સુધીમાં બધી મંઝિલો વટાવી લે છે જો મહીનો ૩૦ દિવસનો હોય તો બે રાત્રીઓ અને ૨૯ દિવસનો હોય તો એક રાત્રી છુપાય જાય છે અને જ્યારે પોતાની છેલ્લી મંઝિલમાં પહોંચે છે ત્યારે કમાનની જેવો વાંકો અને પીળો થઇ જાય છે.

૨૭. જે સુકાઇને વળેલી પાતળી અને પીળી થઇ ગઇ છે.

૨૮. અર્થાત રાત્રે જ્યારે કે તેનો રૂઆબ જાહેર થવાનો સમય છે ત્યારે તેની સાથે ભેગો થઇને તેના

પ્રકાશને મંદ પાડી દે કારણ કે સૂર્ય અને ચંદ્રમાંથી દરેક માટે પોતાની શાન શોકત જાહેર કરવાનો એક સમય નક્કી થએલો છે સૂર્ય માટે દિવસ અને ચંદ્ર માટે રાત.

૨૯. કે તે દિવસ પુરો થતાં પહેલાં જ આવી જાય એવું પણ નથી, બલ્કે રાત અને દિવસ બન્ને ચોક્કસ સમય મુજબ આવ-જા કરે છે એમાંથી કોઇ પણ પોતાના સમય કરતાં વહેલું આવતું નથી અને ચંદ્ર સૂર્ય બન્નેમાંથી કોઇ પણ એકબીજાની શોકતની હદમાં પ્રવેશતું નથી, ન તો સૂર્ય રાત્રે ઉગે ન ચંદ્ર દિવસે ચળકે.

૩૦. જે સરસામાનથી ભરેલું હતું, નિર્દેશ નૂહ અલયહિસ્સલામના વહાણ તરફ છે જેમાં એમના પૂર્વજો બેસાડવામાં આવ્યા હતા અને આ લોકો તેમજ એમનો વંશવેલો તેમની પીઠોમાં હતો.

૩૧. વહાણો હોવા છતાં

૩૨. જે તેમના જીવન માટે નક્કી થએલું છે.

૩૩. એટલે કે દુનિયાનો અઝાબ.

૩૪. એટલે કે આખેરતનો અઝાબ.

૩૫. અર્થાત એમની રૂઢી અને રીત એ મુજબની જ છે કે તેઓ દરેક આયત અને શિખામણથી મોઢું મચકોડીને છેટા નાસે છે.

૩૬. **શાને નુઝૂલ** :- આ આયત કુરેશના કાફિરો વિષે ઉતરી જેમને મુસલમાનોએ કહ્યું હતું કે; તમે તમારા ખ્યાલ મુજબ તમારી માલદોલતમાંથી જે ભાગ અલ્લાહ માટે કાઢયો છે તે ગરીબો અને નાદારો માટે વાપરો. ત્યારે તેમણે જવાબ આપ્યો હતો કે; શું અમે તેમને ખવડાવીએ જેમને જો અલ્લાહ ઇચ્છત તો ખવડાવી આપત. મતલબ એ હતો કે અલ્લાહને જ એ મંજુર છે કે ગરીબોને મોહતાજ રાખે એટલે તેમને ખાવા આપવું એ તેની મરજી વિરૂધ્ધનું કાર્ય ગણાશે. આ વાત તેમણે બખીલાઇ અને કંજૂસી ખાતર હાંસી ઉડાવતાં કહી હતી અને તદ્દન અસત્ય હતી કારણ કે દુનિયા પરિક્ષાની જગ્યા છે ગરીબી અને માલદારી બન્ને કસોટીઓ છે ગરીબની કસોટી સબર વડે અને માલદારની ચકાસણી અલ્લાહના માર્ગમાં ખર્ચ કરાવીને થાય છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ અન્હુમાએ બયાન કર્યું છે કે મક્કા મુકર્રમામાં અમુક ઝિન્દીક (નાસ્તિક) લોકો રહેતા હતા જ્યારે તેમને કહેવામાં આવતું કે મિસ્કીનોને સદકો આપો ત્યારે કહેતા કે; કદાપી નહિ, એ કેવી રીતે બની શકે કે જેને અલ્લાહ મોહતાજ રાખે તેને અમે ખવડાવીએ.

૩૭. કયામતનો અને હશ્રમાં ઉઠવાનો.

૩૮. પોતાના દાવામાં. તેમણે આવું નબી કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ અને આપના સહાબાને કહયું હતું. એના જવાબમાં અલ્લાહ તઆલા ફરમાવે છે.

૩૯. અર્થાત પહેલા સૂરની જે હઝરત ઇસરાફીલ અલયહિસ્સલામ ફૂંકશે.

૪૦. ખરીદ વેચાણ અને ખાવા પીવામાં તેમજ બજારો અને સભાઓમાં વિગેરે દુનિયાના બખેડા-ઓમાં કે અચાનક કયામત આવી લાગશે. હદીષ શરીફમાં છે કે નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે; ગ્રાહક અને વેપારી વચ્ચે કપડું ફેલાએલું હશે ન તો સોદો પુરો થવા પામશે ન કપડું લપેટાઇ શકાશે અને કયામત આવી ચઢશે. અર્થાત લોકો પોતપોતાનાં કાર્યોમાં ગુંથાએલા હશે અને તે કામો એવાં જ અધુરાં રહી જશે ન તો તેમને પોતે પુરાં કરી શકશે ન કોઇ બીજાને તે પાર પાડવા કહી શકશે અને જે ઘરોની બહાર ગયા હશે તેઓ પાછા આવવા નહિ પામે જેમ કે કહેવાય છે......

૪૧. ત્યાં જ મરી જશે અને કયામત (તેમને) ફુરસદ કે મહેતલ આપશે નહિ.

કહેશે; 'હાય અમારી ખરાબી ! કોણે અમને ઊંઘવામાંથી જગાડયા[૪૪] આ છે તે જેનો અલ્લાહે વાયદો આપ્યો હતો અને રસૂલોએ સાચું કહ્યું[૪૫] (૫૨) તે તો નહિ હોય પણ એક ગર્જના[૪૬] (કે) તરત જ તેઓ બધા જ અમારી સમક્ષ હાજર થઇ જશે[૪૭] (૫૩) તો આજે કોઇ જીવ પર કશો જુલમ નહિ થાય અને તમને બદલો નહિ મળે પણ તમારા પોતના કર્મોનો (૫૪) બેશક ! જન્નતવાળાઓ આજે દિલના આનંદમાં ચેન કરે છે[૪૮] (૫૫) તેઓ અને તેમની પત્નીઓ છાંયડાઓમાં છે તખતો પર તકિયા લગાડીને (૫૬) એમના માટે તેમાં મેવા છે અને એમના માટે તેમાં તે છે જે તેઓ માંગે (૫૭) તેમના પર સલામ હશે મહેરબાન રબની ફરમાવેલી[૪૯] (૫૮) અને આજે નોખા પડી જાવ અય મુજરિમો ![૫૦] (૫૯) અય આદમની ઔલાદ ! શું મેં તમારી પાસેથી વચન લીધું ન હતું[૫૧] કે શયતાનને પૂજશો નહિ ?[૫૨] બેશક ! તે તમારો ખુલ્લો દુશ્મન છે (૬૦) અને મારી બંદગી કરજો[૫૩] એ સીધો માર્ગ છે (૬૧) અને બેશક ! તેણે તમારામાંથી ઘણી મખ્લૂકને બેહકાવી દીધી તો શું તમને બુધ્ધિ નથી ?[૫૪] (૬૨) આ છે તે જહન્નમ જેનો તમને વાયદો (અપાયો) હતો (૬૩) આજે એમાં જાવ, તમારા કુફ્રનો બદલો (૬૪)

ومالي ٢٣ يٰس ٣٦

مِنْ مَّرْقَدِنَا هٰذَا مَا وَعَدَ الرَّحْمٰنُ وَصَدَقَ الْمُرْسَلُوْنَ ﴿٥٢﴾
اِنْ كَانَتْ اِلَّا صَيْحَةً وَّاحِدَةً فَاِذَا هُمْ جَمِيْعٌ لَّدَيْنَا مُحْضَرُوْنَ ﴿٥٣﴾
فَالْيَوْمَ لَا تُظْلَمُ نَفْسٌ شَيْـًٔا وَّلَا تُجْزَوْنَ اِلَّا مَا كُنْتُمْ
تَعْمَلُوْنَ ﴿٥٤﴾ اِنَّ اَصْحٰبَ الْجَنَّةِ الْيَوْمَ فِيْ شُغُلٍ فٰكِهُوْنَ ﴿٥٥﴾
هُمْ وَاَزْوَاجُهُمْ فِيْ ظِلٰلٍ عَلَى الْاَرَآئِكِ مُتَّكِـُٔوْنَ ﴿٥٦﴾ لَهُمْ فِيْهَا
فَاكِهَةٌ وَّلَهُمْ مَّا يَدَّعُوْنَ ﴿٥٧﴾ سَلٰمٌ قَوْلًا مِّنْ رَّبٍّ رَّحِيْمٍ ﴿٥٨﴾
وَامْتَازُوا الْيَوْمَ اَيُّهَا الْمُجْرِمُوْنَ ﴿٥٩﴾ اَلَمْ اَعْهَدْ اِلَيْكُمْ يٰبَنِيْٓ
اٰدَمَ اَنْ لَّا تَعْبُدُوا الشَّيْطٰنَ اِنَّهٗ لَكُمْ عَدُوٌّ مُّبِيْنٌ ﴿٦٠﴾ وَّ
اَنِ اعْبُدُوْنِيْ هٰذَا صِرَاطٌ مُّسْتَقِيْمٌ ﴿٦١﴾ وَلَقَدْ اَضَلَّ مِنْكُمْ
جِبِلًّا كَثِيْرًا اَفَلَمْ تَكُوْنُوْا تَعْقِلُوْنَ ﴿٦٢﴾ هٰذِهٖ جَهَنَّمُ الَّتِيْ
كُنْتُمْ تُوْعَدُوْنَ ﴿٦٣﴾ اِصْلَوْهَا الْيَوْمَ بِمَا كُنْتُمْ تَكْفُرُوْنَ ﴿٦٤﴾

૪૨. બીજી વાર એને નફખએ ષાનિયહ કહે છે જે મુર્દાઓને જીવાડવા માટે હશે અને એ બન્ને સૂરની વચમાં ચાલીસ વરસનું અંતર હશે.

૪૩. જીવતાં થઇને.

૪૪. આ વાક્ય કાફિરોનું હશે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે તેઓ આવું એટલા માટે કહેશે કે બન્ને સૂરોની વચમાંના ગાળામાં તેમના પરથી અઝાબ ઉઠાવી લેવામાં આવશે અને તેટલો સમય તેઓ ઊંઘી રહેશે અને બીજા સૂર પછી જ્યારે ઉઠાડવામાં આવશે અને કયામતની ભયાનકતા નિહાળશે ત્યારે ચીસો પાડી ઉઠશે. અને એવું પણ કહેવાયું છે કે; કાફિરો જ્યારે જહન્નમ અને તેના અઝાબને જોશે ત્યારે એના હિસાબે કબરનો અઝાબ તેમને હલકો જણાશે એટલે તેઓ અફસોસ કરશે અને ત્યારે કહેશે...

૪૫. પણ તે સમયનો સ્વીકાર તેમને કશો લાભ નહિ આપે.

૪૬. અર્થાત છેલ્લુ સૂર એક ભયાનક અવાજ હશે.

૪૭. હિસાબ માટે, પછી તેમને કહેવાશે.....

૪૮. તરેહવારની નેઅમતો અને જાત જાતની રાહતો અને અલ્લાહ તરફથી મેહમાની જન્નતની નહેરોના કિનારાઓના અને બહેશ્તી ઝાડોના છાંયડે મનોહર વાતાવરણ હર્ષોલ્લાસ ઉપજાવનાર ગીતો જન્નતની રૂપસુંદરીઓનો સહવાસ અને જાત જાતની નેઅમતોની લિજ્જત માણવી વિગેરે તેમનાં કામો હશે.

૪૯. અર્થાત અલ્લાહ તઆલા તેમના પર સલામ પાઠવશે સીધે સીધી રીતે અથવા ફરિશ્તાઓની

**આજે અમે તેમના મોઢાઓ પર મહોર મારી દઇશુ[૫૫] અને તેમના હાથ અમારી સાથે વાત કરશે અને તેમના પગ તેમના વિષે સાક્ષી આપશે[૫૬] (૬૫) અને જો અમે ઇચ્છત તો તેમની આંખો નાબૂદ કરી આપત[૫૭] પછી એક એક કરીને રસ્તા તરફ્ત જત તો તેમને કશું સુઝત નહિ[૫૮] (૬૬) અને જો અમે ઇચ્છત તો તેમના ઘરે બેઠાં તેમની મુખાકૃતિઓ બદલી નાખત[૫૯] (તો) ન આગળ વધી શકત ન પાછા ફરી શકત[૬૦] (૬૭) અને જેને અમે વયોવૃધ્ધ કરીએ તેને સર્જનમાં પરત કરીએ[૬૧] તો શું સમજતા નથી[૬૨] ? (૬૮) અને અમે એમને કાવ્ય રચતાં નથી શિખવ્યું[૬૩] અને એ (કાવ્ય રચના) એમને શોભે પણ નહિ. એ તો નથી પણ નસીહત અને સ્પષ્ટ કિતાબ[૬૪] (૬૯) કે તેને ડરાવે જે જીવંત હોય[૬૫] અને કાફિરો પર વાત પુરવાર થઇ જાય[૬૬] (૭૦) અને શું તેમણે જોયું નહિ કે અમે અમારા હાથનાં બનાવેલાં ચોપગાં તેમના માટે પેદા કર્યા તો તેઓ એમના માલિક છે (૭૧) અને એમને નરમ કરી દીધાં[૬૭] તો કોઇના ઉપર સવારી કરે છે અને કોઇને ખાય છે (૭૨) અને તેમના માટે એમાં કેટલીએ જાતના લાભો[૬૮] અને પીવાની વસ્તુઓ છે[૬૯] તો શું આભાર નહિ માને ?[૭૦] (૭૩) અને તેમણે અલ્લાહ સિવાય બીજા ખુદા ઠેરવી લીધા[૭૧] કે કદાચ તેમની મદદ થાય[૭૨] (૭૪)**

يٰس ٣٦ وما لي ٢٣

اَلْيَوْمَ نَخْتِمُ عَلٰٓى اَفْوَاهِهِمْ وَتُكَلِّمُنَآ اَيْدِيْهِمْ وَتَشْهَدُ
اَرْجُلُهُمْ بِمَا كَانُوْا يَكْسِبُوْنَ ﴿٦٥﴾ وَلَوْ نَشَآءُ لَطَمَسْنَا عَلٰٓى
اَعْيُنِهِمْ فَاسْتَبَقُوا الصِّرَاطَ فَاَنّٰى يُبْصِرُوْنَ ﴿٦٦﴾ وَلَوْ نَشَآءُ
لَمَسَخْنٰهُمْ عَلٰى مَكَانَتِهِمْ فَمَا اسْتَطَاعُوْا مُضِيًّا وَّلَا يَرْجِعُوْنَ ﴿٦٧﴾
وَمَنْ نُّعَمِّرْهُ نُنَكِّسْهُ فِى الْخَلْقِ اَفَلَا يَعْقِلُوْنَ ﴿٦٨﴾ وَمَا
عَلَّمْنٰهُ الشِّعْرَ وَمَا يَنْۢبَغِىْ لَهٗ اِنْ هُوَ اِلَّا ذِكْرٌ وَّقُرْاٰنٌ
مُّبِيْنٌ ﴿٦٩﴾ لِّيُنْذِرَ مَنْ كَانَ حَيًّا وَّيَحِقَّ الْقَوْلُ عَلَى الْكٰفِرِيْنَ ﴿٧٠﴾
اَوَلَمْ يَرَوْا اَنَّا خَلَقْنَا لَهُمْ مِّمَّا عَمِلَتْ اَيْدِيْنَآ اَنْعَامًا فَهُمْ
لَهَا مٰلِكُوْنَ ﴿٧١﴾ وَذَلَّلْنٰهَا لَهُمْ فَمِنْهَا رَكُوْبُهُمْ وَمِنْهَا
يَاْكُلُوْنَ ﴿٧٢﴾ وَلَهُمْ فِيْهَا مَنَافِعُ وَمَشَارِبُ اَفَلَا يَشْكُرُوْنَ ﴿٧٣﴾
وَاتَّخَذُوْا مِنْ دُوْنِ اللّٰهِ اٰلِهَةً لَّعَلَّهُمْ يُنْصَرُوْنَ ﴿٧٤﴾

મારફતે, અને એ બધાંથી પ્યારી અને મોટી મુરાદ છે. ફરિશ્તાઓ જન્નતી લોકો પાસે દરેક દરવાજેથી આવીને કહેશે કે; તમારા રહમતવાળા રબના સલામ.

૫૦. જ્યારે ઇમાનવાળાઓ જન્નત તરફ મોકલવામાં આવશે ત્યારે કાફિરોને કહેવામાં આવશે કે; નોખા પડી જાવ, મુઅમિનોથી અલગ થઇ જાવ. એક કથન એવું છે કે એ હુકમ કાફિરોને થશે કે જહન્નમમાં જુદા જુદા થઇને પોતાનાં સ્થાને જાવ.

૫૧. પોતાના પૈગમ્બરો મારફતે.

૫૨. તેનું કહ્યું માનશો નહિ.

૫૩. અને ઇબાદતમાં કોઇને મારો શરીક બનાવશો નહિ.

૫૪. કે જેથી તમે તેની અદાવત અને ગુમરાહગરીને સમજત. અને જ્યારે તેઓ જહન્નમની નજીક પહોંચશે ત્યારે તેમને કહેવામાં આવશે.

૫૫. કે જેથી તેઓ બોલી શકે નહિ અને આ મહોર એટલા માટે મારવામાં આવશે કે તેઓ કહેશે કે; અમે મુશરિક ન હતા ન તો અમે રસૂલોને જૂઠાડયા.

૫૬. એમના અવયવો બોલી ઉઠશે અને જે કંઇ કાર્યો તેમનાથી કરાએલાં હશે તે બધું કહી દેશે.

૫૭. કે નિશાની પણ બાકી રહેત નહિ એ રીતના આંધળા બનાવી દેત.

૫૮. પણ અમે એવું કર્યું નહિ અને પોતાની કૃપા અને મહેરબાનીથી તેઓની દ્રષ્ટિની નેઅમત તેમની પાસે રહેવા દીધી.

૫૯. અને તેમને વાંદરા અથવા ડુક્કર બનાવી આપત.

૬૦. અને તેમના ગુન્હાઓ એવું કરવા જેવા જ હતા પરંતુ અમે પોતાની મહેરબાની અને રહસ્યના તકાદા અનુસાર અઝાબમાં ઉતાવળ કરી નહિ અને તેમને મહેતલ આપી.

૬૧. કે તે બાળપણ જેવી અશક્તિ અને કમજોરી પ્રતિ પરત થાય છે અને ધીરે ધીરે તેની તાકાત અને કુવ્વત તેમજ શરીર અને બુધ્ધિ ઓછાં થવા માંડે છે.

૬૨. કે જે પરિસ્થિતિના પરિવર્તનની આટલી શક્તિ ધરાવતો હોય કે બાળપણની કમજોરી અને અશક્તિ તેમજ નાના શરીર અને નાદાની પછી યુવાનીની તાકાત અને શક્તિ કુવ્વતદાર શરીર અને બુધ્ધિમતા આપે છે અને પાછો વૃધ્ધાવસ્થામાં અને વયના અંતિમ દિવસોમાં તે શક્તિશાળી યુવાનને દુબળો પાતળો કરી આપે છે હવે ન તો તે શરીર બાકી રહે છે ન તે શક્તિઓ ઉઠવા બેસવામાં તકલીફ થાય છે બુધ્ધિ કામ કરતી નથી યાદ શક્તિ કમજોર બની જાય છે સગાં વહાલાંઓને ઓળખી શકતો નથી. તો જે પરવરદિગારે આવું પરિવર્તન કર્યું તે એ વાતની તાકાત પણ ધરાવે છે કે ચક્ષુઓ આપ્યા પછી તે પાછાં લઇ લે અને સ્વરૂપ આપ્યા પછી તેને કદરૂપું કરી આપે અને મૃત્યુ આપ્યા પછી જીવંત કરે.

૬૩. અર્થ એ છે કે અમે આપને કાવ્ય રચનાના નિષ્ણાત બનાવ્યા નથી અથવા એ કે કુરઆન એ કંઇ શાયરીની તાલીમ આપતું નથી અને અહીં ''શેઅર'' (કાવ્ય પંકિત)નો મતલબ ''કલામે કાઝિબ'' (અસત્ય વાત) છે ભલે પછી ગદ્યમાં હોય કે પદ્યમાં. આ આયતમાં નિર્દેશ છે કે હુઝૂર સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને અલ્લાહ તઆલા તરફથી આગલાઓ અને પાછલાઓની જાણકારી (ઉલૂમે અવ્વલીન વ આખરીન) શિખવાડી દેવામાં આવી છે જેનાથી વાસ્તવિક્તા ખુલ્લી રીતે દેખાઇ આવે છે અને આપનું ઇલ્મ વાસ્તવિક અને વસ્તુને તેની અસલિયત સહીત જાણી લેનાર (નફસુલ અમરી) છે શાયરીનાં ગપાટાં નથી જે અસલમાં જહાલત છે તે આપની શાનને લાયક નથી અને આપનો પવિત્ર પાલવ તેનાથી પર છે. આમાં શેઅર (શાયરી)ને પદ્યની રીતે પીછાણવું તેમજ એનાં સારાંનરસાં પાસાંઓને ઓળખવાં વિગેરે (શાયરીને લગતી બાબતોની જાણકારી) નો ઇન્કાર કરાયો નથી. નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના ઇલ્મ બાબત બદગોઇ કરનારાઓ માટે આ આયત કોઇ રીતે આધાર બની શક્તી નથી, અલ્લાહ તાઆલાએ હુઝૂરને બ્રહમાંડની જાણકારી આપી છે એના ઇન્કારમાં આ આયત રજુ કરવી એ તદ્દન ખોટું છે.

**શાને નુઝૂલ** :- કુરેશી કાફિરોએ કહ્યું હતું કે; મોહંમદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) શાયર છે અને તેઓ કુરઆન શરીફના નામે જે કંઇ બોલે છે તે શાયરી છે. એવું કહેવામાં તેમનો હેતુ એ હતો કે (મુઆઝલ્લાહ) આ જૂઠું કલામ છે. જેમકે કુરઆને કરીમમાં તેમની વાત નકલ કરવામાં આવી છે કે; ''બલિફ તરાહુ બલ હુવ શાઇર''. એનો જ આ આયતમાં રદિયો અપાયો છે કે અમે અમારા હબીબને એવા અસત્ય કલામની શક્તિ જ આપી નથી અને આ કિતાબ અશઆર એટલે કે જૂઠી વાતોનો સમાવેશ કરતી નથી. કુરેશના કાફિરો ભાષાની બાબતમાં એવા અણસમજ અને કાવ્ય રચનાથી એટલા અજાણ ન હતા કે ગદ્ય ને પદ્ય કહી આપે અને પાક કલામને કાવ્ય પંક્તિઓ કહી દે, અને કલામે પાક એટલી બધી હદે કાવ્ય પંક્તિઓની જેમ શાયરીના ઘાટને બંધબેસ્તું પણ નથી કે એ બાબત એતેરાઝ કરી શકાય. એનાથી સાબિત થયું કે તે બેદીન લોકોનો હેતુ એની પાછળ (કુરઆનને) અસત્ય કલામ કહેવાનો જ હતો (મદારિક, જુમલ, રૂહુલ બયાન)

અને શૈખ અકબર કુદ્દેસ સિર્રહૂએ આ આયતની તફસીરમાં ફરમાવ્યું છે કે; 'એનો અર્થ એ છે કે અમે અમારા નબી સાથે આંટી ઘુંટીમાં અને ટૂંકાણમાં સંબોધન કર્યું નથી જેમાં હેતું છુપાઇ રહેવાની શક્યતા

لا يستطيعون نصرهم وهم لهم جند محضرون ﴿٧٥﴾
فلا يحزنك قولهم إنا نعلم ما يسرون وما يعلنون ﴿٧٦﴾
أولم ير الإنسان أنا خلقناه من نطفة فإذا هو خصيم
مبين ﴿٧٧﴾ وضرب لنا مثلا ونسي خلقه قال من
يحي العظام وهي رميم ﴿٧٨﴾ قل يحييها الذي أنشأها
أول مرة وهو بكل خلق عليم ﴿٧٩﴾ الذي جعل لكم
من الشجر الأخضر نارا فإذا أنتم منه توقدون ﴿٨٠﴾
أوليس الذي خلق السموات والأرض بقادر على
أن يخلق مثلهم بلى وهو الخلاق العليم ﴿٨١﴾ إنما أمره
إذا أراد شيئا أن يقول له كن فيكون ﴿٨٢﴾ فسبحن الذي
بيده ملكوت كل شيء وإليه ترجعون ﴿٨٣﴾

**તેઓ એમની મદદ કરી શકતા નથી[૭૩] અને તેઓ તેમનાં લશ્કરો બધાં જ પકડાઇને હાજર કરાશે[૭૪] (૭૫) તો તમે એમની વાતની ચિંતા કરો નહિ[૭૫]. બેશક ! અમે જાણીએ છીએ જે તેઓ સંતાડે છે અને (જે) જાહેર કર છે (તે)[૭૬] (૭૬) અને શું માનવીએ જોયું નહિ કે અમે તેને પાણીના ટીપાથી બનાવ્યો ? ત્યારે જ તે ખુલ્લો ઝગડાખોર છે[૭૭] (૭૭) અને અમારા માટે દાખલો આપે છે[૭૮] અને પોતાનો જન્મ ભૂલી ગયો[૭૯]. બોલ્યો; 'એવું કોણ છે કે હાડકાંઓને તેમના કોહી ગયા પછી જીવતાં કરે ?' (૭૮) તમે ફરમાવો; 'એમને તે જીવતાં કરશે જેણે પ્રથમ એમને બનાવ્યાં હતાં અને તેને દરેક સર્જનની જાણકારી છે[૮૦] (૭૯) જેણે તમારા માટે લીલા ઝાડમાંથી આગ જન્માવી ત્યારે જ તમે તેનાથી સળગાવો છો[૮૧] (૮૦) અને શું જેણે આકાશો અને પૃથ્વી બનાવ્યાં તે એમની જેવાં બીજાં બનાવી નથી શકતો[૮૨] ? કેમ નહિ ![૮૩] અને તે જ છે મહાન સર્જક સર્વ કંઇ જાણતો (૮૧) તેનું કામ તો એજ છે કે જ્યારે કોઇ વસ્તુને ઇચ્છે[૮૪] તો તેને કહે; 'થઇ જા' તે તરત જ થઇ જાય છે[૮૫] (૮૨) તો તેને પવિત્રતા છે જેના હાથમાં દરેક વસ્તુનો કબ્જો છે અને તેની તરફ જ પલ્ટાવવામાં આવશો'[૮૬] (૮૩)**

હોય. બલ્કે સ્પષ્ટ અને ચોખ્ખી રીતે વાત કરી છે જેનાથી બધાય પરદાઓ હટી જાય અને જાણકારીઓ જાહેર થઇ જાય. શાયરીમાં જૂઠ દ્વિઅર્થ ટૂંકાણ વિગેરે બાબતો હોય છે એટલા માટે શાયરી (જાણવાનો) નકાર કરીને આ અર્થને બયાન કરી આપ્યો.

૬૪. સ્પષ્ટ ચોખ્ખું સત્ય અને હિદાયત. ક્યાં એ પવિત્ર આકાશી કિતાબ, સમગ્ર વિદ્યાઓનો સમાવેશ કરી લેનાર અને ક્યાં શાયરી જેવું જૂઠું કલામ ? (અલ કિબરિય્યતુલ અહમર).

૬૫. જીવંત હૃદય ધરાવતો હોય અને કલામ તેમજ સંબોધનને સમજતો હોય. આ શાન મુઅમિનની છે.

૬૬. અર્થાત અઝાબની દલીલ કાયમ થઇ જાય.

૬૭. અર્થાત તાબે કરી આપ્યાં.

૬૮. કે તેમનાં ચામડાંઓ વાળ અને ઊન વિગેરે ઉપયોગમાં લાવે છે.

૬૯. દૂધ અને દૂધમાંથી બનનાર વસ્તુઓ દહીં લસ્સી વિગેરે.

૭૦. અલ્લાહ તઆલાની આ નેઅમતોનો.

૭૧. અર્થાત મૂર્તિઓને પૂજવા લાગ્યા.

૭૨. અને મુસીબતના ટાણે કામ લાગે અને અઝાબથી બચાવે. પણ એવું શક્ય નથી.

૭૩. કારણ કે નિર્જીવ શક્તિવિહોણા અને બેસમજ છે.

૭૪. અર્થાત કાફિરો સાથે તેમની મૂર્તિઓ પણ પકડીને લાવવામાં આવશે અને બધા જ જહન્નમમાં

દાખલ થશે મૂર્તિઓ પણ અને તેમને પૂજનારાઓ પણ.

૭૫. આ સંબોધન સરકારે દો આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કરવામાં આવ્યું છે અલ્લાહ તઆલા પોતાના હબીબને આશ્વાસન આપે છે કે કાફિરોના જૂઠાડવા અને ઇન્કાર કરવાની તેમજ એમની ઇજાઓની આપ ચિંતા કરો નહિ.

૭૬. અમે તેમને તેમના કરતુતોની સજા આપીશું.

૭૭. **શાને નુઝૂલ** :- આ આયત આસ બિન વાઇલ અથવા અબૂજહલ અથવા મશહૂર કથન અનુસાર ઉબૈ બિન ખલફ બાબતે ઉતરી જે મરી ગયા પછી હશ્રમાં ઉઠવાનો ઇન્કાર કરતો હતો, અને એ બાબતે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે બહષ અને તકરાર કરવા આવ્યો હતો, તેના હાથમાં એક સડેલું હાડકું હતું તેને ભાંગતો જતો હતો અને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહેતો જતો હતો કે; શું તમારો ખ્યાલ એવો છે કે આ હાડકાને કોહી ગયા પછી અને એનો ભૂકો થઇ ગયા પછી પણ અલ્લાહ તઆલા એને જીવતું કરશે ? હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; હા ! અને તને પણ મરી ગયા પછી જીવંત કરશે અને જહન્નમમાં દાખલ કરશે. ત્યારે આ આયતે કરીમા ઉતરી અને તેની જહાલતને ખુલ્લી પાડવામાં આવી કે કોહી ગએલા હાડકાનું જીવીત થવું પોતાની નાદાનીથી અશક્ય સમજે છે, કેટલો મૂર્ખ છે કે પોતાને જોતો નથી જે પ્રથમ એક ગંદુ ટીપું હતો, કોહી ગએલા હાડકાથી પણ બદતર, અલ્લાહ તઆલાની મહાન કુદરતે તેમાં પ્રાણ જન્માવ્યો, માનવી બનાવ્યો, તો એવો ઘમંડી અને ગર્વી માણસ બન્યો કે અલ્લાહ તઆલાની કુદરતનો જ ઇન્કાર કરીને ઝગડો કરવા આવી પહોંચ્યો, એટલુ સમજતો નથી કે જે શક્તિશાળી પાણીના ટીપાને તાકાતવાન અને શક્તિશાળી માણસ બનાવી દે છે તેની કુદરત માટે સડેલા હાડકાને ફરી જીંદગી આપવી શું મુશ્કેલ છે ? અને એને અશક્ય સમજવું કેટલી ખુલ્લી જહાલત છે ?

૭૮. અર્થાત સડેલું હાડકું હાથમાં લઇને દાખલો આપે છે કે આ તો ભૂકો થઇ ગયું કેવી રીતે જીવતું થશે ?

૭૯. કે મનીના ટીપામાંથી બનાવવામાં આવ્યો છે.

૮૦. પ્રથમની પણ અને મૃત્યુ પછીનાની પણ.

૮૧. અરબમાં બે પ્રકારનાં ઝાડો થાય છે જે ત્યાંના જંગલોમાં મોટી સંખ્યામાં મળી આવે છે એકનું નામ મર્ખ છે બીજાનું ઇફાર, તેમની વિશેષતા એ છે કે જ્યારે તેમની લીલી ડાળીઓ કાપીને એક બીજા સાથે ઘસવામાં આવે ત્યારે તેમાંથી આગ નીકળે છે અને તે ડાળીઓ એટલી બધી લીલી હોય છે કે તેમાંથી પાણી ટપકતું હોય છે. એમાં કુદરતની કેવી આશ્ચર્યજનક નિશાની છે કે આગ અને પાણી જે એકબીજાનું વિરોધી તે એકી સાથે એક જ ડાળીમાં મૌજુદ છે ન તો પાણી આગને હોલવે ન તો આગ લાકડાને સળગાવે. જે સર્વશક્તિમાનની આવી હિકમત હોય તે જો એક શરીર પર મૃત્યુ પછી જીવન અસ્વાર કરે તો તેની કુદરત સામે શું નવાઇ છે અને એને અશક્ય કહેવું એ કુદરતનાં ચિન્હો જોઇ લીધા પછી તેનાથી જહાલતના કારણે અથવા જાણી જોઇને અદાવતની રાહે ઇન્કાર કરવા જેવું છે.

૮૨. અથવા એમને જ વિનાશ પછી ફરી બનાવી નથી શક્તો ?

૮૩. બેશક ! તે એવું કરવા શક્તિમાન છે.

૮૪. કે બનાવે...

૮૫. અર્થાત સૃષ્ટિનું અસ્તિત્વ તેના હુકમને તાબે છે.

سُورَةُ الصّٰفّٰتِ مَكِّيَّةٌ وَهِيَ مِائَةٌ وَّاثْنَتَانِ وَّثَمَانُوْنَ اٰيَةً وَّخَمْسُ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ

وَالصّٰٓفّٰتِ صَفًّا ﴿١﴾ فَالزّٰجِرٰتِ زَجْرًا ﴿٢﴾ فَالتّٰلِيٰتِ
ذِكْرًا ﴿٣﴾ اِنَّ اِلٰهَكُمْ لَوَاحِدٌ ﴿٤﴾ رَبُّ السَّمٰوٰتِ وَالْاَرْضِ
وَمَا بَيْنَهُمَا وَرَبُّ الْمَشَارِقِ ﴿٥﴾ اِنَّا زَيَّنَّا السَّمَآءَ الدُّنْيَا
بِزِيْنَةِ ۨالْكَوَاكِبِ ﴿٦﴾ وَحِفْظًا مِّنْ كُلِّ شَيْطٰنٍ مَّارِدٍ ﴿٧﴾
لَا يَسَّمَّعُوْنَ اِلَى الْمَلَاِ الْاَعْلٰى وَيُقْذَفُوْنَ مِنْ كُلِّ
جَانِبٍ ﴿٨﴾ دُحُوْرًا وَّلَهُمْ عَذَابٌ وَّاصِبٌ ﴿٩﴾ اِلَّا مَنْ
خَطِفَ الْخَطْفَةَ فَاَتْبَعَهٗ شِهَابٌ ثَاقِبٌ ﴿١٠﴾ فَاسْتَفْتِهِمْ
اَهُمْ اَشَدُّ خَلْقًا اَمْ مَّنْ خَلَقْنَا اِنَّا خَلَقْنٰهُمْ مِّنْ طِيْنٍ
لَّازِبٍ ﴿١١﴾ بَلْ عَجِبْتَ وَيَسْخَرُوْنَ ﴿١٢﴾ وَاِذَا ذُكِّرُوْا لَا

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૮૭]**

**કસમ તેમની કે (જેઓ) કાયદેસર સફ બાંધે[૮૮] (૧) પછી તેમની કે (જેઓ) ધમકી આપીને ચલાવે[૮૯] (૨) પછી તે જુથોની કે (જેઓ) કુરઆન પઢે (૩) બેશક ! તમારો મઅબૂદ અવશ્ય એક છે (૪) આકાશો અને પૃથ્વી અને જે કંઇ એમની વચમાં છે (તે બધાનો) માલિક અને માલિક પૂર્વોનો[૯૦] (૫) બેશક ! અમે નીચેના આકાશને[૯૧] તારાઓના શણગારથી શણગાર્યું (૬) અને દરેક માથા ભારે શયતાનથી[૯૨] સાચવવા (૭) નથી કાન લગાડી શકતા[૯૩] ઉપરની દુનિયા તરફ અને તેમના પર દરેક બાજુથી માર ફેંક થાય છે[૯૪] (૮) તેમને ભગાડવા માટે, અને તેમના માટે[૯૫] હમેશાંનો અઝાબ (છે) (૯) પરંતુ જે એકાદ વખત ઝૂંટવી લઇને ભાગ્યો[૯૬] તો સળગતો અંગારો તેની પાછળ લાગ્યો[૯૭] (૧૦) તો એમને પૂછો[૯૮] ; શું એમનું સર્જન વધારે મજબૂત છે અથવા અમારી અન્ય મખ્લૂક આકાશો અને ફરિશ્તાઓ વિગેરે ?[૯૯] બેશક ! અમે તેમને ચળકતી માટીથી બનાવ્યા[૧૦૦] (૧૧) બલ્કે તમને આશ્ચર્ય થયું[૧૦૧] અને તેઓ હાંસી ઉડાડે છે[૧૦૨]**

૮૬. આખેરતમાં.

૮૭. સૂરએ સાફફાત મક્કીય્યહ છે એમાં પાંચ રૂકૂઅ ૧૮૨ આયતો ૮૬૦ શબ્દો તેમજ ૩૮૨૬ અક્ષરો છે.

૮૮. આ આયતમાં અલ્લાહ તઆલાએ કસમ યાદ ફરમાવી છે અમુક સમૂહોની. યા તો એનો નિર્દેશ ફરિશ્તાઓ તરફ છે જેઓ નમાઝીઓની જેમ સફો બાંધીને અલ્લાહના હુક્મની રાહ જોતા હોય છે અથવા ઉલમાએ દીન પ્રતિ નિર્દેશ છે જેઓ તહજ્જુદ અને તમામ નમાઝોમાં સફો બાંધીને ઇબાદતમાં મગ્ન રહે છે અથવા નિર્દેશ ગાઝીઓના સમુદાય પ્રતિ છે જેઓ સફો બાંધીને સત્યના શત્રુઓના મુકાબલામાં આવે છે. (મદારિક)

૮૯. પહેલાં અર્થ અનુસાર ધમકાવીને ચલાવનારાઓનો અર્થ ફરિશ્તાઓ છે જેઓ વાદળાંઓ પર નિયુક્ત થએલા છે અને તેમને હુકમ આપીને ચલાવે છે. અને બીજા અર્થ અનુસાર તે આલિમો જે લોકોને ધમકી (અઝાબની) આપીને દીનના માર્ગે ચલાવે છે. અને ત્રીજા અનુસાર તે ગાઝીઓ જેઓ ઘોડાઓને ધમકાવીને જિહાદમાં દોડાવે છે.

૯૦. અર્થાત આકાશ અને પૃથ્વી તેમજ એમની વચમાંની સૃષ્ટિ અને બધી જ દિશાઓ અને સીમાઓ પ્રત્યેકનો માલિક તે જ છે તો કોઇ બીજું કેમ કરીને ઇબાદત લાયક બની શકે છે ? માટે તે શરીકથી પર છે.

૯૧. જે બીજા આકાશો કરતાં પૃથ્વીથી વધારે નજીક છે.

૯૨. અર્થાત અમે આકાશને દરેક નાફરમાન શયતાનથી જાળવ્યું છે. જ્યારે શયતાનો આકાશ પર

**(૧૨) અને સમજાવવાથી સમજતા નથી (૧૩) અને જ્યારે કોઇ નિશાની જુએ છે[૧૦૩] (ત્યારે) હાંસી ઉડાડે છે (૧૪) અને કહે છે; 'આ તો નથી પણ ખુલ્લુ જાદુ (૧૫) શું જ્યારે અમે મરીને માટી બની જઇશું અને હાડકાંઓ થઇ જઇશું (ત્યારે) શું આપણે અવશ્ય ઉઠાડવામાં આવીશું? (૧૬) અને શું અમારા આગલા બાપ-દાદાઓ પણ[૧૦૪]?' (૧૭) તમે કહો; 'હા! (અને) એવી રીતે કે અપમાનિત થઇને' (૧૮) તો તે[૧૦૫] તો એક જ ધુરકીયું છે[૧૦૬] કે તરત જ તેઓ[૧૦૭] જોવા માંડશે (૧૯) અને કહેશે; 'હાય અમારી ખરાબી!' તેમને કહેવામાં આવશે; 'આ ન્યાય નો દિવસ છે[૧૦૮] (૨૦) આ છે તે ફેંસલાનો દિવસ જેને તમે જૂઠાડતા હતા[૧૦૯]' (૨૧) જાલિમોને અને તેમના જોડાંઓને[૧૧૦] અને જે કંઇ તેઓ અલ્લાહ સિવાય પૂજતા હતા (૨૨) તે બધાંને દોઝખના રસ્તા તરફ હાંકો (૨૩) અને તેમને થોભાવો[૧૧૧], તેમને પૂછપરછ કરવાની છે[૧૧૨] (૨૪) તમને શું થયું તમે એકબીજાની મદદ કેમ કરતા નથી[૧૧૩]? (૨૫) બલ્કે તેઓ આજે માથું નમાવેલા છે[૧૧૪] (૨૬) અને તેમાં એકે બીજા તરફ મોઢું ફેરવ્યું પરસ્પર પૂછપરછ કરતાં (૨૭) બોલ્યા[૧૧૫]; 'તમે અમારી જમણી બાજુથી ભટકાવવા આવતા હતા[૧૧૬]' (૨૮) જવાબ આપશે;**

الصّٰفّٰت ٣٧ — وما لي ٢٣

يذكرون ۝١٣ وإذا رأوا آية يستسخرون ۝١٤ وقالوا
إن هذا إلا سحر مبين ۝١٥ أإذا متنا وكنا ترابا و
عظاما أإنا لمبعوثون ۝١٦ أوآباؤنا الأولون ۝١٧ قل
نعم وأنتم داخرون ۝١٨ فإنما هي زجرة واحدة فإذا
هم ينظرون ۝١٩ وقالوا يا ويلنا هذا يوم الدين ۝٢٠ هذا
يوم الفصل الذي كنتم به تكذبون ۝٢١ احشروا
الذين ظلموا وأزواجهم وما كانوا يعبدون ۝٢٢ من
دون الله فاهدوهم إلى صراط الجحيم ۝٢٣ وقفوهم
إنهم مسئولون ۝٢٤ ما لكم لا تناصرون ۝٢٥ بل هم اليوم
مستسلمون ۝٢٦ وأقبل بعضهم على بعض يتساءلون ۝٢٧
قالوا إنكم كنتم تأتوننا عن اليمين ۝٢٨ قالوا بل لم تكونوا

જવાનો ઇરાદો કરે ત્યારે ફરિશ્તાઓ અંગારો (શિહાબ) મારીને તેમને ભગાડે જેથી શયતાનો આકાશ પર જઇ શકતા નથી અને.....

૯૩. અને આસ્માનના ફરિશ્તાઓની વાતચીત સાંભળી શક્તા નથી.

૯૪. અંગારાઓની જ્યારે તેઓ એ ઇરાદે આસ્માન તરફ જાય છે.

૯૫. આખેરતમાં.

૯૬. અર્થાત અગર કોઇ શયતાન ફરિશ્તાઓની કોઇક વાત કદી લઇ ભાગે.

૯૭. કે તેને દઝાડે અને ઇજા પહોંચાડે.

૯૮. અર્થાત મક્કાના કાફિરોને.

૯૯. તો જે સર્વશક્તિમાનને આકાશ અને પૃથ્વી જેવી મહાન મખ્લૂક સર્જવી જરા પણ મુશ્કેલ ન હોય તો પછી માનવીઓનું સર્જન તેના માટે કેમ કરી કપરૂં હોય શકે છે?

૧૦૦. આ તેમની અશક્તિની બીજી એક દલીલ છે કે તેમના સર્જનનું અસલ મૂળ માટી છે જે કોઇ તાકાત કે સખ્તાઇ ધરાવતી નથી. અને આમાં તેમના માથે એક બીજી દલીલ પણ ઠોકવામાં આવી છે કે ચીકણી માટી તેમના સર્જનનું મૂળ છે તો હવે શરીરના ઓગળી જવા અને અંતિમ કક્ષાએ માટી બની ગયા પછી તે માટીથી ફરીવારના જીવનને તેઓ કેમ અશક્ય સમજે છે ? મૂળ હાજર સર્જક હાજર પછી ફરીવારની પેદાઇશ કેમ કરી અશક્ય હોય શકે છે ?

૧૦૧. તેમના જૂઠાડવાના કારણે કે આવી સ્પષ્ટ દલીલો અને ખુલ્લી નિશાનીઓ હોવા છતાં તેઓ

الصّٰفّٰت ٣٧ — وما لي ٢٣

مُؤْمِنِينَ ﴿٢٩﴾ وَمَا كَانَ لَنَا عَلَيْكُم مِّن سُلْطَانٍ ۖ بَلْ كُنتُمْ
قَوْمًا طَاغِينَ ﴿٣٠﴾ فَحَقَّ عَلَيْنَا قَوْلُ رَبِّنَا ۖ إِنَّا لَذَائِقُونَ ﴿٣١﴾
فَأَغْوَيْنَاكُمْ إِنَّا كُنَّا غَاوِينَ ﴿٣٢﴾ فَإِنَّهُمْ يَوْمَئِذٍ فِي الْعَذَابِ
مُشْتَرِكُونَ ﴿٣٣﴾ إِنَّا كَذَٰلِكَ نَفْعَلُ بِالْمُجْرِمِينَ ﴿٣٤﴾ إِنَّهُمْ كَانُوا
إِذَا قِيلَ لَهُمْ لَا إِلَٰهَ إِلَّا اللَّهُ يَسْتَكْبِرُونَ ﴿٣٥﴾ وَيَقُولُونَ
أَئِنَّا لَتَارِكُو آلِهَتِنَا لِشَاعِرٍ مَّجْنُونٍ ﴿٣٦﴾ بَلْ جَاءَ بِالْحَقِّ
وَصَدَّقَ الْمُرْسَلِينَ ﴿٣٧﴾ إِنَّكُمْ لَذَائِقُو الْعَذَابِ
الْأَلِيمِ ﴿٣٨﴾ وَمَا تُجْزَوْنَ إِلَّا مَا كُنتُمْ تَعْمَلُونَ ﴿٣٩﴾ إِلَّا عِبَادَ
اللَّهِ الْمُخْلَصِينَ ﴿٤٠﴾ أُولَٰئِكَ لَهُمْ رِزْقٌ مَّعْلُومٌ ﴿٤١﴾ فَوَاكِهُ ۖ
وَهُم مُّكْرَمُونَ ﴿٤٢﴾ فِي جَنَّاتِ النَّعِيمِ ﴿٤٣﴾ عَلَىٰ سُرُرٍ
مُّتَقَابِلِينَ ﴿٤٤﴾ يُطَافُ عَلَيْهِم بِكَأْسٍ مِّن مَّعِينٍ ﴿٤٥﴾

**'તમે પોતે જ ઇમાન ધરાવતા ન હતા[૧૧૭] (૨૯) અને અમારો તમારા પર કશો કાબૂ ન હતો[૧૧૮] બલ્કે તમે બંડખોર લોકો હતા (૩૦) તો આપણા પર આપણા રબની વાત પુરવાર થઇ ગઇ[૧૧૯] આપણે અવશ્ય ચાખવાનું છે[૧૨૦] (૩૧) તો અમે તમને ભટકાવ્યા (કારણ) કે અમે પોતે જ ભટકેલા હતા' (૩૨) તો તે દિવસે[૧૨૧] તે બધા જ અઝાબમાં ભાગીદાર છે[૧૨૨] (૩૩) મુજરિમો સાથે અમે આવું જ કરીએ છીએ (૩૪) બેશક ! જ્યારે તેમને કહેવામાં આવતું હતું કે; અલ્લાહ સિવાય કોઇની બંદગી નથી' ત્યારે (ગરદન) ઊંચી ખેંચતા હતા[૧૨૩] (૩૫) અને કહેતા હતા કે; 'શું અમે અમારા ખુદાઓને ત્યજી દઇએ એક ગાંડા શાયરના કહેવાથી[૧૨૪] ?' (૩૬) બલ્કે તેઓ તો સત્ય લાવ્યા છે અને તેમણે તો રસૂલોને સાચા જાહેર કર્યા છે[૧૨૫] (૩૭) બેશક ! તમારે જરૂર દુ:ખનો માર ચાખવાનો છે (૩૮) તો તમને બદલો નહિ મળે પણ તમારા કર્મોનો[૧૨૬] (૩૯) પરંતુ જેઓ અલ્લાહના ચૂંટેલા બંદાઓ છે[૧૨૭] (૪૦) તેમના માટે એવી રોજી છે જે અમારી જાણમાં છે (૪૧) મેવાઓ ![૧૨૮] અને અમન ચેનના બગીચાઓમાં તેમનું સન્માન કરાશે (૪૨-૪૩) સામ સામે[૧૨૯] તખતો પર હશે (૪૪) દ્રષ્ટિ સમક્ષ વહેતા શરાબના જામોનું[૧૩૦] તેમના પર પરિભ્રમણ થશે (૪૫)**

કેવી રીતે જૂઠાડે છે ?

૧૦૨. આપની અથવા આપના આશ્ચર્યની અથવા મરી ગયા પછી ઉઠવાની.

૧૦૩. ચંદ્રના ટુકડા થવા વિગેરેની.

૧૦૪. જેઓ અમારાથી સમયમાં આગળ છે કાફિરોના ખ્યાલ મુજબ તેમના પૂર્વજોને જીવતા કરવા એ તેમને પોતાને જીવતા કરવા કરતાં વધારે કપરૂ હતું એટલા માટે તેમણે આવું કહ્યું હતું. અલ્લાહ તઆલા પોતાના હબીબને કહે છે.....

૧૦૫. અર્થાત હશ્રમાં ઉઠવું.

૧૦૬. બીજા સૂરની એક જ ભયાનક ગર્જના છે.

૧૦૭. જીવતા થઇને પોતાનાં કર્મો અને વીતનાર પરિસ્થિતિ.....

૧૦૮. અર્થાત ફરિશ્તાઓ કહેશે; આ ઇન્સાફનો દિવસ છે આ બદલાનો દિવસ છે.

૧૦૯. દુનિયામાં. અને ફરિશ્તાઓને સુચના આપવામાં આવશે.....

૧૧૦. જાલિમોનો અર્થ અહીં કાફિરો છે અને તેમનાં જોડાંઓ એટલે તેમના તે શયતાનો જે દુનિયામાં તેમના મિત્રો અને સહવાસીઓ બનીને રહેતા હતા દરેક કાફિર પોતાના શયતાન સાથે એક જ સાંકળે બાંધવામાં આવશે. અને હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લલ્લાહુ અન્હુમાએ ફરમાવ્યું છે કે જોડાંઓનો મતલબ સમકક્ષ અને એક સરખા લોકો છે એટલે કે દરેક કાફિર પોતાની જેવા જ કાફિર સાથે હાંકવામાં આવશે મૂર્તિપૂજક મૂર્તિ પૂજકો સાથે અને અગ્નિપૂજક અગ્નિપૂજકો સાથે અને એ જ રીતે બીજા પણ.

بيضاء لذة للشاربين ﴿٤٦﴾ لا فيها غول ولا هم عنها
ينزفون ﴿٤٧﴾ وعندهم قاصرات الطرف عين ﴿٤٨﴾ كأنهن
بيض مكنون ﴿٤٩﴾ فأقبل بعضهم على بعض يتساءلون ﴿٥٠﴾
قال قائل منهم إني كان لي قرين ﴿٥١﴾ يقول أإنك
لمن المصدقين ﴿٥٢﴾ أإذا متنا وكنا ترابا وعظاما
أإنا لمدينون ﴿٥٣﴾ قال هل أنتم مطلعون ﴿٥٤﴾ فاطلع
فرآه في سواء الجحيم ﴿٥٥﴾ قال تالله إن كدت
لتردين ﴿٥٦﴾ ولولا نعمة ربي لكنت من المحضرين ﴿٥٧﴾
أفما نحن بميتين ﴿٥٨﴾ إلا موتتنا الأولى وما نحن
بمعذبين ﴿٥٩﴾ إن هذا لهو الفوز العظيم ﴿٦٠﴾ لمثل
هذا فليعمل العاملون ﴿٦١﴾ أذلك خير نزلا أم شجرة

**સફેદ રંગનો[૧૩૧] પીનારાઓ માટે લિજ્જત[૧૩૨] (૪૬) તેમાં નશો નથી[૧૩૩] અને ન તો તેનાથી એમનુ માથુ ભમે[૧૩૪] (૪૭) અને એમની પાસે (એવી સ્ત્રીઓ) હશે જે પતિઓ સિવાય અન્ય તરફ આંખ ઊંચકીને જુએ નહિ[૧૩૫] (૪૮) મોટી આંખોવાળી જાણે કે તે સંતાડી રાખેલા ઇંડાં છે[૧૩૬] (૪૯) તો એમનામાં[૧૩૭] એકે બીજા તરફ એવું પૂછતાં[૧૩૮] મોઢું ફેરવ્યું (૫૦) (તો) તેમનામાંથી બોલનાર બોલ્યો; 'મારો એક બેઠકીયો હતો[૧૩૯] (૫૧) (તે) મને કહ્યા કરતો હતો કે; શું તું આને સાચું માને છે ?[૧૪૦] (૫૨) શું આપણે જ્યારે કોહીને માટી અને હાડકાંઓ થઇ જઇશું ત્યારે શું આપણને ઇનામ અને સજા આપવામાં આવશે[૧૪૧] ?' (૫૩) કહ્યું; 'શું તમે ડોકિયું કરીને જોશો ?'[૧૪૨] (૫૪) પછી જ્યારે જોયું તો તેને ભભુકતી આગની વચ્ચે જોયો[૧૪૩] (૫૫) કહ્યું; 'ખુદાની કસમ ! નજીક હતું કે તુ મને બરબાદ કરી નાખત[૧૪૪] (૫૬) અને જો મારો રબ કૃપા ન કરે[૧૪૫] તો અવશ્ય હું પણ પકડાઇને હાજર કરાયો હોત[૧૪૬] (૫૭) તો શું આપણને મરવાનું નથી ? (૫૮) સિવાય કે આપણું પ્રથમ મૃત્યુ[૧૪૭] ? અને આપણા પર અઝાબ નહીં થાય ?[૧૪૮] (૫૯) બેશક ! એ મહા સફળતા છે (૬૦) અને આવી જ વાત ખાતર કામ કરનારાઓએ કામ કરવું જોઇએ (૬૧) તો આ મહેમાની સારી[૧૪૯] કે**

૧૧૧. પુલસિરાત પાસે.

૧૧૨. હદીષ શરીફમાં છે કે કયામતના દિવસે બંદો પોતાની જગ્યાએથી હાલી શકશે નહિ જ્યાં સુધી કે તેને ચાર વાતો પૂછી લેવામાં ન આવે. પ્રથમ તેની ઉંમર કે તે કયા કામોમાં પસાર કરી બીજી તેનું ઇલ્મ કે તેના પર કેવો અમલ કર્યો ત્રીજી તેનો માલ કે ક્યાંથી કમાયો અને ક્યાં વાપર્યો ચોથી તેનું શરીર કે તેને કેવા ઉપયોગમાં લીધું.

૧૧૩. આ વાત જહન્નમના ખાઝિન તેમને ધમકી રૂપે કહેશે કે દુનિયામાં તો એક બીજાની સહાય પર બહું ગર્વ કરતા હતા આજે જુઓ કેવા લાચાર છો તમારામાંથી કોઇ કોઇની મદદ કરી શક્તું નથી.

૧૧૪. આજિઝ અને અપમાનિત થઇને.

૧૧૫. પોતાના તે આગેવાનોને જેઓ દુનિયામાં તેમને ભટકાવતા હતા.

૧૧૬. અર્થાત બળજબરીથી અમને કુફ્ર કરવા ઉશ્કેરતા હતા. ત્યારે કાફિરોના આગેવાનો જવાબમાં કહેશે કે.....

૧૧૭. પ્રથમથી જ કાફિર હતા અને પોતાની મરજી અને અખત્યારથી ઇમાન લાવ્યા ન હતા.

૧૧૮. કે જેથી અમે તમને પોતાની તાબેદારી માટે લાચાર કરત.

૧૧૯. તેણે કહી છે કે હું જહન્નમને માનવીઓ અને જિન્નાતથી અવશ્ય ભરી દઇશ તેથી...

૧૨૦. તેનો અઝાબ ગુમરાહો અને ગુમરાહ કરનારાઓ બન્ને.

૧૨૧. અર્થાત કયામતના દિવસે.

الزَّقُّومِ ﴿٦٢﴾ إِنَّا جَعَلْنَاهَا فِتْنَةً لِّلظَّالِمِينَ ﴿٦٣﴾ إِنَّهَا شَجَرَةٌ تَخْرُجُ
فِي أَصْلِ الْجَحِيمِ ﴿٦٤﴾ طَلْعُهَا كَأَنَّهُ رُءُوسُ الشَّيَاطِينِ ﴿٦٥﴾
فَإِنَّهُمْ لَآكِلُونَ مِنْهَا فَمَالِئُونَ مِنْهَا الْبُطُونَ ﴿٦٦﴾ ثُمَّ
إِنَّ لَهُمْ عَلَيْهَا لَشَوْبًا مِّنْ حَمِيمٍ ﴿٦٧﴾ ثُمَّ إِنَّ مَرْجِعَهُمْ
لَإِلَى الْجَحِيمِ ﴿٦٨﴾ إِنَّهُمْ أَلْفَوْا آبَاءَهُمْ ضَالِّينَ ﴿٦٩﴾ فَهُمْ
عَلَىٰ آثَارِهِمْ يُهْرَعُونَ ﴿٧٠﴾ وَلَقَدْ ضَلَّ قَبْلَهُمْ أَكْثَرُ
الْأَوَّلِينَ ﴿٧١﴾ وَلَقَدْ أَرْسَلْنَا فِيهِم مُّنذِرِينَ ﴿٧٢﴾ فَانظُرْ
كَيْفَ كَانَ عَاقِبَةُ الْمُنذَرِينَ ﴿٧٣﴾ إِلَّا عِبَادَ اللَّهِ الْمُخْلَصِينَ ﴿٧٤﴾
وَلَقَدْ نَادَانَا نُوحٌ فَلَنِعْمَ الْمُجِيبُونَ ﴿٧٥﴾ وَنَجَّيْنَاهُ
وَأَهْلَهُ مِنَ الْكَرْبِ الْعَظِيمِ ﴿٧٦﴾ وَجَعَلْنَا ذُرِّيَّتَهُ هُمُ
الْبَاقِينَ ﴿٧٧﴾ وَتَرَكْنَا عَلَيْهِ فِي الْآخِرِينَ ﴿٧٨﴾ سَلَامٌ

**થોળીયાનું ઝાડ ?[૧૫૦] (૬૨) બેશક ! અમે જાલિમોની કસોટી બનાવી છે[૧૫૧] (૬૩) બેશક ! તે એક વૃક્ષ છે જે જહન્નમના તળીયેથી નીકળે છે[૧૫૨] (૬૪) તેનું ઝિંડવું જાણે માથાં[૧૫૩] દેવોનાં (૬૫) પછી બેશક ! તેઓ એમાંથી ખાશે[૧૫૪] પછી તેનાથી પેટ ભરશે (૬૬) પછી બેશક ! તેમના માટે એના પર ઉકળતા પાણીનું પીણું છે[૧૫૫] (૬૭) પછી તેમનું પલટવું અવશ્ય ભભુકતી આગ તરફ છે[૧૫૬] (૬૮) બેશક ! તેમણે પોતાના પૂર્વજોને ભટકેલા જોયા (૬૯) તો તેઓ તેમના જ પગલે દોડતા જાય છે[૧૫૭] (૭૦) અને બેશક ! એમની આગળ ઘણા આગલાઓ ગુમરાહ થઇ ગયા[૧૫૮] (૭૧) અને બેશક ! અમે તેમનામાં ડર સંભળાવનાર મોકલ્યા[૧૫૯] (૭૨) તો જુઓ જેમને ડરાવવામાં આવ્યા હતા તેમનું કેવું પરિણામ આવ્યું[૧૬૦] (૭૩) પરંતુ અલ્લાહના ચૂંટેલા બન્દાઓ[૧૬૧] (૭૪) અને બેશક ! નૂહે અમને પોકાર કરી[૧૬૨] તો અમે કેટલા સરસ જવાબ આપનાર[૧૬૩] (૭૫) અને અમે તેને અને તેના ઘરવાળાઓને મહાકષ્ટથી ઉગાર્યા (૭૬) અને અમે તેનો જ વંશ બાકી રાખ્યો[૧૬૪] (૭૭) અને અમે પાછલાઓમાં તેના વખાણ બાકી રાખ્યા[૧૬૫] (૭૮) જહાનવાળાઓમાં**

૧૨૨. ગુમરાહો પણ અને ગુમરાહ કરનારાઓ પણ કારણ કે એ બધા જ ગુમરાહીમાં ભાગીદાર હતા.

૧૨૩. અને તવહીદ સ્વીકારતા ન હતા તેમજ શિર્કને ત્યજતા ન હતા.

૧૨૪. અર્થાત સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના કહેવાથી.

૧૨૫. દીન અને તવહીદ અને શિર્કનો ઇન્કાર કરવા બાબત.

૧૨૬. તે શિર્ક અને જૂઠાડવાનાં જે દુનિયામાં કરીને આવ્યા છો.

૧૨૭. ઇમાન અને નિખાલસતાવાળા.

૧૨૮. અને ઉચ્ચ પ્રકારની સ્વાદિષ્ટ વાનગીઓ લિજ્જતદાર સુગંધી અને મનોહર.

૧૨૯. એકબીજાથી ખુશ અને રાજી.

૧૩૦. જેની સ્વચ્છ નહેરો આંખો સામે વહેતી હશે.

૧૩૧. દૂધથી પણ વધુ સફેદ.

૧૩૨. દુનિયાની શરાબથી ઉલ્ટું જે દુર્ગંધવાળી અને બેસ્વાદ હોય છે. પીનારને તેને પીતી વખતે મોઢું બગાડી લે છે.

૧૩૩. જેનાથી બુધ્ધિમાં દખલ થાય.

૧૩૪. દુનિયાની શરાબ કરતાં ઉલ્ટું જેમાં ઘણા અનિષ્ટો અને એબો છે એનાથી પેટમાં પણ દુ:ખાવો થાય છે અને માથામાં પણ. પેશાબમાં પણ તકલીફ થાય છે તબીયત ઉબકા લે છે, ઉલ્ટી થાય છે, માથું ચકરાવે ચઢે છે અને બુધ્ધિ સ્થાને રહેતી નથી.

૧૩૫. કે તેણીની દ્રષ્ટિએ તેણીનો પતિ જ સહુથી રૂપાળો અને વ્હાલો છે.

૧૩૬. ધૂળ કચરાથી પર, મનોહર રંગનાં.

૧૩૭. અર્થાત જન્નતવાળાઓમાંથી.

૧૩૮. કે દુનિયામાં કેવું કેવું બન્યું.

૧૩૯. દુનિયામાં જે મૃત્યુ પછી જીવંત થવાને માનતો ન હતો અને એ બાબતે ઠેકડી ઉડાડતાં.....

૧૪૦. મૃત્યુ પછી જીવતા થઇ ઉઠવાને.

૧૪૧. અને આપણી પાસેથી હિસાબ લેવામાં આવશે ? એટલું કહીને પેલા જન્નતી માણસે પોતાના જન્નતી મિત્રોને.....

૧૪૨. કે મારા તે બેઠકિયાની જહન્નમમાં શું હાલત છે ?

૧૪૩. કે અઝાબમાં સપડાએલો છે ત્યારે પેલા જન્નતીએ તેને...

૧૪૪. સાચા માર્ગેથી ભટકાવીને.

૧૪૫. અને પોતાની મહેરબાનીથી મને જો તારા બહેકાવાથી જાળવત નહિ અને ઇસ્લામ પર અટલ રહેવાનો ઉત્સાહ આપત નહિ...

૧૪૬. તારી સાથે જહન્નમમાં. અને જ્યારે મોતને ઝુબેહ કરી દેવામાં આવશે ત્યારે જન્નતીઓ ફરિશ્તાઓને પૂછશે.....

૧૪૭. તે જ જે દુનિયામાં આવી ગયું.

૧૪૮. ફરિશ્તાઓ કહેશે; નહિ. અને જન્નતી લોકોનું આવું પૂછવું અલ્લાહની રહમતથી લિજ્જત મમરાવવા માટે તેમજ અનંત જીવન અને અઝાબથી બચેલા રાખવાના તેના ઉપકારની નેઅમતને જાહેર કરવા ખાતર હશે અને આ વાતચીતથી તેમને ઉલ્લાસ થશે.

૧૪૯. અર્થાત જન્નતી નેઅમતો અને લિજ્જતો અને ત્યાંના ઉમદા અને સ્વચ્છ પકવાનો તેમજ પીણાઓ અને અનંત એશ આરામ તેમજ અસીમ રાહત અને હર્ષે.

૧૫૦. ખૂબ જ કડવું હદ દરજ્જાનું દુર્ગંધી અંતિમ કક્ષાનું બેસ્વાદ બહું જ અણગમતુ જેનાથી દોઝખીઓની મહેમાની કરાશે અને તેમને એ ખાવા માટે લાચાર કરી મૂકવામાં આવશે.

૧૫૧. કે દુનિયામાં કાફિરો એનો ઇન્કાર કરે છે અને કહે છે કે; આગ તો વૃક્ષોને બાળી દે છે તો પછી આગમાં વૃક્ષ ક્યાંથી આવ્યું ?

૧૫૨. અને તેની ડાળીઓ જહન્નમના તમામ વર્ગોમાં પહોંચે છે.

૧૫૩. અર્થાત અતિશય કદરૂપું અને કુદર્શિય.

૧૫૪. સખત ભૂખથી લાચાર થઇને.

૧૫૫. અર્થાત જહન્નમીઓ થોળીયાથી તેમનાં પેટ ભરશે તે બળતું હશે અને પેટોને બાળશે તેની બળતરાથી તરસ બહું લાગશે પણ લાંબા સમય સુધી તો તરસની તકલીફમાં રાખવામાં આવશે પછી જ્યારે પીવાનું આપવામાં આવશે તો તે ગરમ ઉકળતું પાણી હશે તેની ગરમી અને બળતરા પેલા થોળીયાની ગરમી અને બળતરા સાથે મળીને તકલીફ અને બેચેનીમાં ઓર વધારો કરશે.

૧૫૬. કારણ કે થોળીયો ખવડાવવા અને ગરમ પાણી પીવા તેમને એક વર્ગમાંથી બીજા વર્ગમાં લઇ જવામાં આવશે પછી પાછા પોતાના વર્ગોમાં પાછા લાવવામાં આવશે. ત્યાર પછી તેઓ અઝાબને પાત્ર

الصّٰفّٰت ٣٧ وَمَالِىَ ٢٣

عَلٰى نُوْحٍ فِى الْعٰلَمِيْنَ ﴿٧٩﴾ اِنَّا كَذٰلِكَ نَجْزِى
الْمُحْسِنِيْنَ ﴿٨٠﴾ اِنَّهٗ مِنْ عِبَادِنَا الْمُؤْمِنِيْنَ ﴿٨١﴾ ثُمَّ
اَغْرَقْنَا الْاٰخَرِيْنَ ﴿٨٢﴾ وَاِنَّ مِنْ شِيْعَتِهٖ لَاِبْرٰهِيْمَ ﴿٨٣﴾ اِذْ
جَآءَ رَبَّهٗ بِقَلْبٍ سَلِيْمٍ ﴿٨٤﴾ اِذْ قَالَ لِاَبِيْهِ وَقَوْمِهٖ
مَاذَا تَعْبُدُوْنَ ﴿٨٥﴾ اَئِفْكًا اٰلِهَةً دُوْنَ اللّٰهِ تُرِيْدُوْنَ ﴿٨٦﴾
فَمَا ظَنُّكُمْ بِرَبِّ الْعٰلَمِيْنَ ﴿٨٧﴾ فَنَظَرَ نَظْرَةً فِى النُّجُوْمِ ﴿٨٨﴾
فَقَالَ اِنِّىْ سَقِيْمٌ ﴿٨٩﴾ فَتَوَلَّوْا عَنْهُ مُدْبِرِيْنَ ﴿٩٠﴾ فَرَاغَ
اِلٰٓى اٰلِهَتِهِمْ فَقَالَ اَلَا تَاْكُلُوْنَ ﴿٩١﴾ مَا لَكُمْ لَا تَنْطِقُوْنَ ﴿٩٢﴾
فَرَاغَ عَلَيْهِمْ ضَرْبًا بِالْيَمِيْنِ ﴿٩٣﴾ فَاَقْبَلُوْٓا اِلَيْهِ يَزِفُّوْنَ ﴿٩٤﴾
قَالَ اَتَعْبُدُوْنَ مَا تَنْحِتُوْنَ ﴿٩٥﴾ وَاللّٰهُ خَلَقَكُمْ وَمَا
تَعْمَلُوْنَ ﴿٩٦﴾ قَالُوا ابْنُوْا لَهٗ بُنْيَانًا فَاَلْقُوْهُ فِى الْجَحِيْمِ ﴿٩٧﴾

**નૂહ પર સલામ[૧૬૬] (૭૯) બેશક ! અમે નેક લોકોને આવો જ બદલો આપીએ છીએ (૮૦) બેશક ! તે અમારા ઊંચી કક્ષાના સંપૂર્ણત: ઇમાનવાળા બંદાઓમાં છે (૮૧) પછી અમે બીજાંઓને ડૂબાડી દીધા[૧૬૭] (૮૨) અને બેશક ! તેના જ સમુદાયનો ઇબ્રાહીમ છે[૧૬૮] (૮૩) જ્યારે કે પોતાના રબ સમક્ષ અન્યથી સલામત એવું દિલ લઇને હાજર થયો[૧૬૯] (૮૪) જ્યારે તેણે પોતાના બાપ અને પોતાની કોમને કહ્યું[૧૭૦] ; 'તમે શું પૂજો છો ? (૮૫) શું અલ્લાહ સિવાય બીજા ઉપજાવી કાઢેલા ખુદા ઇચ્છો છો ? (૮૬) તો તમારો રબ્બુલ આલમીન વિષે શું ખ્યાલ છે ?'[૧૭૧] (૮૭) પછી તેણે ઉડતી દ્રષ્ટિએ તારાઓને જોયા[૧૭૨] (૮૮) પછી કહ્યું; 'હું માંદો થનાર છું'[૧૭૩] (૮૯) તો તેઓ તેના તરફથી પીઠ ફેરવીને ગયા[૧૭૪] (૯૦) પછી (તે) તેમના ખુદાઓ તરફ સંતાઇને ગયો અને કહ્યું; 'શું તમે ખાતાં નથી ?[૧૭૫] (૯૧) તમને શું થયું છે કે બોલતાં નથી ?'[૧૭૬] (૯૨) તો લોકોની નજર બચાવીને તેમને જમણા હાથથી મારવા લાગ્યો[૧૭૭] (૯૩) તો કાફિરો તેની તરફ ઉતાવળે આવ્યા[૧૭૮] (૯૪) કહ્યું; 'શું પોતાના હાથે કોતરેલાઓને પૂજો છો ? (૯૫) અને તમને તેમજ તમારાં કાર્યોને (તો) અલ્લાહે બનાવ્યાં છે[૧૭૯]' (૯૬) બોલ્યા; 'આના માટે એક ઇમારત ચણો[૧૮૦] પછી એને ભભુકતી આગમાં નાખી દો (૯૭) તો તેમણે તેની બાબત દાવ**

કેમ છે તે કારણ વર્ણવવામાં આવે છે.....

૧૫૭. અને ગુમરાહીમાં તેમને પગલે ચાલે છે અને સત્યની સ્પષ્ટ દલીલોથી આંખો મીંચી લે છે.

૧૫૮. એટલા માટે જ કે તેમણે પોતાના બાપદાદાઓનો ખોટો રસ્તો છોડયો નહિ અને દલીલોથી લાભ મેળવ્યો નહિ.

૧૫૯. અર્થાત અમ્બિયા અલયહિમુસ્સલામ જેમણે તેમને ગુમરાહી અને કુકર્મોના ખરાબ પરિણામથી ડરાવ્યા.

૧૬૦. કે તેઓ અઝાબથી હલાક કરી દેવામાં આવ્યા.

૧૬૧. ઇમાનવાળાઓ જેમણે પોતાની નિખાલસતાના કારણે છુટકારો મેળવ્યો.

૧૬૨. અને અમને તેની કોમનો વિનાશ કરવાની અને અઝાબ મોકલવાની દરખાસ્ત કરી.

૧૬૩. કે અમે તેની દુઆ કબૂલ કરી અને શત્રુઓની સામે તેની મદદ કરી અને પેલાઓ પાસેથી પુરો બદલો લીધો કે તેમને ડૂબાડીને તબાહ કરી દીધા.

૧૬૪. તો હવે દુનિયામાં જેટલા માનવીઓ છે તે બધા જ હઝરત નૂહ અલયહિસ્સલામની ઔલાદના છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે; હઝરત નૂહ અલયહિસ્સલામનું વહાણ લાંગર્યા પછી જ્યારે બધા નીચે ઉતર્યા ત્યારે આપના પુત્રો અને તેમની પત્નીઓ સિવાય બીજાં જેટલાં સ્ત્રી પુરૂષો હતાં તે બધાં જ મરી ગયાં. પછી આ દુનિયાનો જે વંશવેલો વધ્યો તે આપના પુત્રોની જ ઔલાદ છે. અરબ ફારસ (ઇરાન) અને રોમ આપના પુત્ર સામનો વંશ છે સુદાનીઓ આપના પુત્ર હામની

ઔલાદ છે તુર્કીઓ અને યાજુજ માજુજ આપના પુત્ર યાફિસના વંશથી છે.

૧૬૫. અર્થાત તેમની પાછળ આવેલા નબીઓમાં અને તેમની ઉમ્મતોમાં હઝરત નૂહ અલયહિસ્સલામની વાતો બાકી રાખી.

૧૬૬. અર્થાત ફરિશ્તાઓ અને જિન્ન વ ઇન્સ કયામત સુધી તેમના પર સલામ મોકલા કરે.

૧૬૭. અર્થાત હઝરત નૂહ અલયહિસ્સલામની કોમના કાફિરોને.

૧૬૮. અર્થાત હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ, હઝરત નૂહ અલયહિસ્સલામના દીન સમૂહ અને તરીકા પર છે. હઝરત નૂહ અને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામ વચ્ચે ૨૬૪૦ વરસોનો ગાળો છે અને એ ગાળામાં વચ્ચે માત્ર બે નબીઓ જ આવ્યા હતા, હઝરત હૂદ અલયહિસ્સલામ અને હઝરત સાલિહ અલયહિસ્સલામ.

૧૬૯. અર્થાત હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે પોતાનું હૃદય અલ્લાહ તઆલા માટે ચોખ્ખું કર્યું અને દરેક વસ્તુથી ખાલી કરી લીધું.

૧૭૦. ધમકીરૂપે.

૧૭૧. કે જ્યારે તમે તેના સિવાય અન્યને પૂજશો તો શું તે તમને અઝાબ કર્યા વગર રહેશે ? અને તમે જાણો છો કે તેજ સાચો નેઅમત આપનારો અને ઇબાદતને પાત્ર છે. કોમે કહ્યું કે; કાલે આપણી ઇદ છે જંગલમાં મેળો જામશે અમે સારાં સારાં પકવાન મૂર્તિઓ પાસે મૂકી જઇશું અને મેળામાંથી પાછા આવીને પ્રસાદ તરીકે તે જમીશું તમે પણ અમારી સાથે ચાલો જનસમુદાય અને મેળાની રોનક તો જુઓ ત્યાંથી પાછા ફરીને મૂર્તિઓનો શણગાર સજાવટ અને તેમનો ઠઠારો જુઓ, આ તમાશો જોયા પછી અમે આશા રાખીએ છીએ કે તમે અમને મૂર્તિપૂજા કરવા બદલ ઠપકો નહિ આપો.

૧૭૨. જેવી રીતે તારાઓની ચાલનો નિષ્ણાત ગ્રહોના સંલગ્ન અને વિખુટા પડવાનું નિરીક્ષણ કરે છે.

૧૭૩. કોમ જ્યોતિષ વિદ્યામાં ખૂબ શ્રધ્ધા ધરાવતી હતી તેઓ એવું સમજ્યા કે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે ગ્રહો જોઇને પોતાની માંદગીનું જાણ્યું છે હવે તેઓ કોઇ ચેપી રોગમાં સપડાવાના છે અને ચેપી રોગથી તેઓ બહું ડરતા હતા.

**મસઅલો** :- જ્યોતિષ વિદ્યા સત્ય વસ્તુ છે અને તેને શીખવામાં વ્યસ્ત થવુ મન્સૂખ થઇ ચૂક્યું.

**મસઅલો** :- શરીઅતની રૂએ કોઇ રોગ ચેપી નથી અર્થાત એકની તે જ બીમારી (તેમાંથી નીકળીને) બીજામાં પેસી જતી નથી. તબિયતોના અને હવામાનના બગડવાથી એક જ સમયમાં ઘણા લોકોને એક જ જાતની બીમારી થઇ શકે છે, પરંતુ માંદગીનું પ્રસારણ દરેકમાં નોખું હોય છે એકની માંદગી કોઇ બીજામાં પહોંચી જતી નથી.

૧૭૪. પોતાની ઇદ તરફ, અને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને મૂકી ગયા તેઓ બુતખાના (મંદિર)માં ગયા.

૧૭૫. અર્થાત આ જમણ જે તમારી સામે પધરાવેલું છે. મૂર્તિઓએ એનો કશો જવાબ આપ્યો નહિ અને તેઓ શું જવાબ આપે ? ત્યારે આપે કહ્યું.....

૧૭૬. છતાં મૂર્તિઓએ કશો ઉત્તર વાળ્યો નહિ તેઓ તો નિર્જીવ પથ્થરો હતા જવાબ શું આપે ?

૧૭૭. અને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે મૂર્તિઓને મારી મારીને ટુકડે ટુકડા કરી નાખી જ્યારે કાફિરોને આની ખબર પડી.....

وما لي ٢٣ الصّٰفّٰت ٣٧

فَأَرَادُوا بِهِ كَيْدًا فَجَعَلْنٰهُمُ الْأَسْفَلِينَ ﴿٩٨﴾ وَقَالَ
إِنِّي ذَاهِبٌ إِلٰى رَبِّي سَيَهْدِينِ ﴿٩٩﴾ رَبِّ هَبْ لِي
مِنَ الصّٰلِحِينَ ﴿١٠٠﴾ فَبَشَّرْنٰهُ بِغُلٰمٍ حَلِيمٍ ﴿١٠١﴾ فَلَمَّا
بَلَغَ مَعَهُ السَّعْيَ قَالَ يٰبُنَيَّ إِنِّي أَرٰى فِي الْمَنَامِ
أَنِّي أَذْبَحُكَ فَانْظُرْ مَاذَا تَرٰى قَالَ يٰأَبَتِ افْعَلْ مَا
تُؤْمَرُ سَتَجِدُنِي إِنْ شَاءَ اللّٰهُ مِنَ الصّٰبِرِينَ ﴿١٠٢﴾ فَلَمَّا
أَسْلَمَا وَتَلَّهُ لِلْجَبِينِ ﴿١٠٣﴾ وَنٰدَيْنٰهُ أَنْ يٰإِبْرٰهِيمُ ﴿١٠٤﴾
قَدْ صَدَّقْتَ الرُّءْيَا إِنَّا كَذٰلِكَ نَجْزِي الْمُحْسِنِينَ ﴿١٠٥﴾
إِنَّ هٰذَا لَهُوَ الْبَلٰٓؤُا الْمُبِينُ ﴿١٠٦﴾ وَفَدَيْنٰهُ بِذِبْحٍ عَظِيمٍ ﴿١٠٧﴾
وَتَرَكْنَا عَلَيْهِ فِي الْآخِرِينَ ﴿١٠٨﴾ سَلٰمٌ عَلٰى إِبْرٰهِيمَ ﴿١٠٩﴾
كَذٰلِكَ نَجْزِي الْمُحْسِنِينَ ﴿١١٠﴾ إِنَّهُ مِنْ عِبَادِنَا

**રમવા ઇચ્છયો (પણ) અમે તેમને નીચું દેખાડ્યું[૧૮૧] (૯૮) અને (ઇબ્રાહીમે) કહ્યું; 'હું મારા રબ તરફ જવાનો છું[૧૮૨] હવે તે મને રસ્તો દેખાડશે[૧૮૩] (૯૯) ઇલાહી ! મને લાયક પુત્ર આપ' (૧૦૦) તો અમે તેને એક બુધ્ધિમાન છોકરાની વધામણી આપી (૧૦૧) પછી જ્યારે તે તેની સાથે કામ કરવા જેવડો થઇ ગયો (ત્યારે) કહ્યું; 'અય મારા દિકરા મેં સ્વપ્ન જોયું (કે) હું તને ઝુબેહ કરૂ છું[૧૮૪] હવે તુ વિચાર કે તારો શું અભિપ્રાય છે[૧૮૫] ? (જવાબમાં) પુત્રે કહ્યું; 'અય મારા બાપ ! તમને જે વાતનો આદેશ અપાય છે તે કરો, અલ્લાહે ઇચ્છયું તો નજીક છે કે તમે મને સબર કરનાર પામશો (૧૦૨) તો જ્યારે તે બન્નેએ અમારા હુકમ સામે ગરદન નમાવી દીધી અને પિતાએ પુત્રને ઊંધા માથે સુવાડયો (તે સમયની હાલત પૂછીશ નહિ)[૧૮૬] (૧૦૩) અને અમે તેને સાદ આપ્યો કે; 'અય ઇબ્રાહીમ ! (૧૦૪) બેશક ! તેં સ્વપ્ન સાચુ કરી દેખાડ્યું[૧૮૭] અમે નેક લોકોને આવો જ બદલો આપીએ છીએ (૧૦૫) બેશક ! આ સ્પષ્ટ કસૌટી હતી (૧૦૬) અને અમે એક મોટું ઝુબેહ કરવાનું ફિદયામાં આપીને તેને બચાવી લીધો[૧૮૮] (૧૦૭) અને અમે પાછલાઓમાં તેના વખાણ બાકી રાખ્યા (૧૦૮) સલામ હજો ઇબ્રાહીમ પર[૧૮૯] (૧૦૯) અમે નેક લોકોને આવો જ બદલો**

૧૭૮. અને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને કહેવા માંડયા કે; અમે તો એમને પૂજીએ છીએ અને તમે એમને તોડો છો ?

૧૭૯. તો પૂજાને લાયક તો તે છે નહિ કે મૂર્તિઓ. ત્યારે તેઓ આશ્ચર્યમાં પડી ગયા અને એનો કશો ઉત્તર તેમનાથી અપાયો નહિ.

૧૮૦. પથ્થરની ૩૦ વાર લાંબી ૨૦ વાર પહોળી ચાર દીવાલોની પછી તેને લાકડાંઓથી ભરી દો અને તેમાં આગ સળગાવો એટલે સુધી કે આગ ભભુકવા માંડે.

૧૮૧. હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામને તે આગમાં સલામત રાખીને જેમકે આપ તેમાંથી સહી સલામત બહાર નીકળ્યા.

૧૮૨. આ દારૂલ કુફ્રમાંથી હિજરત કરીને જ્યાં મારો પરવરદિગાર હુકમ આપે.

૧૮૩. જેમકે આપ અલ્લાહના હુકમથી સિરિયાની ધરતીમાં પવિત્ર જમીન પર પહોંચ્યા ત્યારે આપે આપના પરવરદિગાર પાસે દુઆ માંગી.

૧૮૪. અર્થાત તને ઝુબેહ કરવાની તૈયારી કરી રહ્યો છું. અને પૈગમ્બરોનાં સ્વપ્ન સાચાં હોય છે અને તેમનાં કાર્યો અલ્લાહના હુકમ અનુસાર હોય છે.

૧૮૫. આવું આપે એટલા માટે કહ્યું હતું કે ફરઝંદને ઝુબેહના નામથી ગભરામણ થાય નહિ અને ખુદાઇ આદેશને માથે ચઢાવવા તેઓ ખુશીની સાથે તૈયાર થાય જેમકે તે નેક ફરઝંદે અલ્લાહની મરજી પર કુરબાન થઇ જવાની જાહેરાત ખૂબ જ શોખપૂર્વક કરી.

الْمُؤْمِنِيْنَ ﴿١١١﴾ وَبَشَّرْنٰهُ بِاِسْحٰقَ نَبِيًّا مِّنَ الصّٰلِحِيْنَ ﴿١١٢﴾
وَبٰرَكْنَا عَلَيْهِ وَعَلٰٓى اِسْحٰقَ ۭ وَمِنْ ذُرِّيَّتِهِمَا مُحْسِنٌ
وَّظَالِمٌ لِّنَفْسِهٖ مُبِيْنٌ ﴿١١٣﴾ ع وَلَقَدْ مَنَنَّا عَلٰى مُوْسٰى ع ٣ ٩
وَهٰرُوْنَ ﴿١١٤﴾ ج وَنَجَّيْنٰهُمَا وَقَوْمَهُمَا مِنَ الْكَرْبِ الْعَظِيْمِ ﴿١١٥﴾ ج
وَنَصَرْنٰهُمْ فَكَانُوْا هُمُ الْغٰلِبِيْنَ ﴿١١٦﴾ ج وَاٰتَيْنٰهُمَا الْكِتٰبَ
الْمُسْتَبِيْنَ ﴿١١٧﴾ ج وَهَدَيْنٰهُمَا الصِّرَاطَ الْمُسْتَقِيْمَ ﴿١١٨﴾ ج منزل ٦
وَتَرَكْنَا عَلَيْهِمَا فِي الْاٰخِرِيْنَ ﴿١١٩﴾ لا سَلٰمٌ عَلٰى مُوْسٰى
وَهٰرُوْنَ ﴿١٢٠﴾ اِنَّا كَذٰلِكَ نَجْزِي الْمُحْسِنِيْنَ ﴿١٢١﴾ اِنَّهُمَا
مِنْ عِبَادِنَا الْمُؤْمِنِيْنَ ﴿١٢٢﴾ وَاِنَّ اِلْيَاسَ لَمِنَ الْمُرْسَلِيْنَ ﴿١٢٣﴾ ط
اِذْ قَالَ لِقَوْمِهٖٓ اَلَا تَتَّقُوْنَ ﴿١٢٤﴾ اَتَدْعُوْنَ بَعْلًا وَّ
تَذَرُوْنَ اَحْسَنَ الْخٰلِقِيْنَ ﴿١٢٥﴾ لا اللّٰهَ رَبَّكُمْ وَرَبَّ

**આપીએ છીએ (૧૧૦) બેશક ! તે અમારા ઉચ્ચ કક્ષાના સંપૂર્ણત : ઇમાનવાળા બન્દાઓમાં છે (૧૧૧) અને અમે તેને વધામણા આપ્યાં ઇસ્હાકનાં જે ગૈબની ખબરો આપનાર (નબી) અમારી ખાસ નિકટતાને પાત્ર લોકોમાં છે[૧૯૦] (૧૧૨) અને અમે બરકત ઉતારી તેના પર અને ઇસ્હાક પર[૧૯૧]. અને તેમની ઔલાદમાં કોઇ સારા કર્મો કરનાર (છે)[૧૯૨] અને કોઇ પોતાના પ્રાણ પર ચોખ્ખો જુલમ કરનાર (છે)[૧૯૩] (૧૧૩) અને બેશક ! અમે મૂસા અને હારૂન પર ઉપકાર કર્યો[૧૯૪] (૧૧૪) અને તેમને તેમજ તેમની કોમને[૧૯૫] મહા-કષ્ટ માંથી ઉગાર્યા[૧૯૬] (૧૧૫) અને તેમની અમે મદદ કરી[૧૯૭] તો તેઓ જ જીત્યા[૧૯૮] (૧૧૬) અને અમે તે બન્નેને સ્પષ્ટ કિતાબ આપી[૧૯૯] (૧૧૭) અને તેમને સીધો માર્ગ દેખાડયો (૧૧૮) અને પાછલાઓમાં તેમના વખાણ બાકી રાખ્યા (૧૧૯) સલામ હજો મૂસા અને હારૂન પર (૧૨૦) બેશક ! અમે નેક લોકોને આવો જ બદલો આપીએ છીએ (૧૨૧) બેશક ! તે બન્ને અમારા ઉચ્ચ કક્ષાના સંપૂર્ણત: ઇમાનધારી બન્દાઓમાં છે (૧૨૨) અને બેશક ! ઇલ્યાસ પૈગમ્બરોમાં છે[૨૦૦] (૧૨૩) જ્યારે તેણે પોતાની કોમને કહ્યું કે; 'શું તમે ડરતા નથી[૨૦૧] ? (૧૨૪) શું બઅલને પૂજો છો[૨૦૨] અને સર્વોત્તમ સર્જનહારને**

૧૮૬. આ બનાવ મિના (મક્કાની નજીક)માં બન્યો અને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે ફરઝંદના ગળા પર છરી ફેરવી પણ અલ્લાહની કુદરત કે છરી એ કામ કર્યું નહિ.

૧૮૭. આજ્ઞા પાલન અને ફરમાંબરદારીને તેના શિખરે પહોંચાડી દીધી ફરઝંદને ઝુબેહ માટે ખચકાટ વગર રજુ કરી દીધો બસ હવે આટલું જ પુરૂતું છે.

૧૮૮. એમાં મતભેદ છે કે તે ફરઝંદ હઝરત ઇસ્માઇલ હતા કે હઝરત ઇસ્હાક અલયહિસ્સલામ. પણ દલીલોની કુવ્વત એવું દેખાડે છે કે તે ઝુબેહ માટે રજુ કરાએલા ફરઝંદ હઝરત ઇસ્માઇલ જ હતા. અને ફિદયામાં જન્નતની બકરી મોકલવામાં આવી હતી જેને હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામે ઝુબેહ કરી.

૧૮૯. અમારી તરફથી.

૧૯૦. ઝુબેહના બનાવના વર્ણન પછી હઝરત ઇસ્હાક(ના જન્મ)ની ખુશ ખબર આપવી એ વાતની દલીલ છે કે ઝુબેહ માટે રજુ થએલા ફરઝંદ હઝરત ઇસ્માઇલ હતા.

૧૯૧. દરેક પ્રકારની બરકત દીનની અને દુનિયાની. જાહેરી બરકત એ છે કે હઝરત ઇબ્રાહીમ અલયહિસ્સલામનો વંશવેલો ખૂબ વધ્યો અને હઝરત ઇસ્હાક અલયહિસ્સલામની ઔલાદમાં ઘણા પૈગમ્બરો થયા હઝરત યાકૂબથી લઇને હઝરત ઇસા અલયહિસ્સલામ સુધી.

૧૯૨. અર્થાત મુઅમિન.

૧૯૩. અર્થાત કાફિર.

**સૂચના** :- આથી જણાયું કે કોઇ બાપ સર્વગુણ સંપન્ન હોવાથી એ વાત જરૂરી બનતી નથી કે તેની

وما لي ٢٣ الصّٰفّٰت ٣٧

آبَآئِكُمُ الْأَوَّلِينَ ﴿١٢٦﴾ فَكَذَّبُوهُ فَإِنَّهُمْ لَمُحْضَرُونَ ﴿١٢٧﴾
إِلَّا عِبَادَ اللَّهِ الْمُخْلَصِينَ ﴿١٢٨﴾ وَتَرَكْنَا عَلَيْهِ فِي
الْآخِرِينَ ﴿١٢٩﴾ سَلَامٌ عَلَىٰ إِلْ يَاسِينَ ﴿١٣٠﴾ إِنَّا كَذَٰلِكَ
نَجْزِي الْمُحْسِنِينَ ﴿١٣١﴾ إِنَّهُ مِنْ عِبَادِنَا الْمُؤْمِنِينَ ﴿١٣٢﴾
وَإِنَّ لُوطًا لَمِنَ الْمُرْسَلِينَ ﴿١٣٣﴾ إِذْ نَجَّيْنَاهُ وَأَهْلَهُ
أَجْمَعِينَ ﴿١٣٤﴾ إِلَّا عَجُوزًا فِي الْغَابِرِينَ ﴿١٣٥﴾ ثُمَّ دَمَّرْنَا
الْآخَرِينَ ﴿١٣٦﴾ وَإِنَّكُمْ لَتَمُرُّونَ عَلَيْهِمْ مُصْبِحِينَ ﴿١٣٧﴾
وَبِاللَّيْلِ أَفَلَا تَعْقِلُونَ ﴿١٣٨﴾ وَإِنَّ يُونُسَ لَمِنَ
الْمُرْسَلِينَ ﴿١٣٩﴾ إِذْ أَبَقَ إِلَى الْفُلْكِ الْمَشْحُونِ ﴿١٤٠﴾ فَسَاهَمَ
فَكَانَ مِنَ الْمُدْحَضِينَ ﴿١٤١﴾ فَالْتَقَمَهُ الْحُوتُ وَهُوَ مُلِيمٌ ﴿١٤٢﴾
فَلَوْلَا أَنَّهُ كَانَ مِنَ الْمُسَبِّحِينَ ﴿١٤٣﴾ لَلَبِثَ فِي بَطْنِهِ

**ત્યજો છો ? (૧૨૬) અલ્લાહને જે રબ છે તમારો અને તમારા આગલા બાપદાદાઓનો[૨૦૩] (૧૨૬) પછી તેમણે એને જૂઠાડયો તો તેઓ જરૂર પકડાઇને આવશે[૨૦૪] (૧૨૭) પરંતુ અલ્લાહના નિખાલસ બન્દાઓ[૨૦૫] (૧૨૮) અને અમે પાછલાઓમાં તેના વખાણ બાકી રાખ્યા (૧૨૯) સલામ હજો ઇલ્યાસ પર (૧૩૦) બેશક ! અમે નેક માણસોને આવો જ બદલો આપીએ છીએ (૧૩૧) બેશક ! તે અમારા ઉચ્ચ કક્ષાના સંપૂર્ણત: ઇમાનદાર બન્દાઓમાં છે (૧૩૨) અને બેશક ! લૂત પૈગમ્બરોમાં છે (૧૩૩) જ્યારે કે અમે તેને અને તેના તમામ ઘરનાંઓને બચાવ્યાં (૧૩૪) પરંતુ એક વૃધ્ધા જે રહી જનારાઓમાં થઇ[૨૦૬] (૧૩૫) પછી બીજાઓનો અમે સર્વનાશ કર્યો[૨૦૭] (૧૩૬) અને બેશક ! તમે[૨૦૮] તેમના પર થઇને પસાર થાઓ છો સવારે (૧૩૭) અને રાત્રે[૨૦૯], તો શું તમને બુધ્ધિ નથી[૨૧૦] ? (૧૩૮) અને બેશક ! યૂનુસ પૈગમ્બરોમાં છે (૧૩૯) જ્યારે કે ભરાઇ ગએલા વહાણ તરફ ચાલી નીકળ્યા[૨૧૧] (૧૪૦) તો ચિઠ્ઠીઓ નાખી તો ધકેલી દેવાએલાઓમાં થયો (૧૪૧) પછી તેને માછલી ગળી ગઇ અને તે પોતાને સારૂં નરસુ કહેતો હતો[૨૧૨] (૧૪૨) તો જો તે તસ્બીહ કરનાર ન હોત[૨૧૩] (૧૪૩) (તો) જરૂર**

ઔલાદ પણ એવી જ થાય, આ બધી અલ્લાહ તઆલાની શાન છે કદી નેકમાંથી નેક જન્માવે છે કદી બદમાંથી બદ પેદા કરે છે અને કદી બદમાંથી નેક અને કદી નેકમાંથી બદ કાઢે છે. ઔલાદનું ખરાબ હોવું તેના બાપ માટે કલંક રૂપ નથી ન બાપ ખરાબ હોવાથી તેની ઔલાદને કલંક.

૧૯૪. કે તેમને નબુવ્વત અને રિસાલત આપી.

૧૯૫. અર્થાત બની ઇસરાઇલ.

૧૯૬. કે ફિરઔન અને ફિરઔનીઓના અત્યાચારોથી છોડવ્યા.

૧૯૭. કિબ્તીઓના મુકાબલામા.

૧૯૮. ફિરઔન અને તેની કોમ સ્હામે.

૧૯૯. જેનું વર્ણન સચોટ અને તે હુકમો અને કાયદાઓથી ભરપુર કિતાબ એટલે તવરાત.

૨૦૦. જેઓ બઅલબક અને તેની આજુબાજુના વિસ્તારમાં રહેનાર લોકો માટે નબી બનાવીને મોકલાયા હતા.

૨૦૧. અર્થાત શું તમને અલ્લાહ તઆલાનો ખોફ નથી ?

૨૦૨. ''બઅલ'' તેમની મૂર્તિનું નામ હતું જે સોનાની હતી, તેની લંબાઇ ૨૦ વાર હતી અને તેનાં ચાર મોઢાંઓ હતાં, તેની ખૂબ ઇજ્જત કરતા હતા અને એ મૂર્તિ જે જગ્યાએ સ્થાપિત થએલી હતી તેનું નામ ''બક'' હતું એના કારણે જ તે શહેરનું નામ ''બઅલબક'' પડયું જે સિરિયામાં છે.

૨૦૩. તેની ઇબાદત કરતા નથી ?

إلى يوم يبعثون ﴿١٤٤﴾ فنبذنه بالعراء وهو سقيم ﴿١٤٥﴾
وأنبتنا عليه شجرة من يقطين ﴿١٤٦﴾ وأرسلنه إلى
مائة ألف أو يزيدون ﴿١٤٧﴾ فامنوا فمتعنهم إلى
حين ﴿١٤٨﴾ فاستفتهم ألربك البنات ولهم البنون ﴿١٤٩﴾
أم خلقنا الملئكة إناثا وهم شهدون ﴿١٥٠﴾ ألا
إنهم من إفكهم ليقولون ﴿١٥١﴾ ولد الله وإنهم
لكذبون ﴿١٥٢﴾ أصطفى البنات على البنين ﴿١٥٣﴾ ما لكم
كيف تحكمون ﴿١٥٤﴾ أفلا تذكرون ﴿١٥٥﴾ أم لكم سلطن
مبين ﴿١٥٦﴾ فأتوا بكتبكم إن كنتم صدقين ﴿١٥٧﴾ وجعلوا
بينه وبين الجنة نسبا ولقد علمت الجنة
إنهم لمحضرون ﴿١٥٨﴾ سبحن الله عما يصفون ﴿١٥٩﴾ إلا

**તેના પેટમાં રહેત તે દિવસ સુધી જેમાં લોકો ઉઠાડવામાં આવશે[૨૧૪] (૧૪૪) પછી અમે તેને[૨૧૫] મેદાન પર નાંખી દીધો અને તે બીમાર હતો[૨૧૬] (૧૪૫) અને અમે તેના પર[૨૧૭] દૂધીનું ઝાડ ઉગાડયું[૨૧૮] (૧૪૬) અને અમે તેને[૨૧૯] લાખ માણસો તરફ મોકલ્યો બલ્કે વધારે (૧૪૭) તો તેઓ ઇમાન લઇ આવ્યા[૨૨૦] તો અમે તેમને એક ચોક્કસ સમય સુધી વાપરવા દીધું[૨૨૧] (૧૪૮) તો તેમને પૂછો; 'શું તમારા રબ માટે પુત્રીઓ છે[૨૨૨] ? અને તેમના પોતાના માટે પુત્રો[૨૨૩] ? (૧૪૯) અથવા અમે ફરિશ્તાઓને નારી બનાવ્યા અને તેઓ ત્યાં હાજર હતા ?[૨૨૪] (૧૫૦) સાંભળો છો ! બેશક ! તેઓ પોતાની તરફથી ઠોકી બેસાડે છે (૧૫૧) કે અલ્લાહની ઔલાદ છે. અને બેશક ! તેઓ અવશ્ય જૂઠા છે (૧૫૨) શું તેણે પસંદ કરી પુત્રીઓ પુત્રો છોડીને ? (૧૫૩) તમને શું છે કેવો હુકમ લગાડો છો ?[૨૨૫] (૧૫૪) તો શું વિચારતા નથી ?[૨૨૬] (૧૫૫) અથવા તમારા માટે કોઇ ખુલ્લો આધાર છે ? (૧૫૬) તો પોતાની કિતાબ લાવો[૨૨૭] જો તમે સાચો હોઉ તો (૧૫૭) અને તેની તથા જિન્નાતની વચમાં સગ-પણ જોડવ્યુ.[૨૨૮] અને બેશક ! જિન્નાતને ખબર છે કે તેઓ[૨૨૯] જરૂર હાજર કરવામાં આવશે[૨૩૦] (૧૫૮) પાકી છે અલ્લાહને આ વાતોથી જે આ લોકો કહે છે (૧૫૯)**

૨૦૪. જહન્નમમાં.

૨૦૫. અર્થાત તે કોમમાંથી અલ્લાહના ચુનંદા બંદાઓ જેઓ હઝરત ઇલ્યાસ અલયહિસ્સલામ પર ઇમાન લાવ્યા તેઓ અઝાબથી બચી ગયા.

૨૦૬. અઝાબમાં.

૨૦૭. અર્થાત હઝરત લૂત અલયહિસ્સલામની કોમના કાફિરોનો.

૨૦૮. અય મક્કાવાસીઓ !

૨૦૯. અર્થાત પોતાના પ્રવાસો દરમ્યાન રાત દિવસ તમે તેમના પુરાતત્વ ચિન્હો પરથી પસાર થાવ છો.

૨૧૦. કે એનાથી બોધ ગ્રહણ કરો.

૨૧૧. હઝરત ઇબ્ને અબ્બાસ અને વહબનું કહેવું છે કે; હઝરત યૂનુસ અલયહિસ્સલામે પોતાની કોમને અઝાબનો વાયદો આપ્યો હતો તેમાં મોડું થયું એટલે આપ સંતાઇને ત્યાંથી ચાલી નીકળ્યા અને આપે દરિયાઇ સફરનો ઇરાદો કર્યો. એક વહાણમાં બેઠા પણ વહાણ મધદરિયે ઉભુ થઇ ગયું અને તેના થોભી જવાનું કોઇ જાહેરી કારણ હતું નહિ. ખલાસીઓએ કહ્યું કે; આ વહાણમાં પોતાના માલિક પાસેથી ભાગી છુટેલો કોઇ ગુલામ છે ચિઠ્ઠીઓ નાંખીશું તો તે જણાઇ આવશે, જ્યારે ચિઠ્ઠીઓ કાઢવામાં આવી તો તેમાં આપનું જ નામ નીકળ્યું. ત્યારે આપે ફરમાવ્યું કે; હુ જ તે ગુલામ છું. આપને પાણીમાં નાખી દેવામાં આવ્યા કારણ કે રૂઢી એવી જ હતી કે જ્યાં સુધી નાસી છુટેલા ગુલામને દરિયામાં પધરાવી દેવામાં ન આવે

ત્યાં સુધી વહાણ ચાલતું ન હતું.

૨૧૨. કે ચાલી નીકળવામાં શા માટે ઉતાવળ કરી અને કોમથી અલગ થઇ જવામાં અલ્લાહના હુકમની રાહ કેમ જોઇ નહિ.

૨૧૩. અર્થાત અલ્લાહનું ઝિક્ર ખૂબ કરનાર અને માછલીના પેટમાં લાઇલાહ ઇલ્લા અન્ત સુબ્હાનક ઇન્ની કુન્તુ મિનઝ-ઝાલિમીન પઢનાર.....

૨૧૪. અર્થાત કયામતના દિવસ સુધી.

૨૧૫. માછલીના પેટમાંથી કાઢીને તે જ દિવસે અથવા ત્રણ દિવસ પછી અથવા સાત દિવસો પછી અથવા ચાલીસ દિવસો પછી.

૨૧૬. અર્થાત માછલીના પેટમાં રહેવાના કારણે આપ એવા કમજોર અશક્ત અને ઢીલા થઇ ગયા હતા કે જન્મ સમયે જેવું બાળક હોય છે શરીરની ચામડી નરમ થઇ ગઇ હતી અને શરીર પર એક પણ બાલ રહ્યો ન હતો.

૨૧૭. છાંયડો કરવા અને માખીઓથી બચાવવા માટે.

૨૧૮. દૂધીનો વેલો થાય છે જે જમીન પર પથરાય છે પણ આ આપનો મુઅજિઝો હતો કે તે વેલો બીજાં થડવાળાં ઝાડોની જેમ થડ ધરાવતો હતો અને તેની ડાળીઓ પણ હતી અને તેનાં મોટાં મોટાં પાંદડાઓના છાંયડામાં આપ આરામ કરતા હતા. અને અલ્લાહના હુક્મથી રોજ એક બકરી આવી અને સવાર સાંજ પોતાના આંચળ હઝરતના મોઢામાં આપીને દૂધ પીવડાવી જતી હતી. એટલે સુધી કે આપના મુબારક શરીરની ચામડી મજબૂત થઇ વાળ પોતાના સ્થાને જામ્યા અને શરીરમાં શક્તિ આવી.

૨૧૯. પહેલાંની જેમ મૂસિલમાં નેનવા કોમના...

૨૨૦. અઝાબનાં ચિન્હો નિહાળીને. (જેનું બયાન વચ્ચે સૂરએ યૂનુસના દસમાં રૂકૂઅમાં થઇ ગયું છે અને આ બનાવનું વર્ણન સૂરએ અમ્બિયાના છઠ્ઠા રૂકૂઅમાં પણ આવી ગયું છે.)

૨૨૧. અર્થાત તેમની છેલ્લી ઘડી સુધી તેમને રાહતમાં રાખ્યા. આ બનાવના વર્ણન પછી અલ્લાહ તઆલા પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ફરમાવે છે કે; આપ મક્કાના કાફિરોને કયામતમાં ઉઠવાના ઇન્કારનું કારણ પૂછો, જેમકે ફરમાવે છે.....

૨૨૨. જેવી કે જહીના અને બની સલ્મા વિગેરે કાફિરોની માન્યતા છે કે ફરિશ્તાઓ ખુદાની પુત્રીઓ છે.

૨૨૩. અર્થાત પોતાના માટે તો પુત્રીઓને પસંદ કરતા નથી ખરાબ ગણે છે અને પછી એવી વસ્તુ ખુદા માટે ઠેરવે છે.

૨૨૪. જોઇ રહ્યા હતા ? શાં માટે આવી બેહૂદી વાત કરે છે ?

૨૨૫. ખરાબ અને અસત્ય.

૨૨૬. અને એટલું પણ સમજતા નથી કે અલ્લાહ તઆલા ઔલાદથી પર, પવિત્ર છે.

૨૨૭. જેમાં એવો દસ્તાવેજી પુરાવો હોય.

૨૨૮. જેવું કે અમુક મુશરિકોએ કહ્યું હતું કે અલ્લાહ તઆલાએ જિન્નાત(ની કોમ) માં શાદી કરી અને તેનાથી ફરિશ્તાઓનો જન્મ થયો. (મુઆઝલ્લાહ)

૨૨૯. અર્થાત આવી બેહૂદી વાત કહેનાર.

الصّٰفّٰت ٣٧ ومالي ٢٣

عِبَادَ اللّٰهِ الْمُخْلَصِيْنَ ﴿١٦٠﴾ فَاِنَّكُمْ وَمَا تَعْبُدُوْنَ ﴿١٦١﴾ مَآ
اَنْتُمْ عَلَيْهِ بِفٰتِنِيْنَ ﴿١٦٢﴾ اِلَّا مَنْ هُوَ صَالِ الْجَحِيْمِ ﴿١٦٣﴾
وَمَا مِنَّآ اِلَّا لَهٗ مَقَامٌ مَّعْلُوْمٌ ﴿١٦٤﴾ وَّاِنَّا لَنَحْنُ الصَّآفُّوْنَ ﴿١٦٥﴾
وَاِنَّا لَنَحْنُ الْمُسَبِّحُوْنَ ﴿١٦٦﴾ وَاِنْ كَانُوْا لَيَقُوْلُوْنَ ﴿١٦٧﴾ لَوْ
اَنَّ عِنْدَنَا ذِكْرًا مِّنَ الْاَوَّلِيْنَ ﴿١٦٨﴾ لَكُنَّا عِبَادَ اللّٰهِ
الْمُخْلَصِيْنَ ﴿١٦٩﴾ فَكَفَرُوْا بِهٖ فَسَوْفَ يَعْلَمُوْنَ ﴿١٧٠﴾ وَلَقَدْ
سَبَقَتْ كَلِمَتُنَا لِعِبَادِنَا الْمُرْسَلِيْنَ ﴿١٧١﴾ اِنَّهُمْ لَهُمُ الْمَنْصُوْرُوْنَ ﴿١٧٢﴾
وَاِنَّ جُنْدَنَا لَهُمُ الْغٰلِبُوْنَ ﴿١٧٣﴾ فَتَوَلَّ عَنْهُمْ حَتّٰى
حِيْنٍ ﴿١٧٤﴾ وَّاَبْصِرْهُمْ فَسَوْفَ يُبْصِرُوْنَ ﴿١٧٥﴾ اَفَبِعَذَابِنَا
يَسْتَعْجِلُوْنَ ﴿١٧٦﴾ فَاِذَا نَزَلَ بِسَاحَتِهِمْ فَسَآءَ صَبَاحُ
الْمُنْذَرِيْنَ ﴿١٧٧﴾ وَتَوَلَّ عَنْهُمْ حَتّٰى حِيْنٍ ﴿١٧٨﴾ وَّاَبْصِرْ فَسَوْفَ

**પરંતુ અલ્લાહના ચૂંટેલા બન્દાઓ[૨૩૧] (૧૬૦) તો તમે અને જે કંઇ તમે અલ્લાહ સિવાય પૂજો છો[૨૩૨] (૧૬૧) તમે તેની વિરૂધ્ધમાં કોઇને બહેકાવી શકતા નથી[૨૩૩] (૨૬૨) પરંતુ તેને જે ભભુકતી આગમાં જનાર છે[૨૩૪] (૧૬૩) અને ફરિશ્તાઓ કહે છે; 'અમારામાં દરેક માટે એક ચોક્કસ સ્થાન છે[૨૩૫] (૧૬૪) અને બેશક! અમે પાંખો ફેલાવી હુકમની રાહ જોઇએ છીએ (૧૬૫) અને બેશક! અમે તેની તસ્બીહ પઢનાર છીએ' (૧૬૬) અને બેશક! તેઓ કહેતા હતા[૨૩૬]; (૧૬૭) 'જો અમારી પાસે આગલાઓની કોઇ નસીહત હોત[૨૩૭] (૧૬૮) તો અવશ્ય અમે અલ્લાહના ચૂંટી કાઢેલા બન્દાઓ હોત[૨૩૮] (૧૬૯) તો તેને નકારનાર થયા તો નજીકમાં જ જાણી લેશે[૨૩૯] (૧૭૦) અને બેશક! અમારી વાત અમારા મોકલેલા બન્દાઓ માટે પસાર થઇ (૧૭૧) કે બેશક! તેમની જ મદદ થશે અને બેશક! અમારૂં જ લશ્કર[૨૪૦] જીતશે (૧૭૩) તો અમુક સમય તમે તેમનાથી મોઢું ફેરવી લો[૨૪૧] (૧૭૪) અને તેમને જોતા રહો કે તરત જ તેઓ જોશે[૨૪૨] (૧૭૫) તો શું અમારા અઝાબની ઉતાવળ કરે છે? (૧૭૬) પછી જ્યારે તેમનાં આગણાંઓમાં ઉતરશે ત્યારે ડરાવવામાં આવેલાઓની કેટલી ખરાબ સવાર થશે! (૧૭૭) અને અમુક સમય સુધી તેમનાથી મોઢું ફેરવી લો (૧૭૮) અને રાહ**

૨૩૦. જહન્નમમાં અઝાબ માટે.

૨૩૧. ઇમાનદાર અલ્લાહની પવિત્રતા વર્ણવે છે એ તમામ વાતોથી જે આ નાલાયક કાફિરો કહે છે.

૨૩૨. અર્થાત તમારી મૂર્તિઓ બધી જ અને...

૨૩૩. ગુમરાહ કરી શકનાર નથી.

૨૩૪. જેના નસીબમાં જ એવું છે કે પોતાના કુકર્મોના કારણે જહન્નમમાં જાય.

૨૩૫. જેમાં તે પોતાના રબની ઇબાદત કરે છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુ-માએ ફરમાવ્યું છે કે; આકાશમાં વેંત જેટલી જગ્યા પણ એવી નથી જેમાં કોઇ ફરિશ્તો નમાઝમાં મશગૂલ ન હોય અથવા તસ્બીહ ન પઢતો હોય.

૨૩૬. અર્થાત મક્કા મુકર્રમાના કાફિરો અને મુશરિકો સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની પધરામણી પહેલાં કહ્યા કરતા હતા કે...

૨૩૭. કોઇ કિતાબ મળત.

૨૩૮. તેના હુકમને અનુસરત અને નિખાલસતાપૂર્વક ઇબાદત કરત. પછી જ્યારે તમામ કિતાબોથી શ્રેષ્ઠ અને અફઝલ તેમને મળી એટલે કે કુરઆન મજીદ ઉતર્યું.....

૨૩૯. પોતાના કુફ્રનું પરિણામ.

૨૪૦. અર્થાત ઇમાનવાળાઓ.

૨૪૧. જ્યાં સુધી કે તમને તેમની સાથે જિહાદ કરવાનો હુકમ કરવામાં આવે.

وما لي ٢٣ ص ٣٨

يُبْصِرُونَ ﴿١٧٩﴾ سُبْحَانَ رَبِّكَ رَبِّ الْعِزَّةِ عَمَّا يَصِفُونَ ﴿١٨٠﴾ وَسَلَامٌ
عَلَى الْمُرْسَلِينَ ﴿١٨١﴾ وَالْحَمْدُ لِلَّهِ رَبِّ الْعَالَمِينَ ﴿١٨٢﴾
سورة ص مكية وهي ثمان وثمانون اية وفي خمس ركوعات
بِسْمِ اللَّهِ الرَّحْمَٰنِ الرَّحِيمِ
صٓ وَالْقُرْآنِ ذِي الذِّكْرِ ﴿١﴾ بَلِ الَّذِينَ كَفَرُوا
فِي عِزَّةٍ وَشِقَاقٍ ﴿٢﴾ كَمْ أَهْلَكْنَا مِن قَبْلِهِم مِّن
قَرْنٍ فَنَادَوا وَّلَاتَ حِينَ مَنَاصٍ ﴿٣﴾ وَعَجِبُوا أَن
جَاءَهُم مُّنذِرٌ مِّنْهُمْ وَقَالَ الْكَافِرُونَ هَٰذَا سَاحِرٌ
كَذَّابٌ ﴿٤﴾ أَجَعَلَ الْآلِهَةَ إِلَٰهًا وَاحِدًا إِنَّ هَٰذَا
لَشَيْءٌ عُجَابٌ ﴿٥﴾ وَانطَلَقَ الْمَلَأُ مِنْهُمْ أَنِ امْشُوا
وَاصْبِرُوا عَلَىٰ آلِهَتِكُمْ إِنَّ هَٰذَا لَشَيْءٌ يُرَادُ ﴿٦﴾ مَا

**જુઓ કે તેઓ થોડીવારમાં જ દેખશે (૧૭૯) પવિત્રતા છે તમારા રબ ઇજ્જતવાળા રબને તેમની વાતોથી[૨૪૩] (૧૮૦) અને પૈગમ્બરો પર સલામ છે[૨૪૪] (૧૮૧) અને તમામ ખૂબીઓ અલ્લાહને જે સમગ્ર જહાનનો રબ છે (૧૮૨)**

## અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૨૪૫]

**આ સુવિખ્યાત કુરઆનની કસમ[૨૪૬] (૧) બલ્કે કાફિરો ઘમંડ અને વિરોધમાં છે[૨૪૭] (૨) અમે એમનાથી પહેલાં કેટલાંએ સમુહો ખપાવી દીધાં[૨૪૮] તો હવે તેઓ પોકારે[૨૪૯] (પણ) ઉગરવાનો સમય ન હતો[૨૫૦] (૩) અને તેમને એ બાબત આશ્ચર્ય થયું કે તેમની પાસે તેમનામાંનો જ એક ડર સંભળાવનાર પધાર્યો. અને કાફિરો બોલ્યા; 'આ (તો)મહા જૂઠો જાદુગર છે' (૪) શું તેણે બધા ખુદાઓને એક ખુદા કરી દીધો ?[૨૫૧] બેશક ! આ અજબ (જેવી) વાત છે (૫) અને તેમની અંદરના આગેવાનો ચાલ્યા[૨૫૨] કે; 'આની પાસેથી ચાલી નીકળો અને પોતાના ખુદાઓને પુરતા જાણો બેશક ! આમાં એનો કોઇ હેતુ છે (૬)**

૨૪૨. વિવિધ પ્રકારના અઝાબ દુનિયામાં અને આખેરતમાં. જ્યારે આ આયત ઉતરી ત્યારે કાફિરોએ હાંસી ઉડાવતાં કહ્યું કે; 'આ અઝાબ ક્યારે ઉતરશે ?' તેના જવાબમાં આગલી આયત ઉતરી.

૨૪૩. જે કાફિરો તેના વિષે આવું કહે છે અને તેના માટે શરીક અને ઔલાદ ઠેરવે છે.

૨૪૪. જેમણે અલ્લાહ તરફથી તવહીદ અને હુકમો પહોંચાડ્યા. માનવીઓના દરજ્જાઓમાંથી સર્વોચ્ચ દરજ્જો એ છે કે પોતે પણ સંપૂર્ણ હોય અને બીજાઓને સંપૂર્ણ બનાવે એ મોભો નબીઓનો છે તો દરેક પર તેમની તાબેદારી અને અનુસરણ જરૂરી છે.

૨૪૫. સૂરએ સાદનું નામ સૂરએ દાવૂદ પણ છે. આ સૂરત મક્કીય્યહ છે એમાં પાંચ રૂકૂઅ ૮૮ આયતો અને ૭૩૨ શબ્દો તેમજ ૩૦૬૭ અક્ષરો છે.

૨૪૬. જે ઇજ્જત અને બુઝુર્ગીવાળું છે અને મુઅજિઝો છે.

૨૪૭. અને નબીએ કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ સાથે અદાવત રાખે છે તેથી સત્યનો સ્વીકાર કરતા નથી.

૨૪૮. અર્થાત આપની કોમની આગળ કેટલીએ ઉમ્મતોનો સર્વનાશ કર્યો આવા જ અભિમાન અને નબીઓને જૂઠાડવાના કારણે.

૨૪૯. અર્થાત અઝાબ નાઝિલ થયો ત્યારે તેઓ ફરિયાદ કરવા માંડયા.

૨૫૦. કે છુટકારો મેળવી શકે તે સમયની ફરિયાદ બેકાર હતી (પણ) મક્કાના કાફિરોએ તેમની હાલતથી બોધ ગ્રહણ કર્યો નહિ.

سَمِعۡنَا بِهٰذَا فِي الۡمِلَّةِ الۡاٰخِرَةِ ۖۚ اِنۡ هٰذَاۤ اِلَّا
اخۡتِلَاقٌ ۖۚ ⑦ ءَاُنۡزِلَ عَلَيۡهِ الذِّكۡرُ مِنۡۢ بَيۡنِنَا ؕ بَلۡ هُمۡ
فِيۡ شَكٍّ مِّنۡ ذِكۡرِيۡ ۚ بَلۡ لَّمَّا يَذُوۡقُوۡا عَذَابِ ⑧ اَمۡ
عِنۡدَهُمۡ خَزَآئِنُ رَحۡمَةِ رَبِّكَ الۡعَزِيۡزِ الۡوَهَّابِ ⑨ اَمۡ
لَهُمۡ مُّلۡكُ السَّمٰوٰتِ وَالۡاَرۡضِ وَمَا بَيۡنَهُمَا ۟ فَلۡيَرۡتَقُوۡا
فِي الۡاَسۡبَابِ ⑩ جُنۡدٌ مَّا هُنَالِكَ مَهۡزُوۡمٌ مِّنَ
الۡاَحۡزَابِ ⑪ كَذَّبَتۡ قَبۡلَهُمۡ قَوۡمُ نُوۡحٍ وَّعَادٌ وَّ
فِرۡعَوۡنُ ذُو الۡاَوۡتَادِ ⑫ وَثَمُوۡدُ وَقَوۡمُ لُوۡطٍ وَّاَصۡحٰبُ
لۡـَٔيۡكَةِ ؕ اُولٰٓـئِكَ الۡاَحۡزَابُ ⑬ اِنۡ كُلٌّ اِلَّا كَذَّبَ الرُّسُلَ
فَحَقَّ عِقَابِ ⑭ وَمَا يَنۡظُرُ هٰٓؤُلَاۤءِ اِلَّا صَيۡحَةً وَّاحِدَةً
مَّا لَهَا مِنۡ فَوَاقٍ ⑮ وَقَالُوۡا رَبَّنَا عَجِّلۡ لَّنَا قِطَّنَا

**આ તો અમે બધાંથી પાછળના દીન ખ્રિસ્તી ધર્મમાં પણ સાંભળ્યું નથી[૨૫૩] આ તો નર્યું નવું (જ) ઉપજાવી કાઢેલું છે (૭) શું આપણા બધામાંથી એમના પર (જ) કુરઆન ઉતારવામાં આવ્યું[૨૫૪] ?' બલ્કે (હકીકત એ છે કે) તેઓ (કાફિરો) મારી કિતાબ બાબત શંકામાં છે[૨૫૫] બલ્કે હજુ મારો માર ચાખ્યો નથી[૨૫૬] (૮) શું તેઓ તમારા રબની રહમતના ખજાનચીઓ છે ?[૨૫૭] તે ઇજ્જતવાળો બહું આપનાર છે[૨૫૮] (૯) શું તેમના માટે આકાશો અને પૃથ્વીનું અને જે કંઇ એમની વચમાં છે તેનું રાજ્ય છે ? (જો એવું હોય તો) દોરડાંઓ લટકાવીને ચઢી જાય નહિ ?[૨૫૯] (૧૦) આ એક તુચ્છ લશ્કર છે તે લશ્કરોમાંથી જ જે ત્યાં જ ભગાડી મૂકવામાં આવશે[૨૬૦] (૧૧) એમનાથી આગળ જૂઠાડી ચૂક્યા છે નૂહની કોમવાળા અને આદ અને ખુંટાઓ ચોઢનાર ફિરઔન[૨૬૧] (૧૨) અને ષમૂદ અને લૂતની કોમ અને રણવાસીઓ[૨૬૨], આ છે તે જુથો[૨૬૩] (૧૩) આમાં કોઇ એવું નથી જેણે રસૂલોને જૂઠાડયા ન હોય, તો મારો અઝાબ જરૂરી બન્યો[૨૬૪] (૧૪) અને આ રાહ જોતા નથી પરંતુ એક હાકની[૨૬૫] જેને કોઇ ફેરવી શકતું નથી (૧૫) અને બોલ્યા; 'અય અમારા રબ ! અમારો**

૨૫૧. **શાને નુઝૂલ** :- જ્યારે હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ઇસ્લામનો સ્વીકાર કર્યો ત્યારે મુસલમાનોને ખુશી ઉપજી અને કાફિરોને ઊંડો આઘાત લાગ્યો, વલીદ બિન મુગીરાએ કુરેશના સરદારો અને આગેવાનોમાંથી ૨૫ માણસોને ભેગા કર્યા અને તેમને લઇને અબૂ તાલિબ (હુઝૂરના કાકા) પાસે આવ્યો અને તેમને કહ્યું કે; તમે અમારા સરદાર અને બુઝુર્ગ (વડીલ) છો, અમે તમારી પાસે એટલા માટે આવ્યા છીએ કે તમે અમારી અને તમારા ભત્રીજાની વચમાં ફેંસલો કરી દો, એમના જુથના હલકી કક્ષાના લોકોએ જે હોહા મચાવ્યો છે તે તમે જાણો જ છો. અબૂ તાલિબે સૈયિદે આલમ (સલ્લલ્લાહુ અલૈહિ વસલ્લમ)ને બોલાવીને વિનંતિ કરી કે, આ આપની કોમના લોકો છે અને તમારી સાથે સંધી કરવા ઇચ્છે છે, તમે એમના તરફથી સમુળગી આંખો ફેરવી લો નહિ. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું કે; તેઓ મારી પાસેથી શું ઇચ્છે છે ? પેલાઓએ કહ્યું કે; અમે એટલું જ ઇચ્છીએ છીએ કે તમે અમારી અને અમારા મઅબૂદોની ચર્ચા કરવાનું છોડી દો, અમે તમારી અને તમારા મઅબૂદની બદગોઇ કરવાનું મૂકી દઇશું. હુઝૂરે ફરમાવ્યું; શું તમે એક વાક્ય સ્વીકારી શકો છો જેનાથી તમે અરબ અને અજમના હાકેમ બની જાઓ ? અબૂજહલે કહ્યું; એક શું અમે દસ વાક્યો સ્વીકારીશું. ત્યારે હુઝૂરે ફરમાવ્યું કે; કહો 'લાઇલાહ ઇલ્લલ્લાહ'. ત્યારે તે લોકો ઉઠી ગયા અને કહેવા માંડયા; શું એમણે ઘણા ખુદાઓનો એક ખુદા કરી દીધો ? આટલી બધી મખ્લૂક માટે એક ખુદા કેવી રીતે પુરતો થઇ શકે છે ?

૨૫૨. અબૂ તાલિબની મજલિસમાંથી પરસ્પર એવું કહેતાં...

૨૫૩. ખ્રિસ્તીઓ પણ ત્રણ ખુદાઓ માનતા હતા આ તો એક જ ખુદા કહે છે.

قَبْلَ يَوْمِ الْحِسَابِ ﴿١٦﴾ اِصْبِرْ عَلٰى مَا يَقُوْلُوْنَ وَاذْكُرْ
عَبْدَنَا دَاوٗدَ ذَا الْاَيْدِ ۚ اِنَّهٗۤ اَوَّابٌ ﴿١٧﴾ اِنَّا سَخَّرْنَا
الْجِبَالَ مَعَهٗ يُسَبِّحْنَ بِالْعَشِيِّ وَالْاِشْرَاقِ ﴿١٨﴾ وَالطَّيْرَ
مَحْشُوْرَةً ؕ كُلٌّ لَّهٗۤ اَوَّابٌ ﴿١٩﴾ وَشَدَدْنَا مُلْكَهٗ وَ
اٰتَيْنٰهُ الْحِكْمَةَ وَفَصْلَ الْخِطَابِ ﴿٢٠﴾ وَهَلْ اَتٰىكَ
نَبَؤُا الْخَصْمِ ۘ اِذْ تَسَوَّرُوا الْمِحْرَابَ ﴿٢١﴾ اِذْ دَخَلُوْا
عَلٰى دَاوٗدَ فَفَزِعَ مِنْهُمْ قَالُوْا لَا تَخَفْ ۚ خَصْمٰنِ
بَغٰى بَعْضُنَا عَلٰى بَعْضٍ فَاحْكُمْ بَيْنَنَا بِالْحَقِّ وَلَا
تُشْطِطْ وَاهْدِنَاۤ اِلٰى سَوَآءِ الصِّرَاطِ ﴿٢٢﴾ اِنَّ هٰذَاۤ
اَخِيْ ۫ لَهٗ تِسْعٌ وَّتِسْعُوْنَ نَعْجَةً وَّلِيَ نَعْجَةٌ
وَّاحِدَةٌ ۫ فَقَالَ اَكْفِلْنِيْهَا وَعَزَّنِيْ فِي الْخِطَابِ ﴿٢٣﴾

**હિસ્સો અમને જલ્દી આપી દે હિસાબના દિવસ પહેલાં[૨૬૬]' (૧૬) તમે એમની વાતો બદલ સબર કરો અને અમારા નેઅમતોવાળા બન્દા દાવૂદને યાદ કરો[૨૬૭] બેશક ! તે ખૂબ કેન્દ્રિત થનાર છે[૨૬૮] (૧૭) બેશક ! અમે તેના તાબે કરી દીધા પર્વતો કે (જે) તસ્બીહ કરતા હતા સાંજે અને સૂર્યના કિરણ ફૂટતી વખતે[૨૬૯] (૧૮) અને એકત્ર કરાએલાં પક્ષીઓ[૨૭૦] બધાં જ તેના તાબેદાર હતાં [૨૭૧] (૧૯) અને અમે તેના રાજ્યને મજબૂત કર્યું[૨૭૨] અને તેને હિકમત[૨૭૩] તેમજ ફેંસલાની વાત આપી[૨૭૪] (૨૦) અને શું તમારી પાસે[૨૭૫] પેલા દાવાવાળાઓની ખબર આવી જ્યારે તેઓ દીવાલ કુદીને દાવૂદની મસ્જિદમાં આવ્યા[૨૭૬] ? (૨૧) જ્યારે તેઓ દાવૂદ પર પ્રવેશ્યા ત્યારે તે એમનાંથી ગભરાઇ ગયો, તેમણે કહ્યું ; 'ડરશો નહિ, અમે બે વાદીઓ છીએ કે એકે બીજા પર જબરદસ્તી કરી છે[૨૭૭] તો અમારી વચ્ચે સાચો ફેંસલો કરી આપો અને સત્યથી અવળું કરશો નહિ[૨૭૮] અને અમને સીધો માર્ગ દેખાડશો (૨૨) બેશક ! આ મારો ભાઇ છે[૨૭૯] એની પાસે નવ્વાણું ઘેટીઓ છે અને મારી પાસે એક ઘેટી, હવે એ કહે છે કે ; આ (ઘેટી) પણ મને આપી દે અને વાતમાં મારા પર દબાવ નાખે છે' (૨૩)**

૨૫૪. મક્કાવાસીઓને સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના નબુવ્વતના દરજ્જા બાબત ઇર્ષા જાગી અને તેમણે કહ્યું કે; અમારામાં ઇજ્જતવાળા અને આબરૂદાર માણસો મૌજૂદ હતા તેમનામાંથી કોઇના પર કુરઆન ન ઉતર્યું અને (સય્યિદુલ અમ્બિયા) મોહમ્મદ (મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) પર ઉતર્યું ?

૨૫૫. કે એને (તેમની પાસે) લાવનાર મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને જૂઠાડે છે.

૨૫૬. જો મારો અઝાબ ચાખી લેત તો આ શંકા ઇર્ષા અને જૂઠાડવું કશું બાકી રહેત નહિ અને હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને સાચા સમજત પણ તે વખતનું સાચુ સમજવું તેમને કશા ખપ લાગત નહિ.

૨૫૭. અને શું નબુવ્વતની કુંચીઓ તેમના હાથમાં છે કે જેને ઇચ્છે તેને આપે ? પોતાની જાતને શું સમજે છે ? અલ્લાહને અને તેના માલેકીપણાને ઓળખતા નથી.

૨૫૮. રહસ્યના તકાદા અનુસાર જેને જે ઇચ્છે તે આપે તેણે પોતાના હબીબ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને નબુવ્વત આપી તો કોઇને એમાં દખલ કરવાનો અને વાંધો ઉઠાવવાનો શું અધિકાર છે ?

૨૫૯. અને આવો અખત્યાર હોત તો જેને ઇચ્છત તેને જ (તેઓ) વહી થવા દેત અને જગતની વ્યવસ્થા પોતાના હાથોમાં લઇ લેત (પણ) જ્યારે કે આવું કશું નથી ત્યારે ખુદાઇ બાબતો અને અલ્લાહની વ્યવસ્થામાં દખલગીરી શા માટે કરે છે ? તેમને એનો શું હક છે ?' કાફિરોને આવો જવાબ આપ્યા પછી અલ્લાહ તઆલાએ પોતાના હબીબ નબીએ કરીમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને મદદ

અને વિજયનો વાયદો આપતાં ફરમાવ્યું.....

૨૬૦. અર્થાત આ કુરેશનું જુથ પણ તે જ લશ્કરોમાંથી છે જેઓ આપની આગળ પૈગમ્બરો સ્હામે ટોળે ટોળાં જુથો બની બનીને આવતાં હતાં અને અત્યાચારો કર્યા કરતા હતા (અને) એટલા કારણે તબાહ કરી દેવામાં આવ્યા. અલ્લાહ તઆલાએ પોતાના હબીબને ખબર આપી કે તે જ હાલત આમની પણ છે આમને પણ પરાજ્ય થશે. જેમ કે બદ્રમાં એવું જ થયું. ત્યાર પછી અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને શાંત્વન આપવા ખાતર પાછલા પૈગમ્બરો અને તેમની કોમોનું વર્ણન કર્યું.

૨૬૧. જે જ્યારે કોઇના પર ક્રોધે ભરાતો ત્યારે ચાર બાજુ ચાર ખુંટાઓ ચોઢાવી તેની સાથે પેલાને બંધાવીને ખૂબ ફટકારાવતો અને જુલ્મ ગુજારતો હતો.

૨૬૨. જે શુએબ અલયહિસ્સલામની કોમમાં હતા.

૨૬૩. જેઓ પૈગમ્બરોની સ્હામે જુથો બાંધીને આવ્યા. મક્કાના મુશરિકો પણ તે જ જુથોમાં છે.

૨૬૪. અર્થાત તે પહેલાંની ઉમ્મતોએ જ્યારે પૈગમ્બરોને જૂઠાડયા ત્યારે તેમના પર અઝાબ ઉતર્યો તો પછી જ્યારે અઝાબ ઉતરશે ત્યારે આ અશક્ત લોકોનું શું થશે ?

૨૬૫. અર્થાત કયામતના પ્રથમ સૂરની જે એ લોકોના અઝાબ માટે નક્કી થએલો સમય છે.

૨૬૬. નદ્ર બિન હારિસે આવું ઠેકડી ઉડાડવા ખાતર કહ્યું હતું ત્યારે અલ્લાહ તઆલાએ પોતાના હબીબ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને ફરમાવ્યું કે...

૨૬૭. જેમને ઇબાદતની ખૂબ તાકાત આપવામાં આવી હતી આપનો તરીકો હતો કે એક દિવસના આંતરે રોઝો રાખતા અને રાતના પહેલા અડધા ભાગમાં ઇબાદત કરતા ત્યાર પછી રાત્રીના એક ત્રુત્યાંશ ભાગમાં આરામ કરતા પછી બાકીનો છઠ્ઠો ભાગ પાછા ઇબાદતમાં વિતાવતા.

૨૬૮. પોતાના રબ પ્રતિ.

૨૬૯. હઝરત દાવૂદ અલયહિસ્સલામની તસ્બીહ સાથે.

૨૭૦. આ આયતની તફસીરમાં એવું પણ કહેવાયું છે કે અલ્લાહ તઆલાએ પહાડોને હઝરત દાવૂદ અલયહિસ્સલામના એવા તાબેદાર બનાવી દીધા હતા કે આપ જ્યાં ઇચ્છતા ત્યાં તેમને પોતાની સાથે લઇ જતા. (મદારિક).

૨૭૧. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું કે જ્યારે હઝરત દાવૂદ અલયહિસ્સલામ તસ્બીહ પઢતા ત્યારે પર્વતો પણ આપની સાથે તસ્બીહ પઢતા હતા અને પક્ષીઓ પણ આપની પાસે એકત્ર થઇને આપની સાથે સાથે તસ્બીહ પઢતાં હતાં.

૨૭૨. સૈન્યો અને લશ્કરોની વિપુલતા આપીને. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; સમગ્ર જગતનાં બાદશાહોમાં હઝરત દાવૂદ અલયહિસ્સલામનું રાજ્ય બહું જ મજબૂત અને તાકાતવાન હતું ૩૬ હજાર પુરૂષો આપના મહેરાબના ચોકીદારો હતા.

૨૭૩. અર્થાત નબુવ્વત. અમુક તફસીરકારોએ 'હિકમત'ની તફસીર 'ન્યાય' કરી છે અમુકે અલ્લાહની કિતાબનું ઇલ્મ, અમુકે ફિક્હ, અમુકે સુન્નત. (જુમલ)

૨૭૪. ફેંસલાની વાત (ફસલલ ખિતાબ)નો મતલબ ન્યાય કરવાની આવડતનું ઇલ્મ છે જે સત્ય અને જૂઠમાં તફાવત કરી આપે છે.

૨૭૫. અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

قَالَ لَقَدْ ظَلَمَكَ بِسُؤَالِ نَعْجَتِكَ إِلَىٰ نِعَاجِهِ ۖ
وَإِنَّ كَثِيرًا مِّنَ الْخُلَطَاءِ لَيَبْغِي بَعْضُهُمْ عَلَىٰ بَعْضٍ
إِلَّا الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ وَقَلِيلٌ مَّا هُمْ ۗ
وَظَنَّ دَاوُودُ أَنَّمَا فَتَنَّاهُ فَاسْتَغْفَرَ رَبَّهُ وَخَرَّ رَاكِعًا
وَأَنَابَ ۩ ﴿٢٤﴾ فَغَفَرْنَا لَهُ ذَٰلِكَ ۖ وَإِنَّ لَهُ عِندَنَا لَزُلْفَىٰ
وَحُسْنَ مَآبٍ ﴿٢٥﴾ يَا دَاوُودُ إِنَّا جَعَلْنَاكَ خَلِيفَةً فِي الْأَرْضِ
فَاحْكُم بَيْنَ النَّاسِ بِالْحَقِّ وَلَا تَتَّبِعِ الْهَوَىٰ فَيُضِلَّكَ
عَن سَبِيلِ اللَّهِ ۚ إِنَّ الَّذِينَ يَضِلُّونَ عَن سَبِيلِ
اللَّهِ لَهُمْ عَذَابٌ شَدِيدٌ بِمَا نَسُوا يَوْمَ الْحِسَابِ ﴿٢٦﴾ وَمَا
خَلَقْنَا السَّمَاءَ وَالْأَرْضَ وَمَا بَيْنَهُمَا بَاطِلًا ۚ ذَٰلِكَ
ظَنُّ الَّذِينَ كَفَرُوا ۚ فَوَيْلٌ لِّلَّذِينَ كَفَرُوا مِنَ النَّارِ ﴿٢٧﴾

منزل ٦ السجدة ١٠

فરમાવ્યું (દાવૂદે) ; 'બેશક ! એ તારા પર અતિશયોક્તિ કરે છે કે (એ) તારી ઘેટી પોતાની ઘેટીઓમાં ભેળવી દેવા માંગે છે અને બેશક ! ભાગીદારીમાં ધંધો કરનાર ઘણા લોકો એકબીજા પર અતિશયોક્તિ કરતા હોય છે પરંતુ જેઓ ઇમાન લાવ્યા અને સારાં કામો કર્યા અને એવા બહું થોડા છે[૨૮૦]. હવે દાવૂદને સમજ પડી કે આ (તો) અમે તેને અજમાવ્યો હતો[૨૮૧]. ત્યારે પોતાના રબ પાસે માફી માંગી અને સિજદામાં નમી પડયો[૨૮૨] અને કેન્દ્રિત થયો (૨૪) તો અમે તેને એ માફ કરી દીધું. અને બેશક ! તેના માટે અમારા દરબારમાં નિકટતા અને સરસ સ્થાન છે (૨૫) અય દાવૂદ ! બેશક ! અમે તને પૃથ્વીમાં નાયબ બનાવ્યો[૨૮૩] તો લોકોમાં સાચો હુકમ કર અને મને-ચ્છાની પાછળ જઇશ નહિ કે (તે) તને અલ્લાહના માર્ગથી ભટકાવી દેશે, બેશક ! તેઓ જે અલ્લાહના માર્ગથી ભટકી જાય છે તેમના માટે સખ્ત અઝાબ છે એ બાબત કે તેઓ વિસરી બેઠા હિસાબના દિવસને[૨૮૪] (૨૬) અને અમે આકાશ અને પૃથ્વી અને જે કંઇ એમની વચમાં છે તે વ્યર્થ બનાવ્યું નથી. એ તો કાફિરોનું માનવું છે[૨૮૫], અને કાફિરોની આગ દ્વારા ખરાબી છે (૨૭)

૨૭૬. મશહૂર કથન અનુસાર એ આવનારા ફરિશ્તાઓ હતા જેઓ હઝરત દાઉદ અલયહિસ્સલામની અજમાયશ કરવા આવ્યા હતા.

૨૭૭. એમનું એવું કહેવું એક મસ્અલાની ધારી લીધેલી હાલત રજુ કરીને તેનો જવાબ મેળવવા ખાતર હતું. કોઇ મસ્અલાનો જવાબ મેળવવા અમુક હાલતો ધારી લેવામાં આવે છે અને અમુક ચોક્કસ પાત્રો સાથે એનો સંબંધ જોડવામાં આવે છે જેથી મસ્અલાનું વર્ણન સ્પષ્ટ રીતે થાય અને ગુંચ રહેવા પામે નહિ. અહીં ફરિશ્તાઓએ જે પરિસ્થિતિ રજુ કરી તેનો હેતુ હઝરત દાવૂદ અલયહિસ્સલામનું ધ્યાન એક બાબત તરફ દોરવાનો હતો જે તેમને લાગુ પડી હતી અને તે એ હતી કે આપની નવ્વાણું બીબીઓ હતી પણ ત્યાર પછી આપે એક બીજી સ્ત્રીને (નિકાહ)નો પૈગામ આપ્યો જેને એક મુસલમાને પ્રથમથી જ પૈગામ પહોંચા-ડેલો હતો, પરંતુ આપનો પૈગામ મળ્યા પછી પેલી સ્ત્રીનાં સગાંઓ બીજાના (પૈગામ) તરફ ધ્યાન શાનું આપે ? આપની સાથે તેણીનો નિકાહ કરી દીધો. એક કથન એવું પણ છે કે પેલા મુસલમાન સાથે તેણીનો નિકાહ થઇ ચૂક્યો હતો હઝરત દાવૂદે તેને પોતાની ઇચ્છાની વાત કરી અને એવી ઇચ્છા કરી કે તે પોતાની ઔરતને તલાક આપી દે, પેલો આપની શરમના કારણે ઇન્કાર કરી શક્યો નહિ અને તેણે તલાક આપી દીધી આપનો નિકાહ તેણી સાથે થઇ ગયો. અને તે સમયમાં એવો રિવાજ હતો કે અમુકને કોઇ (પરણિત) સ્ત્રી સાથે નિકાહ કરવાનો શોખ હોય તો તે તેને જાહેર કરી તલાકની વિનંતી કરી તે મેળવતો અને ઇદ્દત પછી નિકાહ કરી લેતો. આ વાત ન તો શરીઅતમાં નાજાઇઝ છે ન તો તે સમયના રિવાજની વિરૂધ્ધ, પરંતુ નબીઓનો મોભો ઘણો ઊંચો હોય છે એટલા માટે એ આપની ઉચ્ચ પદવીને શોભતું ન હતું તેથી અલ્લાહની

ص ٣٨ ومالي ٢٣

أَمْ نَجْعَلُ الَّذِينَ آمَنُوا وَعَمِلُوا الصَّالِحَاتِ كَالْمُفْسِدِينَ
فِي الْأَرْضِ أَمْ نَجْعَلُ الْمُتَّقِينَ كَالْفُجَّارِ ﴿٢٨﴾ كِتَابٌ أَنزَلْنَاهُ
إِلَيْكَ مُبَارَكٌ لِّيَدَّبَّرُوا آيَاتِهِ وَلِيَتَذَكَّرَ أُولُو الْأَلْبَابِ ﴿٢٩﴾
وَوَهَبْنَا لِدَاوُودَ سُلَيْمَانَ نِعْمَ الْعَبْدُ إِنَّهُ أَوَّابٌ ﴿٣٠﴾
إِذْ عُرِضَ عَلَيْهِ بِالْعَشِيِّ الصَّافِنَاتُ الْجِيَادُ ﴿٣١﴾
فَقَالَ إِنِّي أَحْبَبْتُ حُبَّ الْخَيْرِ عَن ذِكْرِ رَبِّي حَتَّىٰ
تَوَارَتْ بِالْحِجَابِ ﴿٣٢﴾ رُدُّوهَا عَلَيَّ فَطَفِقَ مَسْحًا بِالسُّوقِ
وَالْأَعْنَاقِ ﴿٣٣﴾ وَلَقَدْ فَتَنَّا سُلَيْمَانَ وَأَلْقَيْنَا عَلَىٰ كُرْسِيِّهِ
جَسَدًا ثُمَّ أَنَابَ ﴿٣٤﴾ قَالَ رَبِّ اغْفِرْ لِي وَهَبْ لِي
مُلْكًا لَّا يَنبَغِي لِأَحَدٍ مِّن بَعْدِي إِنَّكَ أَنتَ الْوَهَّابُ ﴿٣٥﴾
فَسَخَّرْنَا لَهُ الرِّيحَ تَجْرِي بِأَمْرِهِ رُخَاءً حَيْثُ أَصَابَ ﴿٣٦﴾

**શું અમે તેમને જેઓ ઇમાન લાવ્યા અને સદકર્મો કર્યા તેમની જેવા કરી આપીએ જેઓ પૃથ્વીમાં ફસાદ ફેલાવે છે ? અથવા અમે પરહેઝગારોને લફંગાઓ નાફરમાનોની કક્ષાના કરી દઇએ ?[૨૮૬] (૨૮) આ એક કિતાબ છે જે અમે તમારી તરફ ઉતારી[૨૮૭] બરકતવાળી, જેથી એની આયતોને બુધ્ધિમાનો મનન કરે અને નસીહત માને (૨૯) અને અમે દાવૂદને[૨૮૮] સુલેમાન આપ્યો, કેટલો સારો બન્દો, બેશક ! તે ખૂબ જ કેન્દ્રિત થનાર[૨૮૯] (હતો) (૩૦) જ્યારે કે ત્રીજા પહોરે[૨૯૦] તેની સમક્ષ રજુ કરવામાં આવ્યા કે થોભાવવામાં આવે તો ત્રણ પગો ઉપર ઉભા રહે ચોથા ખળની ધારને જમીન સાથે ટેકવીને, અને દોડાવવામાં આવે તો પવન બની જાય[૨૯૧] (૩૧) ત્યારે સુલેમાને કહ્યું; મને પોતાના રબની યાદ ખાતર[૨૯૨] આ ઘોડાઓનો પ્રેમ પસંદ પડયો છે. પછી તેમને દોડાવવાનો હુકમ આપ્યો એટલે સુધી કે દ્રષ્ટિમાંથી અલોપ થઇ ગયા[૨૯૩] (૩૨) ફરી હુકમ આપ્યો કે; તેમને મારી પાસે પાછા લાવો. તો તેમની પીંડલીઓ અને ગરદનો પર હાથ ફેરવવા લાગ્યા[૨૯૪] (૩૩) અને બેશક ! અમે સુલેમાનની કસોટી કરી[૨૯૫] અને તેના તખ્ત પર એક નિર્જીવ શરીર નાખી દીધું[૨૯૬], પછી કેન્દ્રિત થયો[૨૯૭] (૩૪) વિનંતી કરી; અય મારા રબ ! મને માફ કરી દે અને મને એવું રાજ્ય આપ જે મારા પછી બીજા કોઇને યોગ્ય હોય નહિ[૨૯૮] બેશક ! તુ જ છે મહા અર્પણહાર' (૩૫) તો અમે પવન**

મરજી એવી થઇ કે આપનું ધ્યાન દોરવામાં આવે અને એનું કારણ એ બનાવ્યું કે ફરિશ્તાઓ વાદી અને પ્રતિવાદી બનીને આપની સેવામાં ઉપસ્થિત થયા.

**ફાયદો** :- આથી જણાયું કે જો બુઝુર્ગોથી કોઇ ભૂલથાપ થાય અને કોઇ વાત મોભા વિરૂધ્ધની બની જાય તો અદબ એ છે કે સીધે સીધે રીતે જબાનથી વાંધો ઉઠાવવામાં આવે નહિ, બલ્કે એ બનાવ જેવો એક બનાવ ધારી લઇ તે બાબતે પ્રશ્ન પૂછવાની રીતે સવાલ પૂછવો જોઇએ અને તેમની અઝમત અને ઇજ્જતનો ખ્યાલ રાખવો જોઇએ. અને તે પણ જણાયું કે અલ્લાહ પોતાના નબીઓની એટલી બધી ઇજ્જત કરે છે કે તેમનું ધ્યાન કોઇ બાબત દોરવા માટે ફરિશ્તાઓને આ રીતે અદબ પૂર્વક મોકલે છે.

૨૭૮. જેની ભૂલ હોય તેને શેહશરમ રાખ્યા વગર કહી આપો.

૨૭૯. અર્થાત દીની ભાઇ.

૨૮૦. હઝરત દાવૂદ અલયહિસ્સલામની આ વાત સાંભળીને એક ફરિશ્તાએ હસીને બીજા તરફ જોયું અને તેઓ આકાશ તરફ ચાલ્યા ગયા.

૨૮૧. અને ઘેટી તો એક નિર્દેશ હતો જેનો મતલબ સ્ત્રી હતી કારણ કે નવ્વાણું સ્ત્રીઓ આપની પાસે હોવા છતાં એક વધુ સ્ત્રીની આપે ઇચ્છા કરી હતી એટલા માટે ઘેટીનો નિર્દેશ કરીને પ્રશ્ન પૂછવામાં આવ્યો. જ્યારે આપ એ સમજી ગયા.....

૨૮૨. **મસઅલો** :- આ આયતથી સાબિત થાય છ કે નમાઝમાં રૂકૂઅ કરવું સિજદએ તિલાવતના બદલે પુરતું છે જ્યારે કે નિય્યત કરવામાં આવે.

૨૮૩. મખ્લૂકના વ્યવસ્થાતંત્ર પર આપને નિયુક્ત કર્યા અને આપનો હુકમ તેમનામાં લાગુ પાડ્યો.

૨૮૪. અને એટલા કારણે ઇમાનથી વંચિત રહ્યા જો તેમને હિસાબના દિવસની ખાત્રી હોત તો દુનિયા માં જ ઇમાન લઇ આવત.

૨૮૫. ભલે તેઓ સ્પષ્ટ રીતે એવું કહેતા ન હોય કે પૃથ્વી અને આકાશ અને સમગ્ર સૃષ્ટિનું સર્જન અર્થહિન છે પરંતુ જ્યારે કે મહેશરના ઉઠવાને અને હિસાબને માનતા નથી તો પરિણામ એ જ નીકળ્યું કે સૃષ્ટિના સર્જનને વ્યર્થ અને નિર્લાભ માને છે.

૨૮૬. આ વાત બુધ્ધિના તકાદાની તદ્દન વિરૂધ્ધ છે. અને જે વ્યકિત કર્મોના બદલાને માનતી નથી તે અવશ્ય ફસાદી અને સજ્જનને તેમજ ગુન્હાખોર અને પરહેઝગારને સરખા જ ગણશે અને એમનામાં કશો ફેર ગણશે નહિ, કાફિરો આવી જ અજ્ઞાનતામાં સપડાએલા છે.

**શાને નુઝૂલ** :- કુરેશી કાફિરોએ મુસલમાનોને એવું કહ્યું હતું કે; આખેરતમાં તમને જે નેઅમતો મળશે તે જ અમને મળશે. તે બાબત આ આયતે કરીમા ઉતરી અને કહેવામાં આવ્યું કે નેક અને બદને તેમજ કાફિરને અને અને મુઅમિનને સરખા કરી દેવા બુધ્ધિના તકાદા અનુસાર નથી, કાફિરોનો આ ખ્યાલ ખોટો છે.

૨૮૭. અર્થાત કુરઆન શરીફ.

૨૮૮. નેક ફરઝંદ...

૨૮૯. અલ્લાહ તઆલા પ્રતિ, અને દરેક સમયે તસ્બીહ અને ઝિક્રમાં તલ્લીન રહેનાર હતો.

૨૯૦. ઝોહર પછી એવા ઘોડાઓ.....

૨૯૧. એ હજાર ઘોડાઓ હતા જે જિહાદ માટે હતા અને ઝોહર પછી હઝરત સુલેમાન અલયહિસ્સ-લામના પરિક્ષણ માટે રજુ કરવામાં આવ્યા.

૨૯૨. અર્થાત હુ એમને અલ્લાહની ખુશી અને દીનની મજબૂતાઇ ખાતર પ્રેમ કરૂં છું મારી મહોબ્બત એમની સાથે દુનિયાના મતલબ ખાતર નથી. (તફસીરે કબીર).

૨૯૩. અર્થાત દ્રષ્ટિમાંથી ગાયબ થઇ ગયા.

૨૯૪. અને એ હાથ ફેરવવાનાં અમુક કારણો હતાં, એક તો ઘોડાઓના સન્માનની જાહેરાત કે તેઓ શત્રુના સામના સમયે ઉત્તમ મદદગાર છે. બીજું રાજ્યના કામોની જાતે દેખરેખ રાખવી કે જેથી બધા અમલદારો સાવધ રહે. ત્રીજું એ કે આપ ઘોડાઓની હાલતો અને તેમની બીમારીઓના ઉચ્ચ કક્ષાના નિષ્ણાત હતા તેમને હાથ ફેરવીને તેમની હાલતને પારખતા હતા.

અમુક તફસીરકારોએ આ આયતોની તફસીરમાં ઘણા આધારહિન કથનો ટાંક્યાં છે જેની સત્યતાની કોઇ દલીલ નથી અને તે માત્ર વાર્તાઓ છે જે મજબૂત દલીલો સામે કોઇ રીતે સ્વીકારને પાત્ર નથી અને આ જે તફસીર રજુ કરવામાં આવી છે તે કુરઆનના શબ્દો સાથે બંધબેસતી છે. (તફસીરે કબીર)

૨૯૫. બુખારી અને મુસ્લિમ શરીફમાં હઝરત અબૂહુરૈરા રદીયલ્લાહુ અન્હુની હદીષ છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; હઝરત સુલેમાન અલયહિસ્સલામે કહ્યું હતું કે હું આજે રાત્રે મારી ૯૦ પત્નીઓ પાસે જઇશ દરેક ગર્ભવતી થશે અને દરેકને અલ્લાહની રાહમાં જિહાદ કરનાર અસ્વાર જન્મશે, પણ એવું કહેતી વખતે મુબારક જબાનથી ઇન્શાઅલ્લાહ કહ્યું નહિ, કદાચ આપ કોઇ એવા કામમાં પરોવાએલા હતા તેથી આપને એનો ખ્યાલ રહ્યો નહિ, તો કોઇ એક પણ સ્ત્રીને ગર્ભ રહ્યો નહિ એક

صٓ ٣٨ — ومالي ٢٣

والشياطين كل بناء وغواص ﴿٣٧﴾ وآخرين مقرنين
في الأصفاد ﴿٣٨﴾ هذا عطاؤنا فامنن أو أمسك بغير
حساب ﴿٣٩﴾ وإن له عندنا لزلفى وحسن مآب ﴿٤٠﴾ واذكر
عبدنا أيوب إذ نادى ربه أني مسني الشيطان
بنصب وعذاب ﴿٤١﴾ اركض برجلك هذا مغتسل
بارد وشراب ﴿٤٢﴾ ووهبنا له أهله ومثلهم معهم
رحمة منا وذكرى لأولي الألباب ﴿٤٣﴾ وخذ بيدك
ضغثا فاضرب به ولا تحنث إنا وجدناه صابرا نعم
العبد إنه أواب ﴿٤٤﴾ واذكر عبادنا إبراهيم وإسحاق
ويعقوب أولي الأيدي والأبصار ﴿٤٥﴾ إنا أخلصناهم بخالصة
ذكرى الدار ﴿٤٦﴾ وإنهم عندنا لمن المصطفين الأخيار ﴿٤٧﴾

**તેના તાબે કરી દીધો જે તેના હુકમથી નરમ નરમ ફૂંકાતો[૨૯૯] જ્યાં તે ઇચ્છે (૩૬) અને દેવો તાબે કરી દીધા દરેક ઇમારતો બાંધનારા[૩૦૦] અને ડૂબકી મારનારા[૩૦૧] (૩૮) અને બીજા અને બેડીઓમાં જકડાએલા[૩૦૨] (૩૮) આ અમારી દેણ છે, હવે તુ ઇચ્છે તો ઉપકાર કર[૩૦૩] અથવા અટકાવી રાખ[૩૦૪] તારા પર કશો હિસાબ નથી (૩૯) અને બેશક ! તેના માટે અમારા દરબારમાં અવશ્ય નિકટતા અને સારૂં સ્થાન છે (૪૦) અને અમારા બન્દા અય્યુબને યાદ કરો જ્યારે તેણે પોતાના રબને પોકાર્યો; 'મને શયતાને તકલીફ અને કષ્ટ લગાડી દીધાં'[૩૦૫] (૪૧) અમે ફરમાવ્યું; 'જમીન પર પોતાનો પગ ઠોક[૩૦૬] આ રહ્યું ઠંડુ ઝરણું ન્હાવા અને પીવા માટે[૩૦૭]' (૪૨) અને અમે તેને તેનાં ઘરનાં અને બીજાં તેટલાં જ ઓર આપ્યાં પોતાની રહમતથી[૩૦૮] અને બુધ્ધિમાનોને નસીહત માટે (૪૩) અને (અમે) ફરમાવ્યું કે; 'પોતાના હાથમાં એક સાવરણી લઇને તેનાથી મારી દે[૩૦૯] અને કસમ તોડ નહિ' બેશક ! અમે તેને ધીરજવાન જોયો; કેટલો સારો બન્દો,[૩૧૦] બેશક ! તે કેન્દ્રિત થનાર છે (૪૪) અને યાદ કરો અમારા બન્દાઓ ઇબ્રાહીમ અને ઇસ્હાક અને યાકુબ, કુદરત અને ઇલ્મવાળાઓને[૩૧૧] (૪૫) બેશક ! અમે તેમને એક ચોખ્ખી વાત દ્વારા નોખા પાડી દીધા જે આ ઘરની યાદ છે[૩૧૨] (૪૬) અને બેશક ! તેઓ અમારી પાસે ચુનંદા**

સિવાય, અને તેણીને પણ અધુરૂં બાળક અવતર્યું. સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; જો હઝરત સુલેમાન ઇન્શાઅલ્લાહ બોલ્યા હોત તો બધી જ ઓરતોને પુત્રો જન્મત અને તેઓ અલ્લાહના માર્ગમાં જિહાદ કરત. (બુખારી, પારો ૧૩, કિતાબુલ અમ્બિયા)

૨૯૬. અર્થાત અધુરૂં બાળક.

૨૯૭. અલ્લાહ તઆલા તરફ, ઇસ્તિગફાર કરીને ઇન્શાઅલ્લાહ નહિ કહેવા બદલ. અને હઝરત સુલેમાન અલયહિસ્સલામે અલ્લાહના દરબારમાં...

૨૯૮. એનાથી હેતુ એ હતો કે એવું રાજ્ય આપનો મુઅજિઝો બને.

૨૯૯. આજ્ઞાંકિત રીતે.

૩૦૦. જેઓ આપના હુકમથી આપની મરજી મુજબની આશ્ચર્યજનક ઇમારતો ચણતા હતા.

૩૦૧. જેઓ આપના માટે સમુદ્રમાંથી મોતીઓ કાઢી લાવતા. સર્વપ્રથમ સમુદ્રોમાંથી મોતી કઢાવ-નાર આપ જ હતા.

૩૦૨. હુલ્લડખોર શયતાનો પણ આપના તાબે કરી દેવામાં આવ્યા જેમને આપ સજા કરવા અને રંજાડથી અટકાવવા માટે સાંકળોથી બંધાવીને કેદમાં જકડી રાખતા હતા.

૩૦૩. જેના પર ઇચ્છે તેના પર.

૩૦૪. જેના માટે ઇચ્છે તેના માટે. અર્થાત આપવા ન આપવાનો આપને અધિકાર આપવામાં આવ્યો જેવી મરજી થાય તેવું કરો.

અને પસંદ કરાએલા છે (૪૭) અને યાદ કરો ઇસ્માઇલ અને યસઅ અને ઝુલકિફ્લને[૩૧૩] અને (એ) સર્વે સારા છે (૪૮) આ નસીહત છે. અને બેશક ![૩૧૪] પરહેઝગારોનું સ્થાના સારૂં છે (૪૯) રહેવાના બગીચાઓ અને તેમના માટે બધાં જ દ્વાર ઉઘાડાં (૫૦) તેમાં તકિયાઓને અઢેલો લગાવેલા[૩૧૫], તેમાં ઘણા મેવાઓ અને શરાબ માંગે છે (૫૧) અને તેમની પાસે એવી પત્નીઓ છે કે જે પોતાના પતિઓ સિવાય અન્ય તરફ આંખ ઉપાડતી નથી સરખી ઉંમરની[૩૧૬] (૫૨) આ છે તે જેનો તમને વાયદો આપવામાં આવે છે હિસાબના દિવસે (૫૩) બેશક ! આ અમારી રોજી છે જે કદી ઘટશે નહિ[૩૧૭] (૫૪) આમના માટે તો આ છે[૩૧૮]. અને બેશક ! બંડખોરોનું ખરાબ સ્થાન (૫૫) જહન્નમ. કે તેમાં પડશે, તો કેટલું ખરાબ બીછોનું[૩૧૯] (૫૬) એમના માટે આ છે. તો એને ચાખે ઉકળતું પાણી અને પરૂ[૩૨૦] (૫૭) અને એવી જ આકૃતિનાં બીજાં જોડકાંઓ[૩૨૧] (૫૮) તેમને કહેવામાં આવશે; 'આ એક બીજું સૈન્ય તમારી સાથે ધસી પડે છે જે તમારૂં હતું[૩૨૨]' તેઓ કહેશે; 'એમને ખુલ્લું સ્થાન મળશો નહિ. આગમાં તો એમને જવાનું જ છે ત્યાં પણ સાંકડી જગ્યામાં રહે' (૫૯) તાબેદારો કહેશે; 'બલ્કે તમને ખુલ્લું સ્થાન મલશો નહિ. આ મુસીબત તમે અમારી સામે લાવ્યા[૩૨૩], તો કેટલું ખરાબ સ્થાન[૩૨૪]' (૬૦) તેઓ બોલ્યા; અય

وما لي ٢٣ ص ٣٨

وَاذْكُرْ إِسْمٰعِيلَ وَالْيَسَعَ وَذَا الْكِفْلِ ۖ وَكُلٌّ مِّنَ الْأَخْيَارِ ﴿٤٨﴾
هٰذَا ذِكْرٌ ۚ وَإِنَّ لِلْمُتَّقِينَ لَحُسْنَ مَاٰبٍ ﴿٤٩﴾ جَنّٰتِ عَدْنٍ
مُّفَتَّحَةً لَّهُمُ الْأَبْوَابُ ﴿٥٠﴾ مُتَّكِئِينَ فِيهَا يَدْعُونَ فِيهَا
بِفَاكِهَةٍ كَثِيرَةٍ وَّشَرَابٍ ﴿٥١﴾ وَعِنْدَهُمْ قٰصِرٰتُ الطَّرْفِ
أَتْرَابٌ ﴿٥٢﴾ هٰذَا مَا تُوعَدُونَ لِيَوْمِ الْحِسَابِ ﴿٥٣﴾ إِنَّ هٰذَا
لَرِزْقُنَا مَا لَهُ مِنْ نَّفَادٍ ﴿٥٤﴾ هٰذَا ۚ وَإِنَّ لِلطّٰغِينَ لَشَرَّ
مَاٰبٍ ﴿٥٥﴾ جَهَنَّمَ ۚ يَصْلَوْنَهَا ۚ فَبِئْسَ الْمِهَادُ ﴿٥٦﴾ هٰذَا
فَلْيَذُوقُوهُ حَمِيمٌ وَّغَسَّاقٌ ﴿٥٧﴾ وَّاٰخَرُ مِنْ شَكْلِهٖٓ
أَزْوَاجٌ ﴿٥٨﴾ هٰذَا فَوْجٌ مُّقْتَحِمٌ مَّعَكُمْ ۚ لَا مَرْحَبًا بِهِمْ ۚ إِنَّهُمْ
صَالُوا النَّارِ ﴿٥٩﴾ قَالُوا بَلْ أَنْتُمْ ۖ لَا مَرْحَبًا بِكُمْ ۖ أَنْتُمْ
قَدَّمْتُمُوهُ لَنَا ۖ فَبِئْسَ الْقَرَارُ ﴿٦٠﴾ قَالُوا رَبَّنَا مَنْ قَدَّمَ لَنَا

منزل ٦

૩૦૫. શરીર અને ધનમાં. એનો નિર્દેશ આપની બીમારી અને તકલીફો પ્રતિ છે. (આ બનાવનું વિગતવાર બયાન સૂરએ અમ્બિયાના છઠ્ઠા રૂકૂઅમાં થઇ ચૂક્યું છે).

૩૦૬. પછી જેમકે આપે પગથી જમીન પર ઠોક્યું તેનાથી મીઠા પાણીનું એક ઝરણું નીકળ્યું અને આપને કહેવામાં આવ્યું.....

૩૦૭. પછી આપે તેમાંથી પીધું અને સ્નાન કર્યું અને બધી જ આંતરિક બાહય બીમારીઓ દૂર થઇ ગઇ.

૩૦૮. વર્ણવવામાં આવ્યું છે કે આપની જે ઔલાદ મરી ગઇ હતી અલ્લાહ તઆલાએ તે જીવતી કરી આપી અને પોતાની કૃપા અને મહેરબાનીથી તેટલી જ બીજી આપી.

૩૦૯. પોતાની પત્નીને જેને ૧૦૦ ફટકા મારવાના સોગંદ લીધા હતા મોડેથી હાજર થવા બદલ.

૩૧૦. અર્થાત અય્યૂબ અલયહિસ્સલામ.

૩૧૧. જેમને અલ્લાહ તઆલાએ ઇલ્મ અને અમલની હિકમત આપી અને પોતાની ઓળખ તેમજ ફરમાંબરદારીની તાકાત આપી.

૩૧૨. અર્થાત આખેરતના ઘરની કે તેઓ લોકોને એની જ યાદ અપાવે છે અને ખૂબ તેની યાદ કરે છે દુનિયાનો પ્રેમ તેમના હૃદયોમાં સ્થાન પ્રાપ્ત કરી શક્યો નહિ.

૩૧૩. અર્થાત તેમની શ્રેષ્ઠતા અને તેમની ધીરજને કે જેથી તેમની પવિત્ર આદતોથી લોકો નેક કામોનો શોખ જન્માવે. અને ઝુલકિફ્લની નબુવ્વત વિષે મતભેદ છે.

અમારા રબ ! જે આ મુસીબત સામે લાવ્યું તેને આગમાં ડબલ અઝાબ વધારી દે (૬૧) અને બોલ્યા[૩૨૫]; 'અમને શું થયું છે કે અમે પેલા પુરૂષોને દેખતા નથી જેમને ખરાબ સમજતા હતા[૩૨૬] (૬૨) શું અમે તેમને હાંસી બનાવી લીધા[૩૨૭] અથવા ચક્ષુઓ તેમની તરફથી ફરી ગયાં[૩૨૮]' (૬૩) બેશક ! આ જરૂર સત્ય છે, દોઝખીઓના પરસ્પરના ઝગડાઓ (૬૪) તમે ફરમાવો;[૩૨૯] 'હું તો ડર સંભળાવનાર જ છું[૩૩૦] અને મઅબૂદ કોઇ નથી પણ એક અલ્લાહ બધાં પર ચઢિયાતો (૬૫) આકાશો અને પૃથ્વી અને જે કંઇ તેમની વચમાં છે તે બધાનો માલિક ઇજ્જતવાળો મહાન માફ કરનાર (૬૬) તમે ફરમાવો; 'તે[૩૩૧] મહાન ખબર છે (૬૭) તમે એનાથી ગફલતમાં છો[૩૩૨] (૬૮) મને ઉપલા જગતની શું ખબર હતી જ્યારે કે તેઓ ઝગડયા હતા[૩૩૩] (૬૯) મને તો આ (માત્ર) વહી થાય છે કે હું તો સ્પષ્ટ ડર સંભળાવનાર જ છું.'[૩૩૪] (૭૦) જ્યારે તમારા રબે ફરિશ્તાઓને કહ્યું કે; 'માટીમાંથી માનવી બનાવીશ[૩૩૫] (૭૧) પછી જ્યારે હું તેને બરાબર બનાવી લઉં[૩૩૬] અને તેમાં પોતાના તરફથી રૂહ ફૂકું[૩૩૭]. ત્યારે તમે તેના માટે સિજદામાં પડજો (૭૨) તો બધા ફરિશ્તાઓએ સિજદો કર્યો દરેકે કે કોઇ બાકી રહ્યું નહિ (૭૩) પણ ઇબ્લીસે[૩૩૮], તેણે અભિમાન કર્યું અને

ص ٣٨ ومالي ٢٣

هٰذَا فَزِدْهُ عَذَابًا ضِعْفًا فِي النَّارِ ﴿٦١﴾ وَقَالُوا مَا لَنَا لَا نَرٰى
رِجَالًا كُنَّا نَعُدُّهُمْ مِّنَ الْأَشْرَارِ ﴿٦٢﴾ أَتَّخَذْنٰهُمْ سِخْرِيًّا
أَمْ زَاغَتْ عَنْهُمُ الْأَبْصَارُ ﴿٦٣﴾ إِنَّ ذٰلِكَ لَحَقٌّ تَخَاصُمُ
أَهْلِ النَّارِ ﴿٦٤﴾ قُلْ إِنَّمَا أَنَا مُنْذِرٌ وَّمَا مِنْ إِلٰهٍ إِلَّا اللّٰهُ
الْوَاحِدُ الْقَهَّارُ ﴿٦٥﴾ رَبُّ السَّمٰوٰتِ وَالْأَرْضِ وَمَا بَيْنَهُمَا الْعَزِيزُ
الْغَفَّارُ ﴿٦٦﴾ قُلْ هُوَ نَبَؤٌا عَظِيمٌ ﴿٦٧﴾ أَنْتُمْ عَنْهُ مُعْرِضُونَ ﴿٦٨﴾
مَا كَانَ لِيَ مِنْ عِلْمٍ بِالْمَلَإِ الْأَعْلٰى إِذْ يَخْتَصِمُونَ ﴿٦٩﴾
إِنْ يُّوحٰى إِلَيَّ إِلَّا أَنَّمَا أَنَا نَذِيرٌ مُّبِينٌ ﴿٧٠﴾ إِذْ قَالَ رَبُّكَ
لِلْمَلٰٓئِكَةِ إِنِّي خَالِقٌ بَشَرًا مِّنْ طِينٍ ﴿٧١﴾ فَإِذَا سَوَّيْتُهُ
وَنَفَخْتُ فِيهِ مِنْ رُّوحِي فَقَعُوا لَهُ سٰجِدِينَ ﴿٧٢﴾ فَسَجَدَ
الْمَلٰٓئِكَةُ كُلُّهُمْ أَجْمَعُونَ ﴿٧٣﴾ إِلَّا إِبْلِيسَ اسْتَكْبَرَ

૩૧૪. આખેરતમાં.

૩૧૫. જવાહેરાત મઢિત તખતો પર.

૩૧૬. અર્થાત તે બધી જ સરખી છે એવી જ રીતે રૂપ જવાનીમાં પણ સરખી પરસ્પર હેત ધરાવનારી એકને બીજીથી હસદ કે અદેખાઇ થાય નહિ.

૩૧૭. હમેશાં બાકી રહેશે ત્યાં જે વસ્તુ લઇને વાપરવામાં આવશે તેના સ્થાને તે પાછી તેવી જ થઇ જશે દુનિયાની વસ્તુઓની જેમ નાબૂદ અને ફના થશે નહિ.

૩૧૮. અર્થાત ઇમાનવાળાઓ માટે.

૩૧૯. ભભુકતી આગ, અને તે જ પથારી બનશે.

૩૨૦. જે જહન્નમી લોકોના શરીરો અને તેમના જખમો તેમજ નજાસતની જગ્યાઓમાંથી વહેતું હશે, ઉકળતું અને દુર્ગંધી.

૩૨૧. જાત જાતના અઝાબો.

૩૨૨. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; જ્યારે કાફિરોના આગેવાનો જહન્નમમાં દાખલ કરાશે અને તેમની પાછળ પાછળ તેમના પગલે ચાલનારાઓ ત્યારે જહન્નમના ફરિશ્તાઓ પેલા આગેવાનોને કહેશે; આ તમારા તાબેદારોનું લશ્કર છે જે તમારી જેમ તમારી સાથે જહન્નમમાં પડે છે.

૩૨૩. કે પહેલું તમે કુફ્ર કર્યું અને અમને એ માર્ગે ચલાવ્યા.

તે હતો જ કાફિરો માંહેનો[૩૩૯] (૭૪) ફરમાવ્યું; 'અય ઇબ્લીસ ! જેને મેં પોતાના હાથોથી બનાવ્યો તેને સિજદો કરવાથી તને કઇ વસ્તુએ રોક્યો ? શું તને અભિમાન આવી ગયું ? અથવા તું હતો જ અભિમાનીઓ માંહેનો[૩૪૦] ? (૭૫) બોલ્યો; 'હું એનાથી ઉત્તમ છું[૩૪૧] તેં મને આગથી બનાવ્યો અને એને માટીથી સર્જયો' (૭૬) ફરમાવ્યું; 'તું જન્નતમાંથી નીકળ કે તું હડધુત થયો[૩૪૨] (૭૭) અને બેશક ! તારા પર મારી ફિટકાર છે કયામત સુધી[૩૪૩]' (૭૮) બોલ્યો; 'અય મારા રબ ! આવું છે તો મને મહેતલ આપ તે દિવસ સુધીની જેમાં ઉઠાડવામાં આવશે[૩૪૪]' (૭૯) ફરમાવ્યું; 'તો તુ મહેતલવાળાઓમાં છે (૮૦) તે નિર્ધારિત દિવસ સુધી[૩૪૫] (૮૧) બોલ્યો; 'તારી ઇજ્જતના સોગંદ ! અવશ્ય હું એ બધાંને ભટકાવી દઇશ (૮૨) પરંતુ તેઓમાં જે તારા ચુનંદા બન્દાઓ છે' (૮૩) ફરમાવ્યું; 'તો સત્ય એ છે, અને હું સત્ય જ કહુ છું (૮૪) બેશક ! હું જહન્નમ ભરી દઇશ તારાથી[૩૪૬] અને તેમનામાંથી[૩૪૭] જેટલા તને અનુસરશે તે બધાંથી' (૮૫) તમે ફરમાવો; 'હું આ કુરઆન બદલ તમારી પાસે કશું વળતર માંગતો નથી હું બનાવટવાળાઓમાં નથી', (૮૬) તે તો માત્ર નસીહત છે સમગ્ર જગત માટે (૮૭) અને જરૂર એક સમય પછી એની ખબર જાણશો[૩૪૮] (૮૮)

ص ٣٨ ومالي ٢٣

وَكَانَ مِنَ الْكٰفِرِيْنَ ﴿٧٤﴾ قَالَ يٰٓاِبْلِيْسُ مَا مَنَعَكَ اَنْ
تَسْجُدَ لِمَا خَلَقْتُ بِيَدَيَّ ۭ اَسْتَكْبَرْتَ اَمْ كُنْتَ مِنَ
الْعَالِيْنَ ﴿٧٥﴾ قَالَ اَنَا خَيْرٌ مِّنْهُ ۭ خَلَقْتَنِيْ مِنْ نَّارٍ وَّخَلَقْتَهٗ
مِنْ طِيْنٍ ﴿٧٦﴾ قَالَ فَاخْرُجْ مِنْهَا فَاِنَّكَ رَجِيْمٌ ﴿٧٧﴾ وَّاِنَّ
عَلَيْكَ لَعْنَتِيْٓ اِلٰى يَوْمِ الدِّيْنِ ﴿٧٨﴾ قَالَ رَبِّ فَاَنْظِرْنِيْٓ
اِلٰى يَوْمِ يُبْعَثُوْنَ ﴿٧٩﴾ قَالَ فَاِنَّكَ مِنَ الْمُنْظَرِيْنَ ﴿٨٠﴾ اِلٰى يَوْمِ
الْوَقْتِ الْمَعْلُوْمِ ﴿٨١﴾ قَالَ فَبِعِزَّتِكَ لَاُغْوِيَنَّهُمْ اَجْمَعِيْنَ ﴿٨٢﴾
اِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِيْنَ ﴿٨٣﴾ قَالَ فَالْحَقُّ وَالْحَقَّ اَقُوْلُ ﴿٨٤﴾
لَاَمْلَئَنَّ جَهَنَّمَ مِنْكَ وَمِمَّنْ تَبِعَكَ مِنْهُمْ اَجْمَعِيْنَ ﴿٨٥﴾
قُلْ مَآ اَسْـَٔلُكُمْ عَلَيْهِ مِنْ اَجْرٍ وَّمَآ اَنَا مِنَ الْمُتَكَلِّفِيْنَ ﴿٨٦﴾
اِنْ هُوَ اِلَّا ذِكْرٌ لِّلْعٰلَمِيْنَ ﴿٨٧﴾ وَلَتَعْلَمُنَّ نَبَاَهٗ بَعْدَ حِيْنٍ ﴿٨٨﴾

૩૨૪. અર્થાત જહન્નમ ઘણું જ ખરાબ સ્થાન છે.

૩૨૫. કાફિરોના આગેવાનો અને સરદારો.

૩૨૬. અર્થાત ગરીબ મુસલમાનોને અને તેમને પોતાના ધર્મ વિરૂધ્ધ ચાલવાના કારણે ખરાબ કહેતા હતા અને ગરીબ હોવાના કારણે તુચ્છ સમજતા હતા, જ્યારે કાફિરો તેમને જહન્નમમાં દેખશે નહિ ત્યારે કહેશે; તેઓ અમને કેમ દ્રષ્ટિ ગોચર થતા નથી?

૩૨૭. અને વાસ્તવમાં તેઓ એવા હતા નહિ દોઝખમાં તેઓ આવ્યા જ નથી તેમની અમે જે ઠેકડી ઉડાડતા હતા અને હાંસી કરતા હતા તે બધું ખોટું હતું.

૩૨૮. તેથી તેઓ અમને દેખાયા નહિ અથવા એ અર્થ છે કે એમની તરફથી આંખો ફરી ગઇ અને દુનિયામાં અમે તેમના મરતબા અને શ્રેષ્ઠતાને જોઇ શક્યા નહિ.

૩૨૯. અય સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! મક્કાના કાફિરોને...

૩૩૦. તમને અલ્લાહના અઝાબનો ખોફ અપાવું છું.

૩૩૧. અર્થાત કુરઆન અથવા કયામત અથવા મારૂં ડર સંભળાવનાર રસૂલ હોવું અથવા અલ્લાહનું વહદહૂ લા શરીક લહૂ હોવુ.

૩૩૨. કે મારા પર ઇમાન લાવતા નથી અને કુરઆને પાકને અને મારા દીનને માનતા નથી.

૩૩૩. અર્થાત ફરિશ્તાઓ હઝરત આદમ અલયહિસ્સલામ બાબત. હઝરત સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની નબુવ્વતની સત્યતાની આ એક દલીલ છે, હેતુ એ છે કે ઉપલા જગતમાં ફરિશ્તાઓનું

હઝરત આદમ અલયહિસ્સલામ બાબત સવાલ જવાબ કરવું મને કઇ રીતે સમજાત જો હું નબી ન હોત તો, એની ખબર આપવી એ મારી નબુવ્વત અને મારી પાસે વહી આવવાની દલીલ છે.

૩૩૪. દારમી અને તિરમિઝીની હદીષોમાં છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; હું મારી બહેતરીન હાલતમાં પોતાના પરવરદિગારના દીદારથી પાવન થયો (હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ કહ્યું છે કે; મારા ખયાલમાં આ બનાવ સ્વપ્નમાં બન્યો હતો.) હુઝૂર અલૈહિસ્સલાતુ વસ્સલામ ફર્માવે છે કે, અલ્લાહ તઆલાએ ફરમાવ્યું; અય મોહંમદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! ઉપલા જગતાના ફરિશ્તાઓ શેની ચર્ચામાં છે ? મેં કહ્યું; યા રબ ! તુ જ વધુ જાણનાર છે. હુઝૂરે ફરમાવ્યું; પછી અલ્લાહ તઆલાએ પોતાની મહેરબાનીનો હાથ મારા બન્ને બાહુઓની વચમાં મૂક્યો અને મેં તેના ફૈઝનો અસર મારા હૃદયમાં નિહાળ્યો તો આકાશ અને ધરતીની તમામ વસ્તુઓ મારી જાણમાં આવી ગઇ, પછી અલ્લાહ તઆલાએ ફરમાવ્યું; અય મોહંમદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) શું તમે જાણો છો કે ઉપલા જગતના ફરિશ્તાઓ કઇ વાતમાં ચર્ચા કરી રહ્યા છે ? મેં કહ્યું; હા ! અય મારા રબ ! હું જાણું છું, તેઓ કફ્ફારાત વિષે ચર્ચા કરી રહ્યા છે. અને કફ્ફારાત એ છે કે નમાઝો પછી (પણ) મસ્જિદોમાં થોભવું ને પગપાળા જમાઅતમાં શામિલ થવા જવું અને જ્યારે ટાઢ વિગેરેના કારણે પાણીનો ઉપયોગ કપરો લાગે ત્યારે સારી રીતે વુઝૂ કરવું, જેણે આવું કર્યું તેનું જીવન પણ સારું અને મૃત્યુ પણ ઉત્તમ અને ગુનાહોથી એવો પાક સાફ થઇ જશે જેવો કે તે પોતાના જન્મના દિવસે હતો. અને ફરમાવ્યું; અય મોહમ્મદ (સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ) નમાઝ પછી આ દુઆ કરો; ''અલ્લાહુમ્મ ઇન્ની અસ્અલુક ફિઅલલ ખયરાતિ વ તર્કલ મુન્કરાતિ વ હુબ્બલ મસાકીનિ વ ઇઝા અરત્ત બિઇબાદિક ફિત્નતન ફકદિની ઇલયક ગૈર મફતૂન.''

અમુક રિવાયતોમાં એ મુજબ છે કે સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે ફરમાવ્યું; મારા માટે પ્રત્યેક વસ્તુ સ્પષ્ટ બની ગઇ અને મેં ઓળખી લીધી. અને એક રિવાયતમાં (એવું) છે કે; જે કંઇ પૂર્વ અને પશ્ચિમની વચ્ચે છે તે મેં જાણી લીધું. ઇમામ અલ્લામા અલાઉદ્દીન અલી બિન મોહંમદ બિન ઇબ્રાહીમ બગદાદી 'ખાઝિન' પોતાની તફસીરમાં એનો અર્થ એવો કહે છે કે અલ્લાહ તઆલાએ હુઝૂર સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમનો મુબારક સીનો વિસ્તૃત કરી દીધો અને પાક હૃદયને પ્રકાશિત કરી આપ્યું અને જે કોઇ જાણતું ન હોય તેની જાણકારી આપને કરાવી દીધી એટલે સુધી કે આપને નેઅમત અને મઅરિફતની ઠંડી પોતાના પાક દિલમાં લાગી અને જયારે પાક હૃદય પ્રકાશિત બની ગયું અને મુબારક સીનો ખૂલી ગયો ત્યારે આકાશો અને ધરતીમાં જે કંઇ છે તે અલ્લાહના જણાવવાથી જાણી લીધું.

૩૩૫. અર્થાત (હઝરત) આદમને પેદા કરીશ.

૩૩૬. અર્થાત તેનું સર્જન સંપૂર્ણ કરૂં.

૩૩૭. અને તેને જીવન આપું.

૩૩૮. સિજદો કર્યો નહિ.

૩૩૯. અલ્લાહની જાણમાં.

૩૪૦. અર્થાત તે કોમ માંહેનો જેમની આદત જ અભિમાન કરવાની છે.

૩૪૧. એનાથી તેનો હેતુ એ હતો કે જો આદમ આગમાંથી બનાવાયા હોત અને મારી સમોવડીઆ પણ હોત તો પણ હું તેમને સિજદો કરત નહિ તો પછી તેમનાથી બેહતર થઇને તેમને સિજદો કેવી રીતે કરૂં ?

૩૪૨. પોતાની બંડખોરી નાફરમાની અને અભિમાનના કારણે. પછી અલ્લાહ તઆલાએ તેની શિકલ બદલી નાખી તે પહેલાં રૂપાળો હતો પણ હવે કદરૂપો કાળો કરી દેવાયો અને તેની નૂરાનિયત જપ્ત કરી

سُوْرَةُ الزُّمَرِ مَكِّيَّةٌ وَّهِيَ خَمْسٌ وَّسَبْعُوْنَ اٰيَةً وَّثَمَانُ رُكُوْعَاتٍ

بِسْمِ اللّٰهِ الرَّحْمٰنِ الرَّحِيْمِ ○

تَنْزِيْلُ الْكِتٰبِ مِنَ اللّٰهِ الْعَزِيْزِ الْحَكِيْمِ ﴿١﴾ اِنَّآ اَنْزَلْنَآ
اِلَيْكَ الْكِتٰبَ بِالْحَقِّ فَاعْبُدِ اللّٰهَ مُخْلِصًا لَّهُ الدِّيْنَ ﴿٢﴾
اَلَا لِلّٰهِ الدِّيْنُ الْخَالِصُ وَالَّذِيْنَ اتَّخَذُوْا مِنْ
دُوْنِهٖٓ اَوْلِيَآءَ مَا نَعْبُدُهُمْ اِلَّا لِيُقَرِّبُوْنَآ اِلَى اللّٰهِ
زُلْفٰى اِنَّ اللّٰهَ يَحْكُمُ بَيْنَهُمْ فِيْ مَا هُمْ فِيْهِ
يَخْتَلِفُوْنَ اِنَّ اللّٰهَ لَا يَهْدِيْ مَنْ هُوَ كٰذِبٌ
كَفَّارٌ ﴿٣﴾ لَوْ اَرَادَ اللّٰهُ اَنْ يَّتَّخِذَ وَلَدًا لَّاصْطَفٰى
مِمَّا يَخْلُقُ مَا يَشَآءُ سُبْحٰنَهٗ هُوَ اللّٰهُ الْوَاحِدُ
الْقَهَّارُ ﴿٤﴾ خَلَقَ السَّمٰوٰتِ وَالْاَرْضَ بِالْحَقِّ

**અલ્લાહના નામથી શરૂ જે ઘણો મહેરબાન રહેમવાળો (છે)[૩૪૯]**

**કિતાબ[૩૫૦] (નું) ઉતારવું અલ્લાહ ઇજ્જત અને હિકમતવાળા તરફથી છે (૧) બેશક ! અમે તમારી તરફ[૩૫૧] આ કિતાબ સત્ય સાથે ઉતારી તો અલ્લાહને પૂજો નર્યા તેના બન્દા બનીને (૨) હા ! ચોખ્ખી અલ્લાહની જ બંદગી છે[૩૫૨]. અને જેમણે તેના સિવાય અન્ય વાલીઓ બનાવી લીધા[૩૫૩] (તેઓ) કહે છે; 'અમે તો એમને[૩૫૪] માત્ર એટલા ખાતર પૂજીએ છીએ કે તેઓ અમને અલ્લાહ પાસે નજીક કરી આપે' અલ્લાહ તેમનામાં ફેંસલો કરી દેશે તે વાતનો જેમાં મતભેદ કરી રહ્યા છે[૩૫૫] બેશક ! અલ્લાહ માર્ગ આપતો નથી તેને જે જૂઠો મહા અપકારી હોય[૩૫૬] (૩) અલ્લાહ (જો) પોતાના માટે બાળક ધારણ કરત તો પોતાની મખ્લૂકમાંથી જેને ઇચ્છત તેને ચૂંટી કાઢત[૩૫૭]. તેને પવિત્રતા છે[૩૫૮]. તે જ છે એક અલ્લાહ[૩૫૯] બધાથી ચઢિયાતો (૪) તેણે આકાશો અને પૃથ્વી સત્ય (પૂર્વક) બનાવ્યાં. રાત્રીને દિવસ પર લપેટે છે[૩૬૦]. અને દિવસને રાત્રી પર**

દેવામાં આવી.

૩૪૩. અને કયામત પછી લઅનત પણ અને જાત જાતના અઝાબ પણ.

૩૪૪. આદમ અલયહિસ્સલામ અને આપની ઔલાદ ફના થયા પછી બદલા માટે. અને આવું કહે-વામાં તેનો હેતુ એ હતો કે તે માણસોને ગુમરાહ કરવા સમય મેળવે અને તેમની સાથે પોતાનો હસદ ખૂબ કેળવે અને મૃત્યુથી તદ્દન બચી નીકળે કારણ કે હશ્રમાં ઉઠયા પછી મરવાનું નથી.

૩૪૫. અર્થાત પહેલી વખતના સૂર સુધી જેને મખલૂકની ફના માટે નક્કી કરવામાં આવ્યું છે.

૩૪૬. તારા લશ્કર સહીત.

૩૪૭. અર્થાત માનવીઓમાંથી.

૩૪૮. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; મૃત્યુ પછી. અને એક કથન એવું છે કે; કયામતના દિવસે.

૩૪૯. સૂરએ ઝુમર મક્કીય્યહ છે સિવાય કે ''કુલ લા ઇબાદીય્યલ્લઝીન અસરફૂ અને અલ્લાહુ નઝઝલ અહસનલ હદીષ'' વાળી આયતો. આ સૂરહમાં ૮ રૂકૂઅ અને ૭૫ આયતો અને ૧૧૭૨ શબ્દો તેમજ ૪૯૦૮ અક્ષરો છે.

૩૫૦. કિતાબનો નિર્દેશ કુરઆન શરીફ પ્રતિ છે.

૩૫૧. અય સય્યિદે આલમ મોહંમદ મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

૩૫૨. તેના સિવાય કોઇ ઇબાદતને પાત્ર નથી.

لپેટે છે. અને તેણે સૂર્ય અને ચંદ્રને કામે લગાડયા દરેક એક ચોક્કસ મુદ્દત સુધી ચાલે છે[૩૬૧]. સાંભળો ! તે જ ઇજ્જતવાળો માફ કરનાર છે (૫) તેણે તેમને એક જીવથી બનાવ્યા[૩૬૨] પછી એનાથી જ તેનું જોડું બનાવ્યું[૩૬૩] અને તમારા માટે ચોપગાંમાંથી[૩૬૪] આઠ જોડાંઓ ઉતાર્યા[૩૬૫]. તમને તમારી માતાઓના પેટમાં બનાવે છે એક રીતે પછી બીજી રીતે[૩૬૬] ત્રણ અંધકારોમાં[૩૬૭]. આ છે અલ્લાહ તમારો રબ, તેની જ બાદશાહી છે તેના સિવાય કોઇની બંદગી નથી તો ક્યાં ભાગો છો[૩૬૮] ? (૬) જો તમે નગુણા બનો તો બેશક ! અલ્લાહ તમારાથી બેનિયાઝ છે[૩૬૯] અને પોતાના બન્દાઓની નાશુકરી તેને ગમતી નથી, અને જો શુકર કરો તો તે તમારા માટે પસંદ કરે છે[૩૭૦] ? અને કોઇ ભાર ઊંચકનાર જીવ બીજાઓનો ભાર નહિ ઊંચકે[૩૭૧], પછી તમારે તમારા રબ તરફ જ પાછુ જવાનું છે[૩૭૨] તો તે તમને કહી આપશે જે તમે કરતા હતા,[૩૭૩] બેશક ! તે દિલોની વાત જાણે છે (૭)

الزمر ٣٩ وما لى ٢٣

يُكَوِّرُ الَّيْلَ عَلَى النَّهَارِ وَيُكَوِّرُ النَّهَارَ عَلَى الَّيْلِ وَ
سَخَّرَ الشَّمْسَ وَالْقَمَرَ كُلٌّ يَّجْرِىْ لِاَجَلٍ مُّسَمًّى
اَلَا هُوَ الْعَزِيْزُ الْغَفَّارُ ۝٥ خَلَقَكُمْ مِّنْ نَّفْسٍ وَّاحِدَةٍ
ثُمَّ جَعَلَ مِنْهَا زَوْجَهَا وَاَنْزَلَ لَكُمْ مِّنَ الْاَنْعَامِ
ثَمٰنِيَةَ اَزْوَاجٍ يَخْلُقُكُمْ فِىْ بُطُوْنِ اُمَّهٰتِكُمْ خَلْقًا
مِّنْ بَعْدِ خَلْقٍ فِىْ ظُلُمٰتٍ ثَلٰثٍ ذٰلِكُمُ اللّٰهُ رَبُّكُمْ
لَهُ الْمُلْكُ لَا اِلٰهَ اِلَّا هُوَ فَاَنّٰى تُصْرَفُوْنَ ۝٦ اِنْ
تَكْفُرُوْا فَاِنَّ اللّٰهَ غَنِىٌّ عَنْكُمْ وَلَا يَرْضٰى لِعِبَادِهِ
الْكُفْرَ وَاِنْ تَشْكُرُوْا يَرْضَهُ لَكُمْ وَلَا تَزِرُ وَازِرَةٌ
وِّزْرَ اُخْرٰى ثُمَّ اِلٰى رَبِّكُمْ مَّرْجِعُكُمْ فَيُنَبِّئُكُمْ بِمَا
كُنْتُمْ تَعْمَلُوْنَ اِنَّهٗ عَلِيْمٌۢ بِذَاتِ الصُّدُوْرِ ۝٧

૩૫૩. મઅબૂદ બનાવી લીધા. નિર્દેશ કાફિરો પ્રતિ છે.

૩૫૪. મૂર્તિઓને.

૩૫૫. ઇમાનવાળાઓને જન્નતમાં અને કાફિરોને દોઝખમાં દાખલ કરીને.

૩૫૬. જૂઠો એ બાબતમાં કે મૂર્તિઓને અલ્લાહ તઆલા પાસે નજીકી કરાવી આપનાર કહે અને અલ્લાહ માટે ઔલાદ કહે છે અને અપકારી (નાશુકરો) એટલા માટે કે મૂર્તિઓને પૂજે.

૩૫૭. અર્થાત જો અલ્લાહ માટે ઔલાદ શક્ય હોત તો તે જેને ઇચ્છત તેને ઔલાદ બનાવી લેત. નહિ કે એનો ફેંસલો કરવાનું કાફિરો પર છોડત કે તેઓ જેને ઇચ્છે તેને અલ્લાહની ઔલાદ ઠેરવી દે. (મુઆઝલ્લાહ)

૩૫૮. ઔલાદથી અને પ્રત્યેક તે વસ્તુથી જે તેની શાનને લાયક નથી.

૩૫૯. ન તેનો કોઇ શરીક ન તેની કોઇ ઔલાદ.

૩૬૦. અર્થાત કદી રાતના અંધકારથી દિવસના અમુક ભાગને છુપાવી લે છે અને કદી દિવસના અજવાળાથી રાતના અમુક ભાગને. આશય એ છે કે કદી દિવસનો સમય ઓછો કરીને રાત્રીને વધારી આપે છે કદી રાત્રીને ટૂંકાવીને દિવસ લાંબો કરે છે અને રાત્રી તેમજ દિવસમાંથી ટૂંકું થનાર ઘટીને ૧૦ કલાકનું થઇ જાય છે અને લાંબું થનાર વધીને ૧૪ કલાકનું બની જાય છે.

૩૬૧. અર્થાત કયામત સુધી તેઓ પોતાના નક્કી થઇ ચૂકેલા કાર્યક્રમ મુજબ ચાલ્યા કરશે.

૩૬૨. અર્થાત હઝરત આદમ અલયહિસ્સલામથી.

وَإِذَا مَسَّ الْإِنسَانَ ضُرٌّ دَعَا رَبَّهُ مُنِيبًا إِلَيْهِ ثُمَّ إِذَا
خَوَّلَهُ نِعْمَةً مِّنْهُ نَسِيَ مَا كَانَ يَدْعُو إِلَيْهِ مِن قَبْلُ
وَجَعَلَ لِلَّهِ أَندَادًا لِّيُضِلَّ عَن سَبِيلِهِ قُلْ تَمَتَّعْ
بِكُفْرِكَ قَلِيلًا إِنَّكَ مِنْ أَصْحَابِ النَّارِ ٨ أَمَّنْ هُوَ
قَانِتٌ آنَاءَ اللَّيْلِ سَاجِدًا وَقَائِمًا يَحْذَرُ الْآخِرَةَ وَيَرْجُو
رَحْمَةَ رَبِّهِ قُلْ هَلْ يَسْتَوِي الَّذِينَ يَعْلَمُونَ وَالَّذِينَ
لَا يَعْلَمُونَ إِنَّمَا يَتَذَكَّرُ أُولُو الْأَلْبَابِ ٩ قُلْ يَا عِبَادِ
الَّذِينَ آمَنُوا اتَّقُوا رَبَّكُمْ لِلَّذِينَ أَحْسَنُوا فِي هَٰذِهِ
الدُّنْيَا حَسَنَةٌ وَأَرْضُ اللَّهِ وَاسِعَةٌ إِنَّمَا يُوَفَّى
الصَّابِرُونَ أَجْرَهُم بِغَيْرِ حِسَابٍ ١٠ قُلْ إِنِّي أُمِرْتُ
أَنْ أَعْبُدَ اللَّهَ مُخْلِصًا لَّهُ الدِّينَ ١١ وَأُمِرْتُ لِأَنْ أَكُونَ

અને જ્યારે માનવીને કોઇ કષ્ટ લાધે છે[૩૭૪] (ત્યારે) પોતાના રબને પોકારે છે તેના તરફ જ નમીને[૩૭૫], પછી જ્યારે અલ્લાહે તેને પોતાના તરફથી કોઇ નેઅમત આપી ત્યારે જેટલા માટે પહેલાં પોકાર કર્યો હતો તે ભૂલી જાય છે[૩૭૬] અને અલ્લાહ માટે સમકક્ષ ઠેરવવા માંડે છે[૩૭૭] કે જેથી તેના માર્ગથી ભટકાવી દે. તમે ફરમાવો[૩૭૮] ; થોડા દિવસ પોતાના કુફ્ર સાથે વાપરી લે[૩૭૯] બેશક ! તુ દોઝખીઓમાંનો છે (૮) તે જેની રાત્રીની પળો આજ્ઞાપાલનમાં વિતી સિજદામાં અને કેયામમાં આખેરતથી ડરતો અને પોતાના રબની રહમતની આશા ધરાવતો[૩૮૦] શું તે આજ્ઞાનું ઉલ્લંઘન કરનાર જેવો થઇ જશે ? તમે ફરમાવો ; શું જાણકાર અને અજાણ સરખા છે ? નસીહત તો તેઓ જ માને છે જે બુધ્ધિમાનો છે (૯) તમે ફરમાવો ; અય મારા બન્દાઓ ! જેઓ કે ઇમાન લાવ્યા ! પોતાના રબથી ડરો. જેમણે ભલાઇ કરી[૩૮૧] તેમના માટે આ દુનિયામાં ભલાઇ છે[૩૮૨]. અને અલ્લાહની પૃથ્વી વિસ્તૃત છે[૩૮૩]. સબરવાળાઓને જ તેમનો સવાબ ભરપૂર અગણિત[૩૮૪] આપવામાં આવશે (૧૦) તમે કહો[૩૮૫]; મને હુકમ છે કે અલ્લાહને નર્યો તેનો બન્દો બનીને પૂજું (૧૧) અને મને

૩૬૩. અર્થાત હઝરત હવ્વાને.

૩૬૪. અર્થાત ઊંટ, ગાય, બકરી, ઘેટાંમાંથી.

૩૬૫. અર્થાત પેદા કર્યાં. જોડાંઓનો અર્થ નર અને નારી છે.

૩૬૬. અર્થાત વિર્યબિંદુ પછી જામેલું લોહી પછી માંસનો લોચો.

૩૬૭. એક અંધકાર પેટનો બીજો ગર્ભાશયનો ત્રીજો બાળક જે ગિલાફમાં રહે છે તેનો.

૩૬૮. અને સત્ય માર્ગથી (ક્યાં) વેગળા જાઓ છો કે તેની ઇબાદત ત્યજીને અન્યની ઇબાદત કરો છો ?

૩૬૯. અર્થાત તમારા આજ્ઞા પાલન અને ઇબાદતથી. અને તમે જ એના મોહતાજ છો ઇમાન લાવવામાં તમારો જ લાભ અને કાફિર થવામાં તમારૂં જ નુકસાન છે.

૩૭૦. કે તે તમારી સફળતાનું કારણ છે તે બદલ તમને સવાબ અને જન્નત આપશે.

૩૭૧. અર્થાત કોઇ વ્યક્તિ બીજાના ગુન્હા બદલ પકડવામાં નહિ આવે.

૩૭૨. આખેરતમાં.

૩૭૩. દુનિયામાં, તેનો બદલો તમને આપશે.

૩૭૪. અહીં માનવીનો નિર્દેશ ગમે તે કાફિર અથવા ખાસ અબૂજહલ અથવા અત્બહ બિન રબીઆ તરફ છે.

૩૭૫. તેને જ ફરિયાદ કરે છે.

૩૭૬. અર્થાત તે કષ્ટ અને તકલીફને વિસરી જાય છે જેના લીધે અલ્લાહને ફરિયાદ કરતો હતો.

أَوَّلَ الْمُسْلِمِينَ ﴿١٢﴾ قُلْ إِنِّي أَخَافُ إِنْ عَصَيْتُ رَبِّي
عَذَابَ يَوْمٍ عَظِيمٍ ﴿١٣﴾ قُلِ اللَّهَ أَعْبُدُ مُخْلِصًا لَهُ دِينِي ﴿١٤﴾
فَاعْبُدُوا مَا شِئْتُمْ مِنْ دُونِهِ ۗ قُلْ إِنَّ الْخَاسِرِينَ الَّذِينَ
خَسِرُوا أَنْفُسَهُمْ وَأَهْلِيهِمْ يَوْمَ الْقِيَامَةِ ۗ أَلَا ذَٰلِكَ هُوَ
الْخُسْرَانُ الْمُبِينُ ﴿١٥﴾ لَهُمْ مِنْ فَوْقِهِمْ ظُلَلٌ مِنَ النَّارِ
وَمِنْ تَحْتِهِمْ ظُلَلٌ ۚ ذَٰلِكَ يُخَوِّفُ اللَّهُ بِهِ عِبَادَهُ ۚ
يَا عِبَادِ فَاتَّقُونِ ﴿١٦﴾ وَالَّذِينَ اجْتَنَبُوا الطَّاغُوتَ أَنْ يَعْبُدُوهَا
وَأَنَابُوا إِلَى اللَّهِ لَهُمُ الْبُشْرَىٰ ۚ فَبَشِّرْ عِبَادِ ﴿١٧﴾ الَّذِينَ
يَسْتَمِعُونَ الْقَوْلَ فَيَتَّبِعُونَ أَحْسَنَهُ ۚ أُولَٰئِكَ الَّذِينَ
هَدَاهُمُ اللَّهُ ۖ وَأُولَٰئِكَ هُمْ أُولُو الْأَلْبَابِ ﴿١٨﴾ أَفَمَنْ حَقَّ عَلَيْهِ
كَلِمَةُ الْعَذَابِ أَفَأَنْتَ تُنْقِذُ مَنْ فِي النَّارِ ﴿١٩﴾ لَٰكِنِ

**હુકમ છે કે હું સર્વ પ્રથમ માથુ નમાવું[૩૮૬] (૧૨) તમે ફરમાવો; ધારી લો કે જો મારાથી આજ્ઞાનું ઉલ્લંઘન થઇ જાય તો મને પણ મારા રબ તરફથી એક મહા દિવસના અઝાબનો ડર છે[૩૮૭] (૧૩) તમે ફરમાવો; હું અલ્લાહને જ પૂજું છું નર્યો તેનો બન્દો બનીને (૧૪) તો તમે તેના સિવાય જેને ઇચ્છો તેને પૂજો[૩૮૮]. તમે ફરમાવો; સંપૂર્ણ પરાજય તેમનો જેઓ પોતાના પ્રાણ અને પોતાના ઘરનાંઓને હારી બેસે[૩૮૯] કયામતના દિવસે. હા ! હા ! એ જ ખુલ્લો પરાજ્ય છે (૧૫) તેમની ઉપર આગના પર્વતો છે અને તેમની નીચે (પણ) પર્વતો[૩૯૦]. અલ્લાહ એનાથી પોતાના બન્દાઓને ડરાવે છે[૩૯૧]. અય મારા બન્દાઓ ! તમે મારાથી ડરો[૩૯૨] (૧૬) અને તે જેઓ મૂર્તિઓની પૂજાથી બચ્યા અને અલ્લાહ તરફ કેન્દ્રિત થયા તેમના માટે જ ખુશખબર છે, તો મારા એ બન્દાઓને ખુશી(ના સમાચાર) સંભળાવો (૧૭) જેઓ કાન લગાડીને વાત સાંભળે પછી તેના ઉત્તમ મુજબ ચાલે[૩૯૩], આ છે તેઓ જેમને અલ્લાહે હિદાયત કરી અને આ છે તેઓ જેમને બુધ્ધિ છે[૩૯૪] (૧૮) તો શું જેના પર અઝાબની વાત સાબિત થઇ ચૂકી (તે મુક્તિ પામનારાઓની જેમ થઇ જશે ?) તો શું તમે હિદાયત આપીને આગના લાયકને બચાવી લેશો ![૩૯૫] (૧૯) પરંતુ જે પોતાના રબથી ડર્યા[૩૯૬]**

૩૭૭. અર્થાત હાજત પુરી થઇ ગયા પછી ફરી મૂર્તિપૂજામાં સંડોવાઇ છે.

૩૭૮. અય મુસ્તફા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ ! તે કાફિરને.

૩૭૯. અને દુનિયાના જીવનના દિવસો પુરા કરી લે.

૩૮૦. **શાને નુઝૂલ** :- હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ કહ્યું છે કે; આ આયત હઝરત અબૂબક્ર અને હઝરત ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુમા બાબત ઉતરી અને હઝરત ઇબ્ને ઉમર રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ કહ્યું છે કે; આ આયત હઝરત ઉસ્માન રદીયલ્લાહુ તઆલા અન્હૂ બાબત ઉતરી અને એક કથન એવું છે કે; હઝરત ઇબ્ને મસઊદ અને હઝરત અમ્માર અને હઝરત સલમાન રદીયલ્લાહુ તઆલા અન્હુમ બાબત ઉતરી.

**ફાયદો** :- આ આયતથી સાબિત થયું કે રાતના નિફલો અને ઇબાદત દિવસના નિફલો કરતાં અફઝલ છે, એનું એક કારણ તો એ છે કે રાતનો અમલ છુપો હોય છે તેથી તે દેખાવ (રિયા)થી વેગળો હોય છે, બીજું એ કે દુનિયાના કારોબાર બંધ હોય છે તેથી દિલ દિવસ કરતાં રાત્રે ફુરસદમાં હોય છે જેના કારણે અલ્લાહ તરફ ધ્યાન અને એકાગ્રતા વધુ હોય છે, ત્રીજું એ કે રાત્રી આરામ અને ઊંઘનો સમય હોય છે તેથી તેમાં જાગવું નફસને બહું અઘરૂં લાગે છે તેથી તેનો સવાબ પણ વધારે થશે.

૩૮૧. આજ્ઞાઓનું પાલન કર્યું અને સારાં કર્મો કર્યા.

૩૮૨. અર્થાત તંદુરૂસ્તી અને શાંતિ.

૩૮૩. આમાં હિજરતની પ્રેરણા છે કે જે શહેરમાં ગુન્હાઓનું પ્રમાણ વધી જાય અને ત્યાં રહેવાથી

માણસને પોતાના ધર્મનું પાલન કરવાનું કપરૂ બની જાય તો તે જગ્યાને ત્યજી દેવી જોઇએ અને ત્યાંથી હિજરત કરવી જોઇએ.

**શાને નુઝૂલ** :- આ આયત હબશા તરફ હિજરત કરી જનારાઓ બાબત ઉતરી અને એવું પણ કહેવામાં આવ્યું છે કે હઝરત જઅફર બિન અબીતાલિબ અને તેમના સાથીદારો વિષે ઉતરી જેમણે મુસીબતો અને કષ્ટો બદલ સબર કરી અને હિજરત કરી ગયા અને પોતાના દીન પર અટલ રહ્યા તેને ત્યજવા રાજી થયા નહિ.

૩૮૪. હઝરત અલી મુર્તઝા રદીયલ્લાહુ તઆલા અન્હુએ ફરમાવ્યું છે કે; પ્રત્યેક નેકી કરનારની નેકીઓને તોલવામાં આવશે સિવાય કે સબર કરનારાઓ, તેમને બેહિસાબ અને અગણિત (બદલો) આપવામાં આવશે. અને એવું પણ વર્ણવવામાં આવ્યું છે કે મુસીબતો અને કષ્ટો સહેનારાઓને હાજર કરવામાં આવશે (પણ) તેમના માટે ન તો મીઝાન (ત્રાજવું) મૂકવામાં આવશે ન તો તેમના માટે ચોપડાઓ (આમાલનામું) ખોલવામાં આવશે, તેમના પર તો અજર અને સવાબની બેહિસાબ વર્ષા થશે એટલે સુધી કે જગતમાં અમન ચેનમાં જીવન વ્યતિત કરનારાઓ તેમને જોઇએ આકાંક્ષા કરશે કે જો તેઓ મુસીબતો સહન કરનારાઓમાં હોત તો કેવું સારૂં થાત, ભલે પછી તેમનાં શરીરો કાતરો વડે કાપી લેવાયાં હોત, કે આજે આવો અજર અને સવાબ તો મેળવત.

૩૮૫. અય સય્યિદે અમ્બિયા સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમ !

૩૮૬. અને આજ્ઞાપાલન કરનારાઓ તેમજ નિખાલસતાવાળાઓમાં પ્રથમ સ્થાને રહું. અલ્લાહ તઆલાએ પ્રથમ નિખાલસતાનો આદેશ આપ્યો જે હૃદયનું કામ છે અને તેઓ જ એને ઓળખનાર છે તેથી તેઓ એનો આરંભ કરવામાં બધાથી પહેલા અને પ્રથમ સ્થાને થયા. અલ્લાહ તઆલાએ પોતાના રસૂલને એ હુક્મ આપીને (બન્દાઓને) સૂચના આપી કે બીજાઓ પર તો એની પાબંદી ખૂબ આવશ્યક છે અને બીજાઓને પ્રેરણા આપવા ખાતર રસૂલને એ હુક્મ આપવામાં આવ્યો.

૩૮૭. **શાને નુઝૂલ** :- કુરેશના કાફિરોએ નબી સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમને કહ્યું હતું કે; તમે તમારી કોમના આગેવાનો અને તમારા સગા સંબંધીઓને જોતા નથી જેઓ લાત અને ઉઝઝાની પૂજા કરે છે ? તેમને રદિયો આપવા આ આયત ઉતરી હતી.

૩૮૮. ધમકાવવા ખાતર આવું ફરમાવાયું છે.

૩૮૯. અર્થાત ગુમરાહી ધારણ કરીને કાયમ માટે જહન્નમને પાત્ર ઠર્યા અને જન્નતની નેઅમતોથી વંચિત રહ્યા જે તેમને ઇમાન લાવવા બદલ મળત.

૩૯૦. અર્થાત આગે બધી બાજુથી તેમને ઘેરી લીધા છે.

૩૯૧. કે ઇમાન લાવે અને મનાઇ કરેલી બાબતોથી વેગળા રહે.

૩૯૨. એવાં કામો ન કરો જે મારી નારાજીના કારણરૂપ બને.

૩૯૩. જેમાં તેમનું હિત હોય.

૩૯૪. **શાને નુઝૂલ** :- હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; જ્યારે હઝરત અબૂબક્ર સિદ્દીક રદીયલ્લાહુ તઆલા અન્હૂ ઇમાન લાવ્યા ત્યારે આપની પાસે હઝરત ઉસ્માન અને અબ્દુર્રહમાન બિન ઔફ અને તલ્હા અને ઝુબૈર અને સઅદ બિન અબી વક્કાસ અને સઅદ બિન ઝેદ આવ્યા અને તેમની ખબર અંતર પૂછી ત્યારે તેમણે પોતાના ઇમાનના સમાચાર સંભળાવ્યા આ લોકો પણ સાંભ-ળીને ઇમાન લઇ આવ્યા તેમના વિષે આ આયત ઉતરી ફબશ્શિર ઇબાદી.....

الذين اتقوا ربهم لهم غرف من فوقها غرف مبنية
تجري من تحتها الانهر وعد الله لا يخلف الله الميعاد ﴿٢٠﴾
الم تر ان الله انزل من السماء ماء فسلكه ينابيع في
الارض ثم يخرج به زرعا مختلفا الوانه ثم يهيج
فتراه مصفرا ثم يجعله حطاما ان في ذلك
لذكرى لاولي الالباب ﴿٢١﴾ افمن شرح الله صدره
للاسلام فهو على نور من ربه فويل للقسية قلوبهم
من ذكر الله اولئك في ضلل مبين ﴿٢٢﴾ الله نزل
احسن الحديث كتبا متشبها مثاني تقشعر منه جلود
الذين يخشون ربهم ثم تلين جلودهم وقلوبهم
الى ذكر الله ذلك هدى الله يهدي به من يشاء

**તેમના માટે ઝરૂખાઓ છે જેના પર ઝરૂખાઓ બાંધેલા[૩૯૭], તેમની નીચે નહેરો વહે. અલ્લાહનો વાયદો. અલ્લાહ વાયદાનો ભંગ કરતો નથી (૨૦) શું તેં જોયું નહિ કે અલ્લાહે આકાશમાંથી પાણી ઉતાર્યું પછી તેનાથી ધરતીમાં ઝરણો વહાવ્યાં પછી તેનાથી ખેતી કાઢે છે કેટલાએ રંગોની[૩૯૮], પછી સુકાઇ જાય છે તો તુ જુએ કે તે[૩૯૯] પીળી પડી ગઇ પછી તેને ભુકે ભુકો કરી નાખે છે. બેશક ! એમાં ધ્યાન (કરવા)ની વાત છે. બુધ્ધિમાનો માટે[૪૦૦] (૨૧) તો શું જેનો ખોલી નાખ્યો અલ્લાહે સીનો ઇસ્લામ માટે[૪૦૧] તો તે પોતાના રબ તરફથી નૂર પર છે[૪૦૨] તે તેની જેવો થઇ જશે જે પથ્થર હૃદયો છે ? તો તેમની ખરાબી છે જેમનાં હૃદયો અલ્લાહની યાદ તરફથી સખ્ત થઇ ગયાં છે[૪૦૩] તેઓ ખુલ્લી ગુમરાહીમાં છે (૨૨) અલ્લાહે ઉતારી સર્વોત્તમ કિતાબ[૪૦૪] કે (જે) આરંભથી અંત સુધી એક જેવી જ છે[૪૦૫] બબ્બે વારના બયાનવાળી[૪૦૬] એનાથી રૂવાં ઉભા થઇ જાય છે તેમનાં શરીરો પર જેઓ પોતાના રબથી ડરે છે પછી તેમની ચામડીઓ અને હૃદયો નરમ પડી જાય છે અલ્લાહની યાદ તરફ હર્ષમાં[૪૦૭] આ અલ્લાહની હિદાયત છે એના વડે જેને ઇચ્છે તેને રસ્તો દેખાડે, અને જેને અલ્લાહ ગુમરાહ કરે**

૩૯૫. જે આદીનો બદનસીબ અને અલ્લાહના ઇલ્મમાં જહન્નમી છે. હઝરત ઇબ્ને અબ્બાસ રદીયલ્લાહુ તઆલા અન્હુમાએ ફરમાવ્યું છે કે; એનો નિર્દેશ અબૂ લહબ અને તેના દીકરાઓ પ્રતિ છે.

૩૯૬. અને તેમણે તેની આજ્ઞાઓનું પાલન કર્યું...

૩૯૭. અર્થાત જન્નતના ઊંચા મજલાઓ જેની ઉપર બીજા મજલાઓ છે.

૩૯૮. પીળી લીલી રાતી સફેદ. જાત જાતના ઘઉં, જવ અને પ્રકાર પ્રકારનાં અનાજો.

૩૯૯. લીલીછમ બન્યા પછી.

૪૦૦. જેઓ આનાથી અલ્લાહના એક હોવાની અને તેની કુદરતની દલીલો કરે છે.

૪૦૧. અને તેને સત્ય સ્વીકારવાની સુઝ આપી.

૪૦૨. અર્થાત શ્રધ્ધા અને હિદાયત પર.

**હદીષ** :- રસૂલે કરીમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમે જ્યારે આ આયત તિલાવત કરી ત્યારે સહાબાએ પૂછયું; યા રસૂલલ્લાહ ! (સલ્લલ્લાહુ તઆલા અલયહિ વસલ્લમ) સીનો કેવી રીતે ખોલવામાં આવે છે ? આપે ફરમાવ્યું; જ્યારે નૂર હૃદયમાં પ્રવેશે છે ત્યારે એ ખુલે છે અને તે વિસ્તરે છે. સહાબાએ પૂછયું; એનું ચિન્હ શું છે ? ફરમાવ્યું; દારૂલ ખુલ્દ (આખેરત) પ્રતિ ધ્યાન મગ્ન રહેવું અને દારૂલ ગુરૂર(દુનિયા)થી વેગળું રહેવું અને મૃત્યુ આવતાં પહેલાં તેના માટે તૈયાર રહેવું.

નફસ જ્યારે ખબીષ બની જાય છે ત્યારે તેની સાથે સત્યના સ્વીકાર વચ્ચેનું અંતર ઘણુ વધી જાય છે અને અલ્લાહનું ઝિકર સાંભળવાથી તેની સખ્તાઇ અને મેલ વધે છે. જેવી રીતે કે સૂર્યની ગરમીથી મીણ ઓળગે છે

وَمَنْ يُّضْلِلِ اللّٰهُ فَمَا لَهٗ مِنْ هَادٍ ﴿٢٣﴾ اَفَمَنْ يَّتَّقِيْ بِوَجْهِهٖ
سُوْٓءَ الْعَذَابِ يَوْمَ الْقِيٰمَةِ ؕ وَقِيْلَ لِلظّٰلِمِيْنَ ذُوْقُوْا
مَا كُنْتُمْ تَكْسِبُوْنَ ﴿٢٤﴾ كَذَّبَ الَّذِيْنَ مِنْ قَبْلِهِمْ فَاَتٰىهُمُ
الْعَذَابُ مِنْ حَيْثُ لَا يَشْعُرُوْنَ ﴿٢٥﴾ فَاَذَاقَهُمُ اللّٰهُ الْخِزْيَ
فِي الْحَيٰوةِ الدُّنْيَا ۚ وَلَعَذَابُ الْاٰخِرَةِ اَكْبَرُ ۘ لَوْ كَانُوْا
يَعْلَمُوْنَ ﴿٢٦﴾ وَلَقَدْ ضَرَبْنَا لِلنَّاسِ فِيْ هٰذَا الْقُرْاٰنِ مِنْ
كُلِّ مَثَلٍ لَّعَلَّهُمْ يَتَذَكَّرُوْنَ ﴿٢٧﴾ قُرْاٰنًا عَرَبِيًّا غَيْرَ ذِيْ عِوَجٍ
لَّعَلَّهُمْ يَتَّقُوْنَ ﴿٢٨﴾ ضَرَبَ اللّٰهُ مَثَلًا رَّجُلًا فِيْهِ شُرَكَآءُ
مُتَشٰكِسُوْنَ وَرَجُلًا سَلَمًا لِّرَجُلٍ ؕ هَلْ يَسْتَوِيٰنِ مَثَلًا ؕ
اَلْحَمْدُ لِلّٰهِ ۚ بَلْ اَكْثَرُهُمْ لَا يَعْلَمُوْنَ ﴿٢٩﴾ اِنَّكَ مَيِّتٌ وَّاِنَّهُمْ
مَّيِّتُوْنَ ﴿٣٠﴾ ثُمَّ اِنَّكُمْ يَوْمَ الْقِيٰمَةِ عِنْدَ رَبِّكُمْ تَخْتَصِمُوْنَ ﴿٣١﴾

**તેને કોઇ માર્ગ દેખાડનાર નથી (૨૩) તો શું કયામતના દિવસે જેને મહાન અઝાબથી (બચવા) પોતાના ચહેરા સિવાય[૪૦૮] (બીજી કશી) ઢાલ નહિ મળે તે નજાતવાળા ની જેવો થઇ જશે ?[૪૦૯] અને જાલિમોને કહેવાશે ; પોતાની કમાણી ચાખો[૪૧૦] (૨૪) એમના આગલાઓએ જૂઠાડયું[૪૧૧] તો તેમને (ત્યાંથી) અઝાબ લાધ્યો જ્યાંથી તેમને ખબર હતી નહિ[૪૧૨] (૨૫) અને અલ્લાહે તેમને દુનિયાના જીવનમાં અપમાનનો અઝાબ ચખાડયો[૪૧૩]. અને બેશક ! આખેરતનો અઝાબ બધાથી મોટો. જો તેઓ જાણતે તો કેવું સારૂં થાત ![૪૧૪] (૨૬) અને બેશક ! અમે લોકો માટે આ કુરઆનમાં દરેક પ્રકારનું દ્રષ્ટાંત વર્ણવ્યું કે કોઇ રીતે તેમનું ધ્યાન દોરાય[૪૧૫] (૨૭) અરબી ભાષાનું કુરઆન[૪૧૬] જેમાં જરા પણ વાંક નથી[૪૧૭] કે ક્યાંક તેઓ ડરે[૪૧૮] (૨૮) અલ્લાહ એક દ્રષ્ટાંત વર્ણવે છે[૪૧૯] ; એક ગુલામમાં કેટલાએ તુમાખીવાળા માલિકો ભાગીદાર. અને એક માત્ર એક જ માલિકનો, શું એ બન્નેની હાલત એક સરખી છે ?[૪૨૦] બધી ખૂબીઓ અલ્લાહને[૪૨૧]. બલ્કે તેમના વધુ પડતા જાણતા નથી[૪૨૨] (૨૯) બેશક ! તમારે ઇન્તેકાલ કરવાનો છે અને તેમને પણ મરવાનુ છે[૪૨૩] (૩૦) પછી તમે કયામતના દિવસે પોતાના રબ સમક્ષ ઝગડશો[૪૨૪] (૩૧)**

પણ મીઠું સખત બને છે એવી જ રીતે અલ્લાહના ઝિક્રથી મુઅમિનોનાં હૃદયો પીગળે છે પણ કાફિરોનાં દિલો વધારે સખત બને છે.

**ફાયદો :-** આ આયતથી તે લોકોએ બોધ ગ્રહણ કરવો જોઇએ જેમણે અલ્લાહના ઝિકરને રોકી દેવાની પોતાની આદત બનાવી લીધી છે, તેઓ સૂફી લોકોના ઝિકરને પણ મના કરે છે અને નમાઝો પછી અલ્લાહનું ઝિકર કરનારાઓને પણ રોકે છે તેમજ ઇસાલે સવાબ માટે કુરઆને કરીમ અને કલ્મા શરીફ પઢનારાઓને પણ બિદઅતી કહે છે અને આવી ઝિકરની મહેફિલોથી સખ્ત રીતે ગભરાય છે અને ભાગે છે. અલ્લાહ તેમને હિદાયત આપે.

૪૦૩. કુરઆન શરીફ કે જે શૈલીમાં એટલું શુધ્ધ છે કે બીજુ કોઇ કલામ તેની તોલે આવી શક્તું જ નથી અને વર્ણન ખૂબ જ મનોહર અને છતાં તે ન તો કાવ્ય છે ન શાયરી, નોખા અંદાઝનું જ છે. અને અર્થમાં એટલા ઉચ્ચ મરતબાનું કે બધા જ ઇલ્મોનું એકત્રીકરણ કરનારા અને અલ્લાહની ઓળખ જેવી મહાન નેઅમત પ્રતિ માર્ગદર્શન આપનાર.

૪૦૪. રસ અને ખૂબીમાં.

૪૦૫. કે એમાં વાયદા સાથે વઇદ અને આદેશ સાથે મનાઇ અને (આગલાઓની) ખબરો સાથે હુક્મો પણ છે.

૪૦૬. હઝરત કતાદા રદીયલ્લાહુ તઆલા અન્હૂએ ફરમાવ્યું છે કે આ ગુણ અવલિયા અલ્લાહનો છે કે અલ્લાહના ઝિકરથી તેમનાં શરીરો કંપી ઉઠે છે, વાળ ઉભા થઇ જાય છે અને હૃદયોને આરામ મળે છે.

૪૦૭. હઝરત કતાદા રદિયલ્લાહુ તઆલા અન્હૂએ ફર્માવ્યું કે આ અવલિયા અલ્લાહની સિફત છે કે ઝિક્રે ઇલાહીથી તેમના વાળો ઉભા થાય, શરીરો કાંપે અને દિલ ચૈન પામે છે.

૪૦૮. તે કાફિર છે જેના હાથ બોચી સાથે બાંધી દેવામાં આવશે અને તેની ગરદનમાં ગંધકનો એક સળગતો પહાડ પડેલો હશે જે તેના ચહેરાને શેકી નાખતો હશે આવી પરિસ્થિતિમાં ઊંધો કરીને દોઝખમાં નાખી દેવામાં આવશે.

૪૦૯. અર્થાત તે મુઅમિનની જેમ જે અઝાબથી જળવાએલો અને રક્ષિત હશે.

૪૧૦. અર્થાત જે બંડખોરી અને કુફ્ર દુનિયામાં અપનાવ્યું હતું તો હવે તેનો વબાલ અને અઝાબ ભોગવો.

૪૧૧. અર્થાત મક્કાના કાફિરોથી પહેલાં (બીજા આગલા) કાફિરોએ રસૂલોને જૂઠાવ્યા.

૪૧૨. અઝાબ આવવાની ગુંજાઇશ પણ ન હતી અને ગફલતમાં પડેલા હતા.

૪૧૩. કોઇ કોમની શિકલો વિકૃત કરી નાખી તો કોઇને ધરતીમાં ધસાવી દીધા.

૪૧૪. ઇમાન લઇ આવત અને જૂઠાડત નહિ.

૪૧૫. અને તેઓ નસીહત સ્વીકારે.

૪૧૬. એવી શુધ્ધ શૈલીવાળુ જેણે શુધ્ધ ભાષાના નિષ્ણાતોને લાજવાબ કરી દીધા.

૪૧૭. અર્થાત વિરોધાભાસ અને ઇખ્તેલાફથી પર.

૪૧૮. અને કુફ્ર તેમજ જૂઠાડવાથી અટકે.

૪૧૯. મુશરિક અને મુવહહિદનું.

૪૨૦. અર્થાત આખા એક ટોળાનો સહિયારો ગુલામ ખૂબ પરેશાન થાય છે કે દરેક માલિક તેને પોતાની તરફ ખેંચતો હોય છે અને પોતાનું કામ કરવાનું કહેતો હોય છે અને તે હેરાન થાય છે કે કોનો હુક્મ બજાવી લાવે અને કઇ રીતે બધા માલિકોને ખુશ રાખે. અને તે ગુલામને જાતે જ્યારે કોઇ વસ્તુની આવશ્યક્તા ઉભી થાય ત્યારે ક્યા માલિકને કહે ? એનાથી વિરૂધ્ધ તે ગુલામ જેનો એક જ માલિક હોય તો તે તેની સેવા કરીને તેને ખુશ રાખી શકે છે અને જ્યારે કોઇ વસ્તુની જરૂર પડે ત્યારે તેને જ કહી પણ શકે છે તેને કોઇ જાતની પરેશાની નડતરરૂપ બની શકે નહિ. એ હાલત મુઅમિનની છે જે એક જ માલિકનો બન્દો છે તેની જ ઇબાદત કરે છે. અને મુશરિક આખા એક ટોળાના ગુલામ જેવો છે કારણ કે તેણે ઘણા બધા મઅબૂદ બનાવી લીધા છે.

૪૨૧. જે એકલો છે તેના સિવાય કોઇ મઅબૂદ નથી.

૪૨૨. કે તેના સિવાય કોઇ ઇબાદતને પાત્ર નથી.

૪૨૩. આમાં કાફિરોને રદિયો અપાયો છે જેઓ સય્યિદે આલમ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમની વફાતની રાહ જોતા હતા. તેમને કહેવામાં આવ્યું કે તમે પોતે જ મરવાના છો પછી બીજાના મોતની રાહ જોવી મૂર્ખતા છે. કાફિરો તો જિંન્દગીમાં પણ મરેલા જ છે, અને નબીનું મૃત્યુ તો એક પળ માટે હોય છે પછી તેમને જીવન પરત કરવામાં આવે છે, એ બાબત ઘણી બધી શરઇ દલીલો સ્થાપિત થએલી છે.

૪૨૪. નબીઓ ઉમ્મત પર સાબિત કરી આપશો કે તેમણે રિસાલતનો પૈગામ પહોંચાડી દીધો હતો અને દીનનું આમંત્રણ આપવામાં પુરેપુરા પ્રયત્નો કર્યા હતા, અને કાફિરો વ્યર્થ બહાનાંઓ કાઢશે. અને એવું પણ કહેવામાં આવ્યું છે કે નિર્દેશ આમ ઝગડા તરફ છે કે લોકો દુનિયાના હક્કો બાબત ઝગડશે અને દરેક પોતાનો હક્ક માંગશે.